Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૪૪ગ
૧૯,૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation

urukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या······

पञ्जिका संख्या······

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન-૮

ઇતિહાસકથાઓ : ૨

ગ્રીસ

ખંડ પહેલો

CHECKED 1973
Initial

દર્શક

મુખ્ય વિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
પો. બો. નં. ૬૭૮ : મુંબઈ૧ પો. બો. નં ૭૩ : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી આવૃત્તિ
સપ્ટેમ્બર : ૧૯૪૭

પ્રાપ્તિસ્થાનો
ભારતી સાહિત્ય સંઘ લિ. આમદક્ષિણામૂર્તિ પ્રકાશન
મુંબઈ : અમદાવાદ આંબલા - સોનગઢ થઈને

મૂલ્ય :
૧-૪-૦

પ્રકાશક
નાનાભાઈ કા. ભટ્ટ
આમદક્ષિણા મૂર્તિ
આંબલા : સોનગઢ
(B. S. Rly.)

મુદ્રક
ગોવીંદલાલ મોહનલાલ જાની
શ્રી કીશ્ના પ્રિન્ટરી, રતનપોળ
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસકથાઓ : ૨

ગ્રીસ

ખંડ પહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

વાર્તા ૧ લી–લાઇકરગસ ને સ્પાર્ટા	૧
વાર્તા ૨ જી ડાહ્યો સોલોન	૧૬
,, ૩ જી સોલોનનું અધુરું મૂકેલું પુરું થાય છે	૩૦
,, ૪ થી વાદળ ઘેરાય છે	૩૯
,, ૫ મી બે ગોઠિયા	૫૧
,, ૬ ઠ્ઠી અમરધામ થર્મોપોલી	૬૨
,, ૭ મી શૂરભૂમિ સેલેમીસ ને સ્લેટીઆ	૭૩
,, ૮ મી નગરવિધાતા	૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિય ગુણવંતભાઇને

સ

સ્ને

હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

આ ઇતિહાસકથાઓની ઉત્પત્તિ લોકશાળાના ઉપલા વર્ગો પાસે ઇતિહાસ રજુ કરવાના પ્રયાસમાંથી થઇ છે કહેતી વખતે જે વસ્તુ લક્ષમાં રાખેલી તે જ લખતી વખતે પણ નજર સામે રાખી છે કે ઇતિહાસે પ્રેરણા ને પ્રકાશ બંન્ને આપવાં જોઇએ પ્રકાશહીન પ્રેરણા ઝનૂનીને આવેગ આપે છે. પણ એમાંથી ધ્યેયસિદ્ધિ થતી નથી. ને છેવટ વિષાદ આવે છે. તેમજ એકલો પ્રકાશ મળે ને કાર્યની પ્રેરણા ઊભી ન થાય, રગેરગમાં ગરમી આવે તેવું ન થાય તો તે પણ અપૂરતું છે. વર્ગમાં વિદ્યાર્થીઓની વય-મર્યાદાનો ખ્યાલ રાખીને જેટલું મૂકી શકાય તેટલું મૂકેલું. અહીં પણ તેને જ અનુસર્યો છું.

આવી ફ્રાંસ, અમેરિકા,–ઇંગ્લાંડ,–ભારતવર્ષ ને અન્ય દેશોની ઇતિહાસકથાઓ પાછળ ચાલી આવે છે. એક સંકોચ પ્રકાશન કરતી વખતે રહે છે; ને તે એ કે શરૂઆત આપણા જ દેશથી શા સારુ ન કરવી ? વાચકને એટલું કહું કે એની સામગ્રી એકઠી કરી જ રહ્યો છું–અલબત્ત એ સરલ ને સુલભ નથી; છતાં યે મરાઠા ને શીખ-યુગની ઇતિહાસકથાઓ વહેલી તકે આપવાની ધારણા છે.

ગ્રામદક્ષિણામૂર્તિ
આંબલા

દર્શક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિય ગુણવંતભાઇને

સ

સ્ને

હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસકથાઓ : ૨

ગ્રીસ

ખંડ પહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

આ ઇતિહાસકથાઓની ઉત્પત્તિ લોકશાળાના ઉપલા વર્ગો પાસે ઇતિહાસ રજુ કરવાના પ્રયાસમાંથી થઇ છે કહેતી વખતે જે વસ્તુ લક્ષમાં રાખેલી તે જ લખતી વખતે પણ નજર સામે રાખી છે કે ઇતિહાસે પ્રેરણા ને પ્રકાશ બંન્ને આપવાં જોઇએ. પ્રકાશહીન પ્રેરણા જાનફેસાનીનો આવેગ આપે છે. પણ એમાંથી ધ્યેયસિદ્ધિ થતી નથી. ને છેવટ વિષાદ આવે છે. તેમજ એકલો પ્રકાશ મળે ને કાર્યની પ્રેરણા ઊભી ન થાય, રગેરગમાં ગરમી આવે તેવું ન થાય તો તે પણ અપૂરતું છે. વર્ગમાં વિદ્યાર્થીઓની વય-મર્યાદાનો ખ્યાલ રાખીને જેટલું મૂકી શકાય તેટલું મૂકેલું. અહીં પણ તેને જ અનુસર્યો છું.

આવી ફ્રાંસ, અમેરિકા,–ઈંગ્લાંડ,–ભારતવર્ષ ને અન્ય દેશોની ઇતિહાસકથાઓ પાછળ ચાલી આવે છે. એક સંકોચ પ્રકાશન કરતી વખતે રહે છે; ને તે એ કે શરૂઆત આપણા જ દેશથી શા સારુ ન કરવી ? વાચકને એટલું કહું કે એની સામગ્રી એકઠી કરી જ રહ્યો છું–અલબત્ત એ સરલ ને સુલભ નથી; છતાં યે મરાઠા ને શીખ-યુગની ઇતિહાસકથાઓ વહેલી તકે આપવાની ધારણા છે.

શ્રીમદ્દક્ષિણામૂર્તિ
આંબલા

દર્શક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

વાર્તા	૧ લી–	લાઇકરગસ ને સ્પાર્ટા	૧
વાર્તા	૨ જી	ડાહ્યો સોલોન	૧૬
,,	૩ જી	સોલોનનું અધુરું મૂકેલું પુરું થાય છે	૩૦
,,	૪ થી	વાદળ ઘેરાય છે	૩૯
,,	૫ મી	બે ગોઠિયા	૫૧
,,	૬ ઠ્ઠી	અમરધામ થર્મોપોલી	૬૨
,,	૭ મી	શૂરભૂમિ સેલેમીસ ને રલેટીઆ	૭૩
,,	૮ મી	નગરવિધાતા	૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

લાઇકિરગસ ને સ્પાર્ટા

કિલ્લામાંના માણસો ઘેરાઈ ગયાં હતાં. હિંમત તો તો નહોતી ખૂટી પણ પીવાનું પાણી ખૂટ્યું હતું. ને ઘેરો એવો સજ્જડ હતો કે ચકલું પણ છટકી શકે તેમ નહોતું. છેવટે સેનાનાયકે શરણે થવાની સલાહ આપી. રાંગ પર જઈ એણે દુશ્મનોને કહ્યું:

"અમે એક શરતે તમારી તાબેદારી સ્વીકારવા તૈયાર છીએ. ઘણા દિવસથી અમને ટીપુંય પાણી નથી મળ્યું–અને અમે તરસે મરીએ છીએ. તમારી છાવણી પાસેના ઝરામાંથી અમે બધા પાણી પીએ, પછી અમારો મુલક તમારો."

શરત સ્વીકારાઈ પણ સેનાનાયકે કિલ્લાની બહાર નીકળતાં પહેલાં બધા સૈનિકોને એકઠા કર્યા ને કોઈ પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીધા વિના ચલાવવા તૈયાર છે ? તેમ પૂછ્યું. પણ તરફડી તરફડીને પ્રાણ કાઢવાની કોઈની તૈયારી નહોતી, એટલે બધા દોડતા ઝરા તરફ ગયા. તરસ્યા ઊંટની જેમ પાણી પીધું. માત્ર નાયક જ એક બાજુ ઊભો રહ્યો. ગળું તો રણની રેતીની જેવું સૂકું હતું પણ એણે પાણી હોઠે અડાડવાની ના પાડી. ફક્ત માથે પાણી છાંટી પોતાના સૈનિકોને કિલ્લા તરફ કૂચ કરવાનો હુકમ કર્યો. બાઘા જેમ જોઈ રહેલ દુશ્મનોને કહ્યું.

"આ મુલક હજુ અમારો છે-તમારો નહિ ગણાય. અમે બધાએ પાણી નથી પીધું. મારા હોઠે પાણીનું ટીપુંય નથી અડ્યું."

મુલક હતો સ્પાર્ટા ને આગેવાન હતો સ્પાર્ટાનો રાજા સાઉલ.

સ્પાર્ટા ગ્રીસની દક્ષિણે આવેલો છે. ભૂમધ્ય સમુદ્રનાં બિલોરી પાણી ઉપર પહાડી સ્પાર્ટાના ખડકો સૈકાઓથી ઝઝૂમી રહ્યા છે. જાણે દરિયાની એને તમા નથી.

લાઈકરગસ આ સ્પાર્ટાના એક રાજાનો ભાઈ હતો. ભાઈએ મરતી વખતે એને રાજ્યનો વારસદાર નીમ્યો હતો. પણ એ જાણતો હતો કે ઘેટાં-બકરાં અરે સિંહ-વાઘ પર રાજ્ય ચલાવવું સહેલું છે પણ આદમજાત પર રાજ્ય ચલાવવું બહુ અઘરું છે, એટલે રાજ્ય ચલાવવાના કીમિયા પૂર્વના દેશો પાસેથી શીખવા જવાની એ ગણતરી કરતો હતો. ઉમરાવો એનો રીતસરનો રાજ્યાભિષેક કરવા તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. એવામાં જ એને ખબર મળ્યા કે એની ભાભી ગર્ભવતી છે. એણે ભાભીને જઈને કહ્યું.

"તમે ચિંતા ન કરશો. હું આજથી રાજ્યનો વારસદાર નથી પણ રખેવાળ છું. ને તમે રાજમાતા છો."

પણ રાણીનું મન મેલું હતું. એને તો રાજરાણી પણ થવું હતું. એટલે કહ્યું કે: "આભ ને ગાભની કોને ખબર છે—કે કેવું નીવડશે ? તમે જ રાજા થાઓ."

"ને એના હક્કનું શું ?"

"એનું હું પતાવી દઈશ. શું આવશે તે કોને ખબર છે. તમે ને હું બે એકમત થઈએ પછી ઘણુાય મારગ નીકળી રહેશે."

લાઈકરગસ ચમકી ગયો. આ બાઈ બાળહત્યાની વાત કરતી હતી ! ને તે પછી પોતાની જોડે પુનર્લગ્ન કરવાની. પુનર્લગ્નની સ્પાર્ટામાં શરમ ન હતી પણ દુષ્ટતાની તો લાઈકરગસને ઘૃણા હતી જ, ને તે પણ પોતીકા સંતાન જોડે જ; પણ હા–ના કરવાનો આ સમય નહોતો; બાઈ હતી પૂરી શેતાન. એણે કહ્યું.

"એ બધું થઈ રહેશે. તમે ઉતાવળાં ન થતાં. નકામી દવા લેશો તો તમે જ ક્યાંક શરીર ખોઈ બેસશો. બાળકને આવવા દો. હું જ એનું કાટલું કાઢીશ."

બાળક જન્મવાનો વખત થયો એટલે એણે તરત જ બે ઉમરાવોને પ્રસૂતિગૃહને બારણે ઊભા રખાવ્યા. અંદર પણ પોતાની જ દાયણને રાખી ને પોતે ઉમરાવોની સભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરીને મહેલના ચોકમાં બેઠો. બાળક આવે કે તરત જ એને પોતાની પાસે લાવવાનો હુકમ હતો. ઉમરાવો બાળકને લઈ આવ્યા. છોકરો હતો. લાઈકરગસે એને ઉમરાવોને બતાવ્યો. –"આ રહ્યો આપણો રાજા. આજે આનંદનો દિવસ છે માટે એનું નામ પણ આનંદ રાખશું. ને છોકરાની સંભાળ માટે ઉમરાવોની જ એક મંડળીને જવાબદાર ઠરાવી. ને પોતે રખેવાળ તરીકે રાજ્ય સંભાળ્યું."

કુંવર મોટો થતો ગયો પણ રાણીના વૈરનો ભડકો પણ મોટો થતો ચાલ્યો, એણે પોતાના દીકરાના કાન ભંભેર્યા. ચારેબાજુ અફવા ફેલાવી કે લાઈકરગસ રાજ્ય પચાવી પાડવા માગે છે–ઉમરાવોમાં બે પક્ષો પડી ગયા. ને આંતરવિગ્રહની ધમકી અપાવા માંડી. એક દિવસે લાઈકરગસે બધાંને એકઠા કર્યા ને કહ્યું, 'આ રહ્યો રાજ્યના રખેવાળનો હોદ્દો. એને માટે થઈને ઝઘડો શા સારુ ? મારે તો ઘણા વખતથી દેશદેશાવરમાં કેમ રાજ્ય ચાલે છે તે જોવા જવું જ હતું. કારણ કે ઘેટાંબકરાં અને વાઘ–વરુ પર રાજ્ય ચલાવવું તે સહેલું છે પણ આદમજાત પર રાજ્ય ચલાવવું તે ખાંડાની ધાર પર ચાલવા સમું છે.' રાણી તરફ જોઈને કહે, "મારા ભત્રીજાને પરણાવજો. ને એને ઘેર વારસા અવતરે ત્યારે મને ખબર કહેવરાવજો. ત્યારે હું સ્પાર્ટામાં પાછો ફરીશ."

કહી એ સફરે નીકળી પડ્યો. ક્રીટ–એશિયામાઈનર –ઈજીપ્ત ને કેટલાકના કહેવા મુજબ હિંદુસ્તાનના સીમાડા સુધી એણે સફર મારી. દરેક ઠેકાણે વિદ્વાનો–રાજનીતિજ્ઞોને મળતો ને કઈ રાજ્યપદ્ધતિ સારી તેની ચર્ચા કરતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ વર્ષો વીતી ગયાં. પણ અહીં સ્પાર્ટામાં એની ખોટ દેખાતી હતી. રાજા તો સ્પાર્ટામાં બે હતા, પણ રાજવીપણું એકેમાં નહોતું. લોકો અસંતુષ્ટ થતા જતા હતા; સૌથી તો ખોટું એ કે સ્પાર્ટનોમાં ગરીબ–તવંગરના ભેદ વધતા જતા હતા. બધાયે ભેગા મળીને લાઈકરગસને બોલાવ્યો.

એણે જે સુધારા કર્યા તેણે સ્પાર્ટાને ઘડયું. તેને જ લીધે એ મશહૂર થયું. આખરે તેને જ લીધે માટીમાં મળ્યું.

સૌથી પહેલાં તો એણે સ્પાર્ટાની જમીનની નવેસરથી જ વહેંચણી કરી. ને સૌને સમાનભાગે એ જમીન વહેંચી આપી. (અલબત ગણોતિયા ને ગુલામો આમાંથી બાદ જ સમજવા) કારણ કે રાજ્યમાં ઘણા કામગરા ને ખપના માણસો પાસે જમીન ન હતી–ને થોડા પાસે જમીન એકઠી થઈ હતી–જે વિલાસ ને વૈભવમાં ડૂબી ગયા હતા. લાઈકરગસે કળે ને બળે એમની પાસેથી નવેસરથી વહેંચણી કરવાની સંમતિ મેળવી–એ કહેતો માણસમાં એક જ ઊંચ-નીચનું માપ હોવું જોઈએ તે ઉમદાકૃત્ય કરવાની આવડત.

આ હેતુ પૂરેપૂરો સિદ્ધ યાય એ માટે એણે એક નવો જ ઉપાય યોજ્યો. એણે આખા સ્પાર્ટામાંથી બધું જ સોનું ને રૂપું ખેંચી લીધું, નાણું પણ લોઢાનું જ દાખલ કર્યું. પરિણામ એ આવ્યું કે સંઘરવાની શકયતા જ ઘટી ગઈ. ૩૦૦ રૂપિયાના સિક્કા ખેંચવા માટે બે બળદની જોડ જોતી; ને મૂકવા માટે એક પટારો રોકાતો. કેટલાક દુર્ગુણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તરત જ અદૃશ્ય થઈ ગયા. એ લોઢાના સિક્કાને કોણ લૂંટે ! કોણુ લાંચ લે ! એ લાંચ છુપાવવી કેમ ?

ત્રીજું પગલું એણે લીધું બધી જ કલા-કારીગરીને રજા આપવાનું. સ્પાર્ટાના મકાનોનાં બારીબારણાં માત્ર કુહાડો ને કરવત વડે જ કરવાતાં હતાં. કારણુ કે લાઈકરગસને મતે આદર્શ જીવન એ સિપાહીનું સાદું ને ખડતલ જીવન હતું. લડાઈ ન હોય ત્યારે શિકાર કરવો એ જ મુખ્ય રસ હતો. એટલે નૃત્ય-ગીત-ચિત્ર-વાદ્ય-શિલ્પ કે સાહિત્ય બધું જ ખડતલ સિપાહીને ઢીલો કરનારાં-લાગણીઓને કોમળ કરી મનને શિથિલ કરનારાં હતાં. લાઈકરગસની કલ્પનામાં એને સ્થાન ન હતું. લડાઈમાં શૂર ચઢે તેટલુ સંગીત ને તાલબદ્ધ રીતે ચાલતાં આવડે તેટલું નૃત્ય-શિક્ષણ બસ હતું. એક જ રાતમાં એણે આ બધી વિદ્યાઓને દેશવટો દઈ દીધો. જોકે એ માટે કાયદો કરવાની પણ એને જરૂર નહોતી. સોનું-રૂપું એણે કાઢયું હતું. કલાઓ એની પછવાડે સ્વેચ્છાથી જ ચાલી ગઈ હોત. કારણુ કે આ લોઢાનું નાણું બીજા રાજ્યોમાં તો ચાલે તેમ હતું નહિ; તેમ જ કલા-કારીગરીની લાંબા કાળની સાધના માટે સાદાઈના સામ્રાજ્યમાં સમયને ઉત્તેજન કોણ આપે ? એટલે સ્પાર્ટાના બંદરોમાં ધીમે ધીમે વહાણો લાંગરતાં બંધ થયા. સ્પાર્ટાના બંદરે કોઈ વ્યાખ્યાતા, કોઈ વૈજ્ઞાનિક, ઝવેરી, સોની, પારેખ, સંગીતજ્ઞ-પગ મૂકતાં જ બંધ થઈ ગયા.

લાઈકરગસને કાંઈ આનો શોક ન હતો. એને તો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું નિરર્થક લાગતું હતું-જેટલું દૂર જાય તેટલું સારું. આ બધી જંજાળ ટળતાં એ તો ઊલટો નિરાંતે પોતાનું સ્વપ્નું સિદ્ધ કરવામાં પડ્યો. એણે ચોથું પગલું લીધું તે સમૂહભોજનનું. બધા જ સ્પાર્ટનોએ એક ટંક સમૂહમાં જમવા આવવાનું ફરજિયાત હતું-રાજા હોય કે રંક; ઓલીવવૃક્ષના છાંયડામાં લાંબા ટેબલો ને પોલીશ કર્યા વગરના બાંકડા નીચે સૌએ એકસરખું જ ભોજન લેવાનું હતું. શ્રીમંતની શ્રીમંતાઈને અહીં પ્રદર્શન કરવાની તક નહોતી-બાળકો ત્યાં વૃદ્ધોને સોંએ રાજ્યનું રાજકારણ ચર્ચાતું સાંભળી તાલીમ લેતા.

દરેક ટેબલ પર નિશ્ચિત ટુકડીઓ બેસતી. ને દર અઠવાડિયે દરેકે નિશ્ચિત સીધું પોતાની મંડળીમાં જમા કરાવવાનું રહેતું. એટલું જ નહિ પણ ઘેરથી જમીને આવવાની પણ છૂટ નહોતી. કોઈ જો ઓછું ખાય તો તરત જ એની હાજરી લેવાતી.

વાતો કરવાની રીત પણ ટૂંકી ને સચોટ હતી. એટલી સચોટ હતી કે કેટલીક તો કહેવતરૂપ થઈ પડી છે. લાઈકરગસને કોઈકે પૂછ્યું કે, "શહેરના રક્ષણ માટે સરસમાં સરસ કિલ્લો કયો કહેવાય ?"

"ઈંટચુનાનાં નહિ, મજબૂત હૈયાવાળા આદમીઓનો."

બીજા એકે એને પૂછ્યું કે: "દુશ્મનોના આક્રમણ સામે સૌથી જરૂરી સાવચેતી કઈ ?"

"સ્વેચ્છાપૂર્વક ગરીબ રહો ને એકબીજાથી ઉપર ચઢવાનો છંદ છોડી દો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પાર્ટનો તલવાર ટૂંકી રાખતા. એકવાર એક સ્પાર્ટનને મહેમાન એથેનીવને કહ્યું: "આ તો રંગભૂમિ પર જાદુગરો ગળી જાય એટલી નાની છે."

"હા છતાં અમારા દુશ્મનોની છાતીએ અમે એનાથી પહોંચી શકીએ છીએ." સ્પાર્ટનનો જવાબ હતો.

સ્પાર્ટામાં સ્ત્રીઓને વારસો મળતો ને બીજી છૂટ પણ લાઈકરગસના કાળમાં અન્ય રાજ્યો કરતાં વધારે હતી. ઘરમાં પણ સ્વાભાવિક રીતે આને લીધે જ એમનું ચલણ વધારે હતું. લિયોનીવાસની સ્ત્રીને કોઈકે કહ્યુ: "દુનિયામાં ફક્ત તમે સ્પાર્ટાની સ્ત્રીયો જ પુરુષો પર શાસન ચલાવી શકો છો."

"હા અને અમે જ ફક્ત પુરુષોને જન્મ આપીએ છીએ."

બાળકો આવા વાર્તાલાપો સાંભળતા ને તલવારની જેટલી જ સફાઈથી વાણીને કેમ વાપરવી તે શીખતા. લાઈકરગસ કહેતો કે, "જેમ અતિશય વિષયસેવનથી માણુસ નામર્દ બની જાય છે તેમ જ અતિશય બોલનાર માણુસની વાણી ફિક્કી ને બળહીન બની જાય છે."

લાઈકરગસ માત્ર સેનાપતિ કે ધારાશાસ્ત્રી નહોતો. એની નજર એથી ઘણી આગળ જતી હતી. એ સમજતો હતો કે માત્ર ધારા બદલવાથી બધું બદલાઈ જવાનો સંભવ ઓછો છે. બહુ તો એના જીવતાં સુધી ઉમરાવો ને અન્ય સ્પાર્ટનો એની આમન્યા જાળવશે. પણ જો આને કાયમી કરવું હોય તો એનો ઉપાય તો કેળવણી જ હતો. મોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરે કાયદાની મદદથી માનસ ફેરવવું એ ગારાની જૂની દીવાલ પર સિમેન્ટનું લીંપણ કરવા જેવું છે. પહેલા વરસાદે એમાં તરડો પડશે ને પોપડા ઊખડી જશે; એટલે એણે નાનપણથી જ બાળકોનો હવાલો રાજ્યને સોંપી દીધો.

સ્પાર્ટામાં બાળક એ માબાપનું હતું તે કરતાં વિશેષે એ રાજ્યનું હતું. એના જીવનથી એ રાજ્યને શોભાવશે કે કલંક લગાડશે તે જ એક કસોટી હતી.

એટલે બાળક જન્મતાં જ દાયણ એણે દારૂમાં જ ઝબોળતી. જેથી નબળાં ફેફસાંવાળા તો ખલાસ થઈ જતા. લાઈકરગસના રાજ્યમાં નબળાને જીવવાનો હક્ક નહોતો, કારણ કે એ દુનિયા જ એવી હતી !

તે પછી બાળકને રાજ્યના ન્યાયાધીશો તપાસતા ને નબળું લાગે તો ટેગેટસની ટેકરી પરથી ખીણમાં ફગાવી દેતા. તે પછી સાત વર્ષ સુધી બાળક માબાપ પાસે રહેતું. પણ ત્યાં પણ એ એશઆરામી, સ્વચ્છંદી ન થઈ જાય તે જોવાતું.

સાત વર્ષની ઉંમરે બાળકનો કબજો રાજ્ય લઈ લેતું. ને સૌથી પહેલું કામ મંદિરમાં લઈ જઈને લોહીલોહાણ થાય ત્યાં સુધી ફટકા મારવાનું હતું. એમાં કોઈક મરી પણ જતા. એમાંથી પસાર થનારને છાવણી જેવી બરાકમાં મૂકતા. ત્યાં એ બધા કસરત કવાયત શસ્ત્રવિદ્યા–ઘોડદોડ વગેરે શીખતા. અક્ષરજ્ઞાન સહી કરવા જેટલું જ અપાતું. સંગીત પણ કવાયતમાં ખપ લાગે તેટલું જ. સૂવા માટે પથારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન અપાતી, ખાવાનું પણ ઓછું અપાતું. જેથી બાકીનો ખાડો પૂરવા એ પોતાની બુદ્ધિ લડાવી શકે. આંખો સતેજ થાય માટે રાત્રે દીવા વાપરવાની બંધી રહેતી. ખૂટતી વસ્તુ ચોરી લાવવાને શિક્ષક ઉત્તેજન આપતો. પણ ચોરી કરતાં જો પકડાય તો સજા થતી, ને સજા જો મૂંગા મૂંગા, ને ગૌરવભેર ન સહન કરે તો બીજી સજા થતી. સ્પાર્ટને ક્યાંય નમતું આપવાનું કે હારવાનું તો હતું જ નહિ.

વીશ વર્ષનો થાય ત્યાં સુધી સ્પાર્ટન જુવાન આ રીતે ઊછરતો. વીશ વર્ષ પછી એનાં લગ્ન થતાં ને એનો વિધિ પોતાના મિત્રોની મદદથી કન્યાને ઉપાડી જવાનો હતો. તે પછી રીતસરની વિધિ થતી. પણ લગ્ન થયાં પછી પણ પેલા જુવાને રહેવું તો પડતું લશ્કરી છાવણીમાં જ. એની સ્ત્રીને એ ચોરીછૂપીથી રાત્રે જ મળી શકતો. ૩૦ વર્ષની ઉંમર સુધી આમ ચાલતું. ૩૦મે વર્ષે એ સ્વતંત્ર ઘરસંસાર માંડી શકતો. દરમ્યાનમાં કેટલાક બાળકો પણ થતા ને કેટલાક તો પોતાની સ્ત્રીને જોયે ઓળખી પણ ન શકતા, કારણ કે મળવાનું તો અંધારામાં જ થતું.

લગ્ન વિષે પણ લાઈકરગસના વિચારો ચાલુ રિવાજથી જુદા જ હતા. એક રીતે કહીએ તો અત્યારના નવમતવાદીઓ જેવા હતા. લાઈકરગસના ધોરણ મુજબ સારાં બાળકો થાય તે જ લગ્નનો એક આશય હોવાથી યોગ્ય શરીરવાળાં સ્ત્રી-પુરુષોથી સારા જ બાળકો જન્મે તે આવશ્યક હતું. એથી એ કોઈ નબળા માણસને જોતો તો એની સ્ત્રીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ બળવાન પુરુષથી સંતાન ઉત્પન્ન કરાવવાની સલાહ આપતો. ને પેલા જો આનાકાની કરે કે અપમાન લગાડે તો કહેતો કે "માણસ વિચિત્ર ખ્યાલોવાળું જાનવર છે. પોતાને સારો વછેરો કે સારું કુરકુરિયું મળે તે ખાતર પોતાની ઘોડી કે કૂતરીને પૈસા આપીને સારા ઘોડા કે કૂતરા પાસે ફેળવાવે છે પણ એને (સ્રીને) પોતાના ઓછાયામાં જ પૂરી રાખે છે—પછી ભલેને છોકરાંઓ નબળાં ને રોગીયલ અવતરે."

એટલે લાઈકરગસના કાળમાં સંતાન ખાતર નિયોગ પદ્ધતિનો ઉપયોગ કરવો તે સહજ હતું.

ગૃહસ્થજીવન શરૂ થયા પછી પણ કોઈ પણ સ્પાર્ટન ગમે તેમ જીવી શકે તેવું તો હતું જ નહિ. શહેરે કાયમ એક છાવણીની જેમ જ જીવવાનું હતું. એટલે જન્મે ત્યાંથી તે મરે ત્યાં સુધીનો ક્રમ લાઈકરગસે એના સ્પાર્ટન શહેરીઓ માટે ગોઠવી રાખ્યો હતો. ૬૦ વર્ષની ઉંમર સુધી તો કોઈ રોજની લશ્કરી કવાયતોમાંથી છૂટી શકતો નહોતો. ૬૦ વર્ષ પછી એ રાજ્યવહીવટનો બોજો ઉઠાવતો. આ પોસાતું કારણ કે વેપાર કે ઉદ્યોગમાં રોકાવાની લાઈકરગસે બંધી કરી હતી. હેલટસ—ગણોતિયા—અર્ધગુલામો ખેતરો ખેડતા ને પોતાના આ ધણિયામા (સ્પાર્ટનો) ને પોષતા. આ વાત ન ભુલાવી જોઈએ. એનું સ્વપ્ન તો હતું; દરેક સ્પાર્ટન પોતાને માટે નહિ પણ સ્પાર્ટાને માટે જ જન્મે ને જીવે. એશઆરામી થઈને પોતાનો ને સ્પાર્ટાનો નાશ ન નોતરે. સ્પાર્ટાએ એ ઝીલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવ્યું હતું તેમ પણ દેખાય છે. કારણ કે સ્પાર્ટાની સ્ત્રીઓ એના પતિ કે બેટાને સંગ્રામમાં જતી વખતે ઢાલ બંધાવી કહેતી કે "કાં તો ઢાલ સાથે આવજો ને કાં ઢાલ ઉપર આવજો." એટલે કે કાં તો વિજયી થંજો ને કાં તો રણશય્યામાં સૂજો. આખું ગ્રીસ એ જાણતું કે ડુંગરા ખસે તે સંભવિત છે પણ સ્પાર્ટનો રણમેદાન પરથી હઠે તે કલ્પના અસંભવિત છે. ઈરાનના શહેનશાહ જોડે વાટાઘાટો કરવા ગયેલ એક સ્પાર્ટન સેનાનાયકને ઈરાનના શાહે પૂછયું કે "તમે ખાનગી ગૃહસ્થના દરજ્જે આવ્યા છો કે એલચી તરીકે ?"

"જો ફત્તેહમંદ થઈએ તો એલચી તરીકે ને નાસીપાસ થઈએ તો ખાનગી ગૃહસ્થ તરીકે."

એક સ્પાર્ટન સ્ત્રી લડાઈમાં ગયેલ પોતાનો બ્રેસીડસ દીકરો કેમ લડયો એમ એક માણસને પૂછતી હતી. પેલો માણસ જાણે એ છોકરો અનન્ય હોય તેવાં વખાણ કરવા માંડયો. ત્યારે આ સ્ત્રીએ કહ્યું, "એવું ન કહો મારો બ્રેસીડસ ભલો ને બહાદુર છોકરો હતો, પણ સ્પાર્ટામાં તો એને વટાવે તેવા બીજા ઘણા છે."

પોતાના સામાન્ય વિચારમાં પણ સ્પાર્ટાનું હિત ને ગૌરવ ત્યાંના નગરજનોમાં કેમ વણાઈ ગયું હતું તેના આ નમૂના છે.

લાઇકરગસે વૃદ્ધાવસ્થામાં જ્યારે આ જોયું-ત્યારે એને થયું કે હવે મારું કામ પૂરું થયું છે-એણે ધાર્યું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું જ પરિણામ આવ્યું હતું. લોકો સાદા ને ખડતલ થયા હતા. ભયહીન ને સ્પાર્ટાના ગૌરવને જ લક્ષમાં રાખીને જીવતા હતા પણ એ કાયમ આને વળગી રહેશે ? એણે એક દિવસે બધા સ્પાર્ટનોને ભેગા કર્યા ને કહ્યું કે, " અત્યારે અહીં સુખ અને સંતોષ બંને ભરપૂર છે. પણ હજુ એક અગત્યની વસ્તુ ખૂટે છે. ને તે માટે હું ડેલ્ફીની દેવદર્શીની પાસે જવા ધારું છું. જેથી દેવોની ઇચ્છા હું જાણી શકું. પણ હું અહીં પાછો આવું ત્યાં સુધી મેં જે કાયદાકાનૂનો કર્યા છે તેમાં તમે ફેરફાર નહિ કરો તેવું વચન આપો."

બધા કહે, " વચન આપ્યું સમજો. "

પછી લાઇકરગસ એના અંતરના સર્જન સમું સ્પાર્ટાને છેલ્લી વાર જોઈને ડેલ્ફી તરફ ચાલી નીકળ્યો. લોકોએ એ પાછો ન આવે ત્યાં સુધી કાયદાકાનૂનો જેમના તેમ રાખવાનું વચન આપ્યું હતું. ને એ હવે જાણી જોઈને જન્મભૂમિમાં આવવાનો જ ન હતો; કારણ કે એના કાનૂનોથી ઘડાયલું સ્પાર્ટા સદાય ખડું રહે તેવી એની ઇચ્છા હતી.

ડેલ્ફી તે કાળે બધા ગ્રીકોનું તીર્થધામ હતું. ત્યાં દર વર્ષે મેળો ભરાતો, ત્યાં ગામોગામના ગ્રીકો પૂજા નૈવેદ્ય ધરવા, બાધાઆખડી ઉતારવા કે ત્યાંની દેવદર્શીનીને પોતાનું ભવિષ્ય પૂછવા આવતા. ગમે તે રાજ્યનો ગ્રીક ત્યાં અવધ્ય ગણાતો, આજીવન બ્રહ્મચારિણી દેવદર્શીનીને ત્રણે કાળની ખબર એમ મનાતું. છે લાઇકરગસે એને જઈને પૂછ્યું કે એના કાયદા કેવા હતા ? " લોકો એને બરાબર પાળશે ત્યાં સુધી આગળ વધશે. " જવાબ મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાઈકરગસે એ લખી લીધું ને સ્પાર્ટાના લોકો પર મોકલી આપ્યું.

સ્પાર્ટા તો એણે પાછા જવું ન હતું, ને દેવતાઓના ધામ સમા ડેલ્ફીથી વધારે સુંદર સ્થળ છેલ્લી સંજૂરી માટે કયુ હતું ? જીવનનો પરિપૂર્ણ અર્ઘ્ય એણે દેવ એપોલોને ચડાવ્યો ને અનશન કરી દેહ પાડી નાખ્યો. સ્પાર્ટ-નોના કહેવા મુજબ સદેહે ઓલિમ્પસના દેવતાઓ વચ્ચે ગયો. લાઈકરગસ મહાપુરુષ હતો. લગભગ ૩૦૦૦ હજાર વર્ષ પહેલાં એણે એક એવો પ્રયોગ કર્યો કે જેને મળતાં પ્રયોગ આજે દુનિયા કરી રહી છે. ને જેની ચર્ચા ને વિવેચન હજુ બીજા હજાર વર્ષ સુધી ચાલ્યા કરશે. પણ એમાં બે પાયાની ત્રુટીઓ રહી ગઈ હતી.

લાઈકરગસે એમ માન્યું હતું કે માણસ એ માટી છે. એને ફાવે તેવા આકારનો ઘડી શકાય છે. પણ સાચી રીતે માણસ છે વીજળીના જેવા પ્રવાહી ને અનર્ગળ વૈવિધ્ય-પૂર્ણ શક્તિવાળો જીવ. એને ઘડવો હોય તો પણ એને સમજીને એને સેવીને જ બની શકે; માણસ એ ચિંતન ને સર્જન માટે જન્મ્યો છે. હથિયાર સમણુવા માટે નહિ. કદાચ લાઈકરગસની નજર બહાર નહિ હોય એટલે જ એણે બીજા રાજ્યોના લોકોને પોતાના રાજ્યમાં આવવાની મનાઈ કરી હશે. સ્પાર્ટામાં એલચીઓ ને માનીતા મહેમાનો પણ ગણ્યા દિવસો જ રહી શકતા, ને તેને પણ સામાન્ય સ્પાર્ટનો સાથે છૂટથી હળવાભળવાની રજા ન હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી વસ્તુ એ હતી કે લાઈકરગસની આ સારી કે અર્ધસારી રચનાનો પાયો હેલટસ–ગણોતિયા–અર્ધગુલામોની મજૂરી હતી. લાઈકગસના સ્પાર્ટનોએ કાદવમાં હાથ ખરડવાના ન હતા. એણે તો ફક્ત લોહીથી જ હાથ ખરડવાના હતા.

પારકાની મજૂરી પર જ જીવનાર સંસ્કારી કે અર્ધસંસ્કારી લોકો જ્વાળામુખી પર જ બેઠા હોય છે. એ હતી બીજી ત્રુટી.

સ્પાર્ટાના પડોશમાં જ એથેન્સ હતું. લાઈકરગસના જ કાળમાં એણે પહેલી ત્રુટી કાઢી નાખવાનો પ્રયોગ આરંભ્યો હતો, પણ તેય બીજી ત્રુટી સાથે. એની વાત હવે પછી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२

ડાહ્યો સોલોન.

ક્રીસસ લિડિયાનો રાજા હતો. ખજાનાની ભીંતો સોનારૂપાથી ફાટી જતી હતી; એના મહેલના ઓરડાઓમાં સોનાની રજ છાંટી હતી. દુનિયા આખીના મુસાફરોને પોતાની આ બેપૂર સમૃદ્ધિ, બતાવવાનો એને શોખ હતો; સૌ જોઈને કહેતાં "અહાહાહા, શું સમૃદ્ધિ, કેવું સુખ!"

એક દિવસે એને ખબર મળ્યા કે એના જમાનામાં સાત ડાહ્યામાં ગણાતો સોલોન એની રાજધાનીમાં આવ્યો હતો. એણે પોતાનો મહેલ જોવા એને આમંત્રણ આપ્યું. એશિયામાઈનરના આરસનો એ મહેલ હતો; શોભામાં કાંઈ મણા ન હતી. સોલોન તો આવતો હતો એથેન્સમાંથી. ત્યાં તો ડુંગરા ને દરિયાની શોભા હતી. પણ ધનની ઝાકઝમાળ શોભા હજુ જન્મી નહોતી એટલે સુંદર ઘરેણાં ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્રોમાં ફરતા દરેક નોકરને જોઈ એને થતું કે " આ રાજા હશે. " પહેલા એને ખજાનો બતાવ્યો, ઝળહળતા હીરા–માણેક નીલમ, મણિ, મોતીના તેજથી જ ખજાનો પ્રકાશિત હતો. બીજા દીવાની ત્યાં જરૂર નહોતી. સોનું–રૂપું તો સૂંડલે લેવાય તેટલું હતું. ક્રીસસ પાસે લઇ ગયા ત્યારે એ પણ હીરામાણેકથી લદાઈને બેઠો હતો. સોલોનને એણે આવકાર આપ્યો ને પછી પૂછયું.

" મારા કરતાં વધારે કોઈ સુખિયો તમે જોયો છે ? "

" રાજન, કુદરતે જેમ અમને જમીન સાધારણ આપી છે તેમજ બુદ્ધિ પણ સાધારણ આપી છે. પણ મેં એથેન્સ પાસેના એક ગામડામાં એક ખેડૂત હતો તે મને અપાર સુખિયો લાગ્યો છે. "

" એની પાસે શું હતું ?

" નાનું એવું ખેતર, સુશીલ સ્ત્રી ને સ્નેહાળ બાળકો હતા. હતો ગરીબ, પણ મહેનત કરે તો જોઈએ તેટલું મળી રહેતું. તે દેશને ખાતર એક લડાઈમાં મરાયો. એના પડોશીઓ આજેય એને સંભારે છે."

ક્રીસસે મોં મરડીને કહ્યું, " એ તો ઠીક, બીજો કોઈ સુખિયો આ તમારી મુસાફરીમાં જોયો ? "

" હા, બે ભાઈઓને જોયા. એની માએ મંદિરમાં પહેલા પહોરે જઈને પૂજા કરવાનું નક્કી કર્યું હતું. સવારમાં તપાસ કરી તો બળદો રાત્રે ચરવા ચાલ્યા ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા-તરત આવે તેમ ન હતા. એટલે માની બાધા અફળ ન જાય તેટલા સારુ બંને છોકરાઓએ માને ગાડામાં બેસાડીને ધૂંસરે જૂતી ગાડું દોડાવી મૂક્યું-ઠેઠ મંદિરના આંગણા સુધી. માએ એને આશીર્વાદ આપ્યા; ગામે એમને ધન્યવાદ આપ્યા. સૌએ સાથે બેસીને ખાધું. તે જ રાત્રે બંને મરી ગયા. એમને હું મહાસુખિયા કહું છું."

રાજાએ કહ્યું, "ને હું?"

"અમે ગ્રીકો જ્યાં સુધી માણસ જીવતો હોય છે ત્યાં સુધી એ સુખિયો છે કે નહિ તે કહેતા નથી. કારણ કે કઈ ઘડીએ એના પર આગલાં સઘળા સુખોને ભુલાવે તેવું દુઃખ નહિ આવી પડે તેમ કેમ કહેવાય! જે મલ્લ હજુ કુસ્તીના અખાડામાંથી બહાર નથી નીકળ્યો. તેને વિજયમાળા પહેરાવવી તે બિનસલામત છે."

ક્રીસસને આ ગમ્યું નહિ, પણ થોડા દહાડામાં જ આ સોલોનનું ડહાપણ એને દેખાયું. કારણ કે ઈરાનના મહાવિજેતા સાવરસે એના પર હુમલો કર્યો. ક્રીસસને કેદ કરી જીવતો બાળી મૂકવા માટે ચિતા પાસે લાવ્યા ત્યારે એણે મોટેથી "સોલોન, સોલોન, સોલોન," એમ કહ્યું. આ જોઇને સાવરસે આમ બોલવાનું કારણ પૂછયું ત્યારે ક્રીસસે વાત કરીને કહ્યું, "મેં એની પાસેથી કાંઈક શીખવા માટે બોલાવ્યો નહોતો, મારો વૈભવ બતાવવા બોલાવ્યો. પણ છતાં અત્યારે મને લાગે છે કે એ મને શીખવી ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવરસ ક્રીસસ કરતાં ડાહ્યો હતો. એણે સોલોનની વાતમાં સત્ય નજરે જોયું. ને ક્રીસસને મુક્ત કરી માનભેર રાખ્યો. પણ રાજ્ય પાછું ન આપ્યું ને કહ્યું, "એનાથી કાંઇ તમે વધુ સુખી નહિ થ.ઓ."

આમ સોલોનની એક જ વાતે સારા એક રાજાને બનાવ્યો. ને બીજાને શિખામણ આપી.

સોલોન એ વખતની દુનિયામાં ખૂબ ફર્યો હતો; ને વેપારી તરીકે ફર્યો હતો. એટલે ગરથ અને જ્ઞાન બંને મેળવ્યાં હતાં. કવિતાઓ લખવી તે એનો મોટો આનંદ હતો. એક કવિતામાં કહે છે.

કેટલાક દુષ્ટ છતાં પૈસાવાળા છે
ને કેટલાક ભલા છતાં ગરીબ છે
અમે તો અમારા ભલાઇનો
ધનનું એમના ધન જોડે સાટું કરવા તૈયાર નથી.

એક બીજી કડીમાં કહે છે.

કારણ કે અમારું ધન કોઈ હરી જતું નથી—ને એમનું
ધન તો દિવસમાં દસવાર હાથબદલા કરે છે.

ધન અને જ્ઞાનથી સમૃદ્ધ થયેલા સોલોનને લોકોએ એક પ્રવાસથી પાછા આવે ત્યારે રાજા થવાનું આમંત્રણ આપ્યું ત્યારે એણે કહ્યું, "ના એટલે બધે ઊંચે નહિ, ત્યાંથી પાછું ઊતરવું બહુ કઠણ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સમય એવો હતો કે સોલોનને એથેન્સના વહીવટમાં કોઇક રીતે પડયા સિવાય ચાલે તેમ ન હતું. એણે જોયું ચારે બાજુ વિગ્રહની ધમકીને વેરના આગ વેરાયલાં હતાં.

સોલોનના કાળમાં એથેન્સ ગરીબ રાજ્ય હતું. ને એથેન્સ–એટીકાનો મુલક ફળદ્રુપ નથી. જમીન બહુ હલકા દળની છે. ને ડુંગરામાં ખાસ કોઈ કિંમતી ખનીજો નથી. ફક્ત ખેતી પર જ ત્યાંના લોકોનો આધાર હતો. ને આ ખેતી દહાડે દહાડે ભાંગતી જતી હતી. કારણ કે વસ્તીના વધારાની જોડાજોડ ખેતીના ટુકડા પડતા જતા હતા. ને દરેક ટુકડો ધીમે ધીમે વ્યાજખોર જમીનદારોના હાથમાં સરતો જતો હતો. એ જમાનામાં દેણું વસૂલ કરવાનો રિવાજ અતિશય કઠોર હતો. લેણદાર દેણદારને ગુલામ તરીકે કામ કરાવી શકતો ને વેચી શકતો. એવી જ રીતે દેણદાર પોતાના અપરણીત દીકરા દીકરીને ઘરેણે મૂકી પણ શકતો. કસ વિનાની જમીન, નઠોર જમીનદારો ને ભારે વ્યાજના દરો–ત્રણે ભેગાં થઈને ગ્રીક ખેડુને ગુલામની સ્થિતિમાં મૂકી દેતાં. આમાંથી છટકવા સેંકડો લોકો બીજા સંસ્થાનોમાં નાસી ગયા હતા. રાજ્ય પણ આને દાદ દે તેમ ન હતું. કારણ કે જમીનદારોના હાથમાં જ બધી રાજસત્તા હતી. ગરીબોના હાથમાં તો મહેનતના ફોલ્લાના ચાઠાં જ હતા. છેવટે એકવાર બળવો થયો. પણ ઉમરાવોએ એને ઝડપથી દબાવી દીધો. બળવાખોરો એક્રોપોલીસના મંદિરમાં ભરાયા. એક્રોપોલીસ પવિત્રધામ હતું. તેના કોટની અંદર બેઠેલો માણસ એપોલોને ખોળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠેલો ગણાતો; એ અવધ્ય મનાતો. ઉમરાવોએ ફરતો ઘેરો ઘાલ્યો. પણ અંદર ભરાઈ બેઠેલાઓએ નમતું ન આપ્યું છેવટે એમને કહ્યું–" તમને મારી નહિ નાખીએ. અદાલત પાસે હાજર થાઓ."

" અદાલત પાસે આવવાની અમારી ના નથી. પણ મંદિરમાંથી બહાર નીકળશું નહિ. અહીં અદાલત ભરો." " એમ કહો તમે મંદિરમાં એક સૂતરનો તાંતણો બાંધો– એ પકડી છેક અદાલત સુધી આવો. તમે એપોલોના રક્ષણ નીચે ગણાવો એટલે કોઈ તમને ઘા કરશે નહિ."

બળવાખોરો માન્યા. એ એપોલોના પગ આગળ એક દોરો બાંધી એને પકડી સૌ બહાર નીકળ્યા. હતો તો સૂતરનો દોરો પણ એપોલોના પગ સાથે બંધાયો હતો. એટલે બધા નિર્ભય હતા. એમાં અધવચે કોઈએ તાર તોડી નાખ્યો. સંધાણુ તૂટી ગયું. ને બધા અમીરો પેલા પર તૂટી પડયા, ત્યાં ને ત્યાં બધા કતલ થઈ ચૂકયા.

પણ એથેન્સમાં હાહાકાર વર્તી ગયો. ગરીબ ખેડૂતો– અર્ધ ગુલામો સૌ ઊકળી ઊઠયા. આવો વિશ્વાસઘાત. આવી શઠતા. એપોલો સાથે છળપ્રપંચ ! એથેન્સ એપોલોના રક્ષણ નીચે હતું. એક્રોપોલીસના દેવદેવીઓ જ અથેન્સનું રખેવાળું કરતા હતા. માણસના મનને વાંચી જનારા એ દેવતાઓ શું આ નહિ જુએ ? જો જોશે તો કેમ સાંખી રહેશે ? " દેવોને છેહ દેનારાને જ અદાલત પાસે ખડા કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ." કહેનાર હતો સોલોન. એની દૃષ્ટિએ આ મહા-અપરાધ હતો. એણે લોકોની આગેવાની લીધી. ગામ હાલકલોલ થઈ ગયું. ઉમરાવો પણ લોકોના ક્રોધ ને દેવતાના શાપથી બીધા. એમણે સોલોનને જ પંચ નીમ્યો. રાજા થવા કરતાં આ ઠીક હતું. સૌથી પહેલાં તો એણે ગુલામ બળવાખોરોને કતલ કરનારા ઉમરાવોને દેશનિકાલ કર્યા. ને પછી આ ઝઘડાનો કાયમી ઉકેલ શોધવામાં ચિત્ત પરોવ્યું.

દુનિયામાં રાજપ્રકરણી આગેવાનો ઘણા થયા છે પણ રાજનીતિજ્ઞ પુરુષો બહુ ઓછા થયા છે. સોલોનનું સ્થાન એ બહુ ઓછામાં પણ બહુ ઊંચું છે. એણે એથેન્સને જે આપ્યું, તેણે એથેન્સમાં નવો યુગ સ્થાપ્યો—ને સૈકાઓ સુધી શાંતિ આપી.

રાજનીતિ ને અર્થશાસ્ત્ર વચ્ચે રહેલો ગાઢ સંબંધ જોનાર એ પહેલો મહાપુરુષ હતો. એણે જોયું કે આ બધા આંતરવિગ્રહનું મૂળ આર્થિક હતું. લોકો પાસે પૂરી જમીન ન હતી. ને હતી તે પણ સત્તાને અભાવે હાથમાંથી સરી જવાની અણી પર હતી. લોકોને સંપત્તિ આપ્યે ચાલે તેમ ન હતું, તેમ જ એકલી સત્તા આપ્યે પણ કાંઈ મળે તેમ ન હતું. જો આમવર્ગને સુખી કરવો હોય તો સંપત્તિ ને સત્તા બંને એના હાથમાં મૂકવાં જોઈએ. જ્યાં વહેંચવા માટે પૂરી સંપત્તિ નથી ત્યાં સત્તાથી શું વળે ? કલહ થાય જ. એટલે લોકોને રાજકીય સત્તા વગર સંપત્તિ આપવાનું પગલું એણે ન ભર્યું, તેમ જ ભૌતિક સુખસગવડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યા વિનાની રાજકીય સત્તા અત્યારના મજૂરોને છે તેવી આપવાનું પણ એણે નહિ વિચાર્યું. એણે સૌથી પહેલાં તો દેણું માત્ર માફ કરી નાખ્યું–કોઈ ખેડુ કોઈનો દેણદાર ન રહ્યો. એને અંગે ગુલામ થયેલાને પણ મુક્ત કર્યા–પણ આ બધા છૂટેલા ફરી પાછા ગુલામીમાં સપડાય તેમ એ ઇચ્છતો ન હતો. એટલે વ્યાજનો આકરો દર લેવાની એણે બંધી કરી ને દેણા પેટે ગુલામ બનાવવાની પણ મનાઈ કરી, પણ પાયાનો પ્રશ્ન–જમીન આટલા બધાને સમાવી શકે તેમ ન હતી–તે હતો. એટલે એણે નાના હસ્તઉદ્યોગોને ઉત્તેજન આપવાનું શરૂ કર્યું. જે બાપ પોતાના દીકરાને એકાદ કારીગરી ન શીખવે એને પોષવા માટે દીકરો બંધાયલો જ નથી તેવો કાયદો કર્યો. થોડા વખતમાં એથેન્સ હાથથી ચાલતા કારખાનાઓથી ભરાઈ ગયું; બધા લોકોને જીવનની મુખ્ય જરૂરિયાતની વસ્તુ સસ્તી મળે એટલા ખાતર એણે ઓલીવના તેલ સિવાયનું બીજું ખેતીનું ઉત્પન્ન બહાર ચડાવવાની મનાઈ કરી. પણ આ સુધારાને રાજકીય સત્તા વિના ટકાવવા અઘરું હતું. કાયદા કરવા–ન્યાય ચૂકવવો, વહીવટ કરવો–એ બધું તો મોટા મતદારોનું કામ હતું. ખાનદાન કુટુંબોને જ એ અધિકાર હતો. સોલોને નવેસરથી જ વસ્તી-ગણતરી કરીને જુદી રીતે વર્ગો પાડયા–પહેલાં કોણ લશ્કરમાં ઘોડા કે હથિયારો આપી શકે છે તે જોઈને અધિકારોની વહેંચણી થઈ હતી. સોલોને તેને બદલે આવક પર રાજકીય અધિકારો ઠરાવ્યા. વ્યાપાર કે ખેતીમાં જે સંપત્તિ એ પેદા કરતો હોય તેના પર એનો અધિકાર ને કરભારણ ઠર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ જેની આવક હતી તેને હક્ક વધારે હતા તેમ જ જવાબદારી ને કર ભરવાનો પણ વધારે હતો. છેલ્લો વર્ગ જે ગરીબોનો હતો–જે કશો કર ભરવાના નહોતા તે લોકોને પણ એ અધિકાર હતા. ને તે ન્યાયાધીશો–ને બીજા વહીવટદારોના વહીવટની વર્ષને અંતે તપાસ કરવાનો. તેમ જ સામાન્ય ન્યાય ચૂકવવાનું કામ જે ન્યાયાધીશો કરતા તેને બદલે સોલોને એ સત્તા સમગ્ર લોકસભાને આપી ને પ્રજાસત્તાનો એ પાયો નીવડી. ગરીબ લોકો સોલોનના કાયદા પ્રમાણે સેનાપતિ કે વહીવટદાર નહોતા બની શકતા પણ એમના કાર્યની તપાસ–ને જરૂર લાગે સજા કરી શકતા હતા. આને પરિણામે આમવર્ગની ફરિયાદો ને જરૂરિયાતોને ધ્યાનમાં રાખ્યા વગર કોઈ પણ અમલદાર વહીવટ ચલાવી શકે તેવું ન રહ્યું. ઉપરાંત કાયદાના ગમે તેવા અર્થો કરીને ઉમરાવોના તંત્રમાં એમની અદાલતો લોકોને ભયમાં સપડાવતી તે પણ લોકસભાના હાથમાં ન્યાયસત્તા જતાં ટળી ગયું. કારણ કે એ સભાનો હરેક એથેનિયન સભ્ય હતો. ને વારા ફરતી સૌએ એમાં બેસવાનું હતું. સૌથી મહત્ત્વની અસર તો એ થઈ કે એથેન્સના લોકો કુળ–કબીલામાં વહેંચાયલા હતા, તેના બદલે આર્થિક વર્ગોમાં વહેંચાઈ ગયા. ૪૦૦ મણ અનાજ જેટલી આવક જમીનદારની હોય કે વેપારીની કે કારીગરની એ ત્રણે એક જ સરખા ગણાતા. એક જ વર્ગમાં આવતા. એક રીતે સોલોનના કાયદાથી જમીનદારવર્ગની જગ્યાએ કારીગરો ને વેપારીઓને આગળ વધવા તક મળી. ને બધે જ બને છે તેમ આમવર્ગને પણ થોડો હિસ્સો મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોલોનના બીજા કાયદાઓ, પણ જાણવા જેવા છે. એમાં એની ઝીણી નજર દેખાઈ આવે છે.

એણે કોઈ પણ માણસ આળસુ ન રહે તેવું ફરમાન કર્યું ને એની દેખરેખ માટે એક ખાસ અમલદાર નીમ્યો.

વ્યાપાર ખીલે એટલા ખાતર એણે એથેન્સનું ચલણ પણ બીજા દેશોને લેવડદેવડ ફાવે તેવું કર્યું.

દાયજો આપવાની ખરચાળ પ્રથા હતી તે બંધ કરી. કન્યાને કે વરે પરસ્પર ત્રણ જોડી લૂગડાં જ આપવાના હતા–ને વધારામાં પ્રેમ. પૈસો પ્રેમને ઢાંકી દે તે સોલોનને રુચે તેમ ન હતું.

કોઈ પણ માણસ પડોશીના ઝાડથી આઠ ફૂટથી નજીક ઝાડ ન વાવી શકે. કારણકે તો બંને ઝાડનાં મૂળિયાં વચ્ચે જમીનનો રસ ચૂસવાની હરીફાઈ થાય.

કોઈ પણ માણસ પડોશીના મધપૂડાથી ૩૦૦ વારની અંદર મધપૂડો ન ઉછેરી શકે. કારણ કે તો મધમાખીઓ વચ્ચે પણ હરીફાઈ થાય.

એણે બીજા દેશના કારીગરોને કુટુંબ સાથે આવે તો એથેન્સના નાગરિકો થવાનો અધિકાર આપ્યો.

જે કોઈ માણસ લડાઈમાં મરે તેના કુટુંબની વ્યવસ્થા રાજ્યે કરવાનું એણે જાહેર કર્યું.

ને સૌથી મહત્ત્વનો કાયદો એ કે જ્યારે આંતરવિગ્રહ થાય ત્યારે જે તટસ્થ રહે તેને ગુનેગાર ગણવો. દરેક નાગરિકે એક યા બીજા પક્ષે ભળવાનું જ. સોલોન એના નાગરિકોને સલામતી શોધનારા કે ઝીણી તત્ત્વચર્ચા કરનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવા નહોતો માગતો. દરેકે પ્રત્યક્ષ રાજકારણને સમજવું જ જોઈએ-ને એમાં પોતાનો હિસ્સો અણીની પળે ન આપે તે ગુનેગાર છે. આમ ગ્રીક લોકોના લોહીમાં જ એ છે કે એમણે રાજકારણને દરેક મનુષ્યનો વ્યવસાય બનાવીને-જગાડીને એક નવું જ દૃષ્ટિબિંદુ આપ્યું છે; એનો પૂરો અમલ નથી થયો. પણ એણે પૂરી દિશા તો બતાવી જ છે. સોલોન એ ધંધામાં પહેલો દિશાસૂચક હતો.

ને આ બધા કાયદા ૧૦૦ વર્ષ સુધી જ અચળ હતા. તે પછી ફેરફાર કરવાનો હતો.

એના એક મિત્રે એને પૂછયું:

"તમે સારામાં સારા કાયદા ઘડયા છે?"

"ના, આ લોકો ઝીલી શકે તેટલા જ સારા."

સોલોન જાણતો હતો કે રાજનીતિ એ કાંઈ નીતિશાસ્ત્ર નથી. એ અમલી શાસ્ત્ર છે. એટલે એણે તો સારામાં સારું નહિ પણ ઝીલાય તેટલું સારુ થવું જ પોસાય.

પણ સોલોનના આ કાયદાએ બંનેમાંથી એકે પક્ષને સંતોષ ન આપ્યો. શ્રીમંતો સોલોન દેવું સાવ નાબૂદ કરશે તેમ ધારતા ન હતા. ને એમની સત્તા આમ ચાલી જાય તેમ જોઈ રહેવું પણ નહિ. ગરીબો એમ ધારતા હતા કે અમને દેવામાંથી જ મુક્ત નહિ કરે પણ જમીનદારોની જમીન પણ પડાવી લઈ અમને વહેંચી આપશે. સોલોને તેવું કર્યું નહિ, એટલે એ બધા ગુસ્સે થયા; ને બડબડવા લાગ્યા. ને એનો આગેવાન સોલોનનો જ ભત્રીજો હતો. સોલોને એને સમજાવવા પ્રયત્ન કરી જોયો ને એ થોડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત સમજ્યો હોય તેમ લાગ્યું. પણ એકવાર લોકસભા ચાલતી હતી ત્યારે એ લોહીથી ખરડાયલો દોડતો આવ્યો. ને ઉમરાવોએ એને માર મરાવ્યો છે તેવી ફરિયાદ કરી. એની પછવાડે હતું એના અનુયાયીઓનું ટોળું. સોલોનને ખબર હતી કે એના ભત્રીજાએ આ ઘા જાતે જ કર્યા હતા. એણે ઊભા થઈ ને કહ્યું–" પીસીસ્ટ્રીયસ આ તું ખોટો ચીલો પાડી રહ્યો છે. પોતાના જ લોકોને છેતરવાનું પરિણામ સારું નહિ આવે. "

પણ લોકો તો લોહી જોઈને તથા પીસીસ્ટ્રીયસનું ભાષણ સાંભળીને જ તપી ગયા હતા. એમાંના એકે એનું રક્ષણ કરવા પચાસ હથિયારબંધ રક્ષકો સોંપવાની દરખાસ્ત મૂકી. ફરી સોલોને વિરોધ કર્યો; આંધી નોતરી રહ્યા છો તેમ કહ્યું. પણ કોઈયે સાંભળ્યું નહિ. છેવટે નીચેની કડી કહીને સોલોન ઘેર આવ્યો.

તમે એકેએક બુદ્ધિશાળી છો
પણ ભેગાં મળો છો ત્યારે ભેજાગેબ થઈ જાઓ છો

એણે શ્રીમંતોને પણ ચેતવ્યા. તે પણ નહોતા વધુ ડાહ્યા ને નહોતા વધુ હિંમતવાન. ને પીસીસ્ટસ તો પોતાના રક્ષકો કહ્યા પ્રમાણે પચાસ જ રાખે તેવો સતવાદી થોડો જ હતો. થોડા દિવસમાં તો એણે નાનું એવું સૈન્ય જ ઊભું કરી દીધું ને એકોપોલીસ કબજે કર્યું. બધા ખળભળી ઊઠયા. શ્રીમંતો તો નાસવા માંડયા. પણ સોલોન ઘરડો ઘરડો યે ઢાલતરવાર લઈને બહાર નીકળ્યો–ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોકમાં જઈ લોકોને એકઠા કરી કહ્યું, " સરમુખત્યારી ગમે તેની હોય તો પણ અસહ્ય છે. એને જન્મવા ન દેવી તે ડહાપણ છે, પણ જન્મે તો નાશ કરવાનું કાર્ય પણ ગૌરવભર્યું છે." પણ એની સાથે ચાલવાવાળા ન નીકળ્યા. એના જેટલું જોઈ શકે તો ને ? એણે ઘેર પાછા ફરી પોતાની ઢાલ-તલવાર બારણાની બહાર મૂકી દીધાં....નીચે લખ્યું " મારા દેશ ને તેના કાયદાને ટકાવવામાં મેં મારાથી શકય તે કર્યું છે." એના મિત્રોએ એને નાસી જવાનું કહ્યું પણ સોલોને ના પાડી પણ કવિતા લખી એથેનિયનોને ઠપકો આપ્યો. ઘણાએ એને કહ્યું, " તમારો જાન જોખમમાં છે નાસી છૂટો." પણ સોલોને એથેન્સ ન છોડયું. એના સરમુખત્યાર ભત્રીજાએ પણ સત્તા હાથ કર્યા પછી એને દખલ ન કરી. ઊલટો એની પ્રત્યે આદર બતાવ્યો-ને એના કાયદા બહુ અંશે ચાલુ જ રાખ્યા; સોલોનને પણ હવે કવિતા-ને જ્ઞાનોપાસના સિવાય બીજામાં રસ ન હતો. એણે લખ્યું છે:

'હું તો રોજરોજ નવું શીખું છું."

ને હિંદુસ્તાન ને એશિયા વચ્ચે સાગરના તળિયે બેસી ગયેલ એટલાંટિસ નામના મહાખંડ પર મહાકાવ્ય લખવાનો ૭૦ વર્ષે એણે આરંભ કર્યો.

કાવ્ય ને કળા વિષેનો એના નાજુક ખ્યાલનો એક કિસ્સો છે.

કરુણાંત નાટકોનો આદિ કવિ થીસપીસ એ વખતે પોતાનાં નાટકો એથેન્સ પાસે રજૂ કરતો હતો. વૃદ્ધ સોલોનં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈક નવું શીખવા મળશે એમ ધારી નાટક જોવા ગયો. નાટક ભજવાઈ રહ્યું પછી એણે કવિને બોલાવ્યો ને કહ્યુ, " આટલું બધું જૂઠાણું તમારા મુખ્ય પાત્રો આ બધા સમક્ષ બોલે તેથી તમને ખેદ નથી થતો ? "

" આ તો નાટક છે, વાર્તા, નાટકોમાં પાત્રો ખોટું બોલે કે કરે તેમાં શું ? "

સોલોને પોતાનો દંડ ગુસ્સામાં ભોંય પર પછાડયો ને કહ્યું " જો આવાં નાટકોની આપણે ભલામણ કે પ્રશંસા કરશું તો એક દિવસે આપણા વ્યવહારમાં પણ એ જ જોશું."

આજે પણ આ ચેતવણી નિરુપયોગી થઈ છે. થોડા દિવસ પછી સોલોને શાંતિથી દેહ મૂકયો. એની રાખ દરિયામાં નાખી કે જેથી એનું જ્ઞાન બધે જ ફેલાઈ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સોલોનનું અધૂરું મૂકેલું પુરું થાય છે.

સોલોને એથેન્સમાં નવો વિચાર મૂકયો હતો–તે પ્રજાતંત્રનો. જે જોડા પહેરે છે તેને જ જોડા કયાં ખૂંચે છે તેની ખબર પડે છે; એ વાત સાચી છે તેમ જ રાજ્યની સારીમાઠી અસર જે લોકોના જીવન પર પડે છે તેને જ રાજ્યની ખામીઓની ખબર પડે; એક માણસ રાજ્ય ચલાવે કે થોડા ઉમરાવો મળીને ચલાવે તે બરાબર નથી. જે સૌને કાયદાથી વેઠવું પડે છે તે સૌએ જ કાયદા ઘડવા જોઈએ. આ સિદ્ધાંત ક્રાંતિકારી છે ને રહેશે. એનો અર્થ જ એ છે કે દરેકે વિચારતાં–પ્રશ્નને મૂલવતાં ને નિર્ણયને અમલી બનાવતાં શીખવું જોઈએ. દરેક વ્યક્તિને આ અધિકાર છે, એ સિવાય એનો વિકાસ સંભવિત નથી. કાગડો જેમ એનો માળો બાંધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, સુઘરી જેમ એનું ઘર બાંધે છે તેમ જ માણુસ એ જો સામાજિક પ્રાણી હોય તો પોતાનો સમાજ વિચારપૂર્વક યોજનાબદ્ધ રીતે ઘડવો જોઇએ, ઘડીને દેખરેખ રાખવી જાઈએ. ને પ્રસંગ પડયે ફેરફાર કરવો જોઇએ. ગ્રીક લોકોની યુરોપીય સંસ્કૃતિને આ ભેટ છે. જે માણુસ પોતાના રાજ્યતંત્રને ઘાટઘૂપ આપવાની શક્તિને સામગ્રી મેળવતો નથી, મેળવીને ખરચતો નથી—પણુ એક બાજુ શાંત એકાંત જીવન જીવે છે તેને એ લોકો બીજાની જેમ નિરુપદ્રવી સાધુ નથી ગણુતા પણુ આળસુ–બોજારૂપ ગણે છે—એટલે જ એમના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનીએ જ્ઞાનીઓને માથે તો રાજ્યના સમગ્ર કલ્યાણુની નૈતિક જવાબદારી ઓઢાડી છે.

સોલોને જે ફેરફાર એથેન્સના રાજ્યતંત્રમાં કર્યો તેના ગર્ભમાં આ બધું પડયું હતું—અલબત્ત ગર્ભમાં જ હતું, બહાર તો બહું થોડુંજ દેખાતું હતું. પણુ એ થોડુક પણુ અમલમાં ન આવે તેમ ઉમરાવપક્ષ ઈચ્છતો હતો, ને સામાન્યવર્ગ હજુ પૂરો જાગૃત નહોતો થયો એ એક ખાસ પરિસ્થિતિએ ત્યાં સોલોનના ભત્રીજાની સરમુખત્યારીને જન્મ આપ્યો. એ સરમુખત્યારી ઉમરાવોએ નહોતી ઊભી કરી પણુ આજે અઢી હજાર વર્ષ પછી રશિયામાં છે તેવી નવજાગ્રત આમવર્ગના હિતસ્વી આગેવાનોની હતી. ને એણે સફળતાપૂર્વક ઉમરાવોને દાબી દીધા, સોલેનના કાયદાને સ્થિર કર્યા, સોલોને ઊભી કરેલ ન્યાયસભા ને લોકસભાને પગભર કરી. પીસીસ્ટ્રસ પોતાના આરોપ માટે સ્વેચ્છાપૂર્વક ન્યાયસભા પાસે ખડો થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલો ઉદાર, ને સમજુ માણસ હતો. આથી એના જીવનકાળમાં એણે સરમુખત્યાર હોવા છતાં લોકશાહીના છોડને ઉછેર્યો ને મજબૂત કર્યો.

પણ બધી સરમુખત્યારીમાં જે ભય છે તે આમાં પણ હતો. સરમુખત્યારી શુભ હેતુથી શરૂ થાય છે ને અશુભ પરિણામમાં વિરમે છે આ હકીકત પીસીસ્ટ્રસ વિષે પણ સાચી નીવડી.

પીસીસ્ટ્રસમાં બધા ગુણો હતા પણ સંતાનવાત્સલ્યને એ જીતી શક્યો નહિ. એણે પોતાના દીકરા હીપીયાસને સરમુખત્યાર બનાવ્યો, ને એ એને યોગ્ય ન નીવડયો. એના જુલમોથી કંટાળી થોડાક જુવાનિયાએ એને પદભ્રષ્ટ કરવાનું કાવતરું કર્યું. હીપીયાસને જાણ થતાં કેટલાકને પકડયા. ને કેટલાક નાસી છૂટયા. પકડાયલાની સામેના આરોપોને સાબિત કરવા એણે એમાંના એકની રખાત ગણિકાને પકડાવીને હકીકતો કઢાવવા રિબામણી શરૂ કરી. ગણિકા એથેનિયન નહોતી પણ વર્ષોથી એથેન્સમાં રહેતી હતી. એટલે જે નવો પ્રાણ સૌમાં જાગ્યો હતો, તે એનામાં હતો. એણે બધી રિબામણી નીચે પણ પોતાના પ્રિયતમની વિરુદ્ધ એક હરફ પણ ન કાઢયો. ને અસહ્ય થયું ત્યારે જીભ કરડી, જુલમ કરનારાઓ પર થૂંકી ને ઢળી પડી, જેથી એને ખાતરી થાય કે હવે એ જીવશે નહિ. ને જીવશે તો પણ બોલી શકશે. નહિ.

આણે હીપીયાસની સરમુખત્યારીને તોડી. જે બધા કાવતરાબાજોએ નાસી જઈ ડેલ્ફીના મંદિરમાં આશરો લીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો તે આ સાંભળીને એકઠા મળ્યા ને સ્પાર્ટાની મદદ લઈ એથેન્સ પર ચડાઈ કરી.

હીપીયાસ એક્રોપોલીસના કિલ્લામાં ભરાઈ બેઠો, પણ પોતાના બાળકોને ગુપ્ત રીતે બહાર મોકલી આપેલાં તે પકડાતાં પોતાના બાળકોને બચાવવા ગાદીત્યાગ કરવા સંમત થયો. એથેન્સ પોતાને પસંદ તેવું તંત્ર સ્થાપવા સ્વતંત્ર થયું. પણ જે બધા દેશનિકાલ થયા હતા. તેમાં બે પક્ષો હતા. જમીનદાર ઉમરાવોનો એ બધાનો એક પક્ષ હતો આ સરમુખત્યારી તોડવા માગતા હતા. પણ ફરી સોલોન પૂર્વેની જમીનદારી પદ્ધતિ સ્થાપિત કરવાના હેતુથી જ. સ્પાર્ટાનો આને ટેકો હતો; ને બીજો પક્ષ હતો આ જમીનદારો તેમ જ સરમુખત્યારી બંનેને તોડી સાંચું પ્રજાતંત્ર સ્થાપ-વાનો. આનો આગેવાન હતો. કલીસ્થેનીસ. સ્પાર્ટનોના જોરે શરૂમાં જમીનદાર પક્ષ ચુંટણીમાં જીત્યો પણ સ્પાર્ટનો જતાં કલીસ્થેનીસે બળવો કર્યો ને જમીનદારો ફરી દેશ-નિકાલ થયા. કલીસ્થેનીસે સોલોનનું અધૂરું પુરું કર્યું. સોલોન જે કરતાં અચકાયો હતો તે એણે કર્યું. જમીન-દારોની બધી જમીનો ખેડૂતો વચ્ચે સરખે ભાગે વહેંચી દીધી. ને આ બધા ખેડૂતોને લોકસભામાં વારા ફરતી બેસવાને જ નહિ પણ સેનાધ્યક્ષથી માંડીને તે નાવિક સુધીના બધા જ નોકરો ચૂંટવાનો અધિકાર આપ્યો. લોકસભા ઘણી વિશાળ એટલે 30000 સભ્યોની બની ગઈ, પણ એણે એક નવું જ મોજુ ગ્રીસમાં ને છેવટે હેલેસ્પોટની સામુદ્રધુનીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલેપાર એશિયામાં પણ ફેલાવ્યું. ઉપરાંત કલીસ્થેનીસે કોઈ પણ માણુસ ભવિષ્યમાં સરમુખત્યાર ન થઈ પડે એ માટે એક નવી રસમ શરૂ કરી, ને તે (ઓસ્ટ્રીસીઝમ)ની. એ નિયમ મુજબ દર વર્ષે લોકસભાને પુછાતુ કે તમને જે માણુસ અતિમહત્વાકાંક્ષી ને રાજ્યને ભયજનક લાગતો હોય તે જણાવો. સૌ એક નળિયા કે ઈંટના ટુકડા પર પોતાને યોગ્ય લાગે તે નામ લખે ને છૂપી રીતે નકકી જગ્યાએ નાખી આવે. જેને સામે ૬૦૦૦થી વધુ મત દેખાતા તેને સ્વેચ્છાપૂર્વક હદપાર થવું પડતું. એની સામે અદાલતમાં કશું સાબિત કરવાની જરૂર નહોતી રહેતી.

ઉપરાંત એણે એક બીજી પદ્ધતિ પણ શરૂ કરીને તે ન્યાયાધીશો, સેનાપતિઓને બીજા વહીવટકર્તાઓને એમના વહીવટની મુદ્દત પછી એમના વહીવટની તપાસ માટે લોકસભા પાસે ઉભા કરવાની. આ પદ્ધતિને લીધે લોકસભા સર્વોપરી બની.

કલીસ્થીનસ આ પ્રમાણે બધા સુધારાઓ કરતો હતો ત્યારે જમીનદાર પક્ષ જેને લોકોએ દેશનિકાલ કર્યો હતો તે કાંઈ મૂંગો નહોતો બેસી રહ્યો, એણે સ્પાર્ટાનું શરણ લીધું હતું. સ્પાર્ટનોએ જ્યારે જોયું કે એમની મદદને જોરે એથેનિયનોએ રાજાને તો કાઢયો પણ તેને બદલે તેમને ગમતા જમીનદાર પક્ષને પણ હાંકી કાઢયો. એમને એથેનિયનો નગુણા લાગ્યા. એમણે જમીનદાર પક્ષને ફરી સત્તા સોંપવા પોતાના રાજાને લશ્કર લઈને મોકલ્યો. લોકો તો બીધા ને નમતું આપવા તૈયાર થયા–કલીસ્થીનસ પર એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે જમીનદારીને સાવ ઉથલાવી પડવા માટે ગુસ્સે થયા. ક્લીસ્થીનસે સ્વેચ્છાપૂર્વકનો દેશવટો સ્વીકાર્યો. એની સાથે ૭૦૦ કુટુંબો પણ ચાલી નીકળ્યા. સ્પાર્ટન સૈન્ય એથેન્સના ગઢમાં વગર સામનાયે અંદર પેઠું. પણ લોકસભા ને સેનેટે નમતું ન તોળ્યું. એમણે જોયું કે સ્પાર્ટનો થોડા હતા. પોતાના બળની ખ્યાતિ પર મુસ્તાક રહીને સ્પાર્ટન રાજા ઝાઝા સૈનિકો લાવ્યો ન હતો. એની ગણતરી ખોટી પણ ન હતી. જો એથેનિયનો પહેલાંની જેમ; જમીનદારો નીચે હતા તે જ હોત તો આટલા શું આથી પણ ઓછા સિપાહીઓથી ડરી ગયા હોત, પણ એથેનિયન મિજાજ બદલાઇ ગયો હતો. ક્લીસ્થીનસના કાયદાએ લોકવર્ગને ઉમરાવની સમાન નહિ પણ સર્વોપરી બતાવ્યો હતો; એટલે જે સામાન્ય નાગરિક પહેલાં મહત્ત્વાકાંક્ષા ને સ્વમાન વિનાનો હતો તે હવે આત્મશ્રદ્ધાવાળો ને મગરૂર બન્યો હતો, આને પરિણામે લોકસભાએ જ્યારે હાંકલ કરી ત્યારે એથેનિયનો ઘરેઘરથી નીકળી પડ્યા, ખૂણેખાંચરે કિલ્લેબંધી કરી, ને જે ઘેરવા આવ્યા હતા તે સ્પાર્ટનોને જ એક્રોપોલીસમાં ઘેરી લીધા; સ્પાર્ટનો પાસે બે દિવસથી વધારે ખાવાનું ન હતું એટલે શરણે થયા. એથેનિયનોએ એમને સલામત ને હથિયાર સાથે જવા દીધાં. માત્ર જે જમીનદારો એમની ઓઠે આવ્યા હતા તેમનો વધ કર્યો. ને ક્લીસ્થીનસને પાછો બોલાવી ફરી રાજ્યની લગામ સોંપી.

આમ એથેન્સમાં પ્રજાસત્તાની શરૂઆત થઈ. પણ સ્પા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્ઈનોને એમનું અપમાન જીરવવું આકરું થઈ પડયું. ગ્રીસ આખું જાણે એમની મશ્કરી કરતું હોય તેમ લાગ્યું. શૂરા, અડગ સૈનિકો-ઘાંચી-મોચી-વણકર-શિલ્પી-નાવિક-વેપારી ને ખેડૂતોને હાથે હાર્યા! સોલોને લાઈકરગસને હરાવ્યો હતો.

એમણે હીપીયાસને બોલાવ્યો ને એને ફરી રાજા કરવા ગ્રીસના રાજ્યોની એક પરિષદ બોલાવીને એથેન્સ જે નવ-તર પ્રયોગ કરી રહ્યું હતું તેનો ભયવર્ણવી કહ્યું, "એથેન્સના કડિયા ને કણિયા હવે રાજ કરવા નીકળ્યા છે. એમનું જોર દહાડે દહાડે વધતું જાય છે. હીપીયાસ ત્યાં રાજા હતો ત્યાં સુધી કોઈ ચૂંકે ચાં નહોતા કરતા. નરમ ઘેંટાની જેમ શાંતિથી જીવતા ને હવે તો જાણે એમને કોઈ પૂછવાવાળું જ ન હોય તેમ અમને કે તમને કોઈને ગણુતા નથી; વનમાં જેમ સિંહ છે, ને આકાશમાં જેમ સૂર્ય છે તેમ લોકો ઉપર પણ રાજા તો જોઈએ જ."

પણ એમના પાસા અવળા પડયા; ગ્રીસના ઘણાખરા શહેરો દરિયાકાંઠે આવેલાં હતાં. એ બધા સોલોનનું અનુકરણ કરી વ્યાપાર ખીલવવા ઇચ્છતા હતા. ને એ માટે જમીનદારશાહીનો નાશ અનિવાર્ય હતો. જમીનદારો હોય ત્યાં સુધી ખેડૂતો બે પાંદડે થાય તેમ ન હતા-ને એ બે પાંદડે ન થાય ત્યાં સુધી વ્યાપારની આપલે કરવી કોની જોડે? આ વાત અજ્ઞાત રીતે પણ દરિયાકાંઠા પર વસેલા ગ્રીકોને સમજાઈ ગઈ હતી. એટલે એથેન્સને દબાવી, હીપીયાસને ફરી ગાદીએ બેસાડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાની વાતમાં કોઈએ ઉત્સાહ બતાવ્યો નહિ. ઊલટું કોરીન્થ બંદરના પ્રતિનિધિયે તો કહ્યું:

"મને લાગે છે કે ધરતી ને આકાશ ઉલટપાલટ થવા બેઠાં છે કે શું? હવે તો માછલીઓ ધરતી પર રહેવા આવશે ને માણસો દરિયામાં વસશે તેવું લાગે છે. નહિતર શૂરા સ્પાર્ટનોને લોકપ્રિય તંત્રને બદલે લોહિયાળ નિરંકુશ તંત્ર સ્થાપવાનું સૂજે જ ક્યાંથી? તમને જો એ સારું લાગતું હોય તો પહેલાં સ્પાર્ટામાં જ એનો અખતરો કરોને! ને બીજાને જ જુલ્મગારોની ઝૂંસરી નીચે જોતરવા ઉત્સુક રહો છો; ને સ્પાર્ટનોને જે એથેન્સના દોષો દેખાય છે–તે જ મને તો સ્વતંત્રતાનો ગુણ લાગે છે. એ વસ્તુ એમ બતાવે છે કે માણસોને આપખુદના રાજ્ય નીચે રાખો ત્યાંસુધી આળસુ, ભીરુ, ને જડ રહેવાના, પણ એને સ્વતંત્ર કરો કે તરત જ દરેકેદરેક માણસ ચેતનવંતો ને વિચારશીલ થઈ જવાનો. કૃપા કરીને આપખુદીને કોઈ શહેરમાં કાયમી કરવાની વાત છોડી દો. કોરીન્થનો એમાં ટેકો નહિ મળે."

આટલા ઉગ્ર વિરોધ આગળ સ્પાર્ટાને નમતું આપ્યા વિના છૂટકો નહતો. એણે હીપીયાસને વિદાય કર્યો. જતાં જતાં એણે ગ્રીક રાજ્યોની પરિષદને કહ્યું: "યાદ રાખજો કે એવો સમય આવશે કે જ્યારે એથેન્સમાં લોકસત્તાને ઊછરવા દેવા માટે તમે જ હાથ ઘસશો. ને ફરી મને અને મારા વંશજોને યાદ કરશો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી એ ચાલી નીકળ્યો. સીધો પહોંચ્યો ઈરાનના ચક્રવર્તી દરાયસના દરબારમાં, એથેન્સને ને ગ્રીસને માટીમાં મેળવી દેવાની પ્રતિજ્ઞા લઇને. એ રાજા પહેલાં હતો–ગ્રીક ને એથેનિયન પછી., પોતાના વર્ગહિત આગળ જાતિ–સંસ્કાર–દેશ બધું જ ડૂબી ગયું.

એથેન્સ પર વાદળ ઘેરાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વાદળ ઘેરાય છે

ઝર્કસીસ ચક્રવર્તી સમ્રાટ હતો. પૂર્વમાં સતલજના કાંઠાથી તે પશ્ચિમમાં ઈજિયન સમુદ્ર સુધી એનું મહારાજ્ય ફેલાયેલું હતું. દક્ષિણમાં એબીસીનિયાથી માંડીને ઉત્તરે કાળાસમુદ્ર સુધી એની આણ મનાતી. ઈરાની લોકો પોતાના રાજ્યમાં ભુંજાઈ જાય તેવા ગરમથી માંડીને થીજી જાયતેવા ઠંડા પ્રદેશો હતા તે સૌને સંભળાવતા. ઝર્કસીસ શિયાળામાં બેબીલોનમાં રહેતો ને ઉનાળામાં સુસા તો ચોમાસામાં પર્સીપોલીસ. દસ હજાર અંગરક્ષકો એની તહેનાતમાં રાતદિવસ રહેતા. ને એના જનાનખાનામાં એના મહારાજ્યના એકેએક પ્રદેશની રમણીઓ હતી. મદીલી આંખવાળી એબીસીનીય નર્તિકાઓ, ચાલે ત્યારે જાણે રૂપ ઢળી પડતું હોય તેવી હિંદરમણીઓ, મિજાજી સિરિયન કન્યકાઓ, જાદુગરીણી સમી ને કુશળ વાર્તાલાપથી બુદ્ધિપ્રતિભાને ચમકાવતી ગ્રીક યુવતીઓ—સૌનો એ સ્વામી હતો. ચક્રવર્તીની નજર જે ચીજ પર પડતી એ એની જ ગણાતી. પછી એ ઘોડો હોય કે યૌવનમુગ્ધ કુમારિકા. બાપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની ભેટ બાદશાહને ધરીને કૃતાર્થ થવાનું હતું. બાદશાહના જનાનખાનામાં પ્રવેશ મળતાં પહેલાં છ મહિના સુધી એને અત્તરનું માલિશ થતું, ને દૂધ જ એને પીવા મળતું. જેથી એનો ચહેરો પૂર્ણિમાના ચંદ્ર જેવો ઉજળો થાય. ને એની હાજરીથી જ સુગંધની મહેક છૂટે.

ઝર્કસીસના પલંગ પર સોનાની દ્રાક્ષની વેલ ચડાવી હતી, ને દ્રાક્ષના ઝૂમખાની જગ્યાએ હીરા-માણેકના ઝૂમખા ગોઠવ્યા હતા. એના અંગરક્ષકો એની હાજરીમાં મોં ઢાંકીને ઊભા રહેતા. રખેને પોતાના દુર્ગંધિત શ્વાસથી શાહનો શાહ બેચેન બની જાય!

આ પલંગ પર મશરૂની તળાઈમાં પણ એક ભંઠિયું શાહને ખૂંચી રહ્યું હતું. ને તે ગ્રીસ. ઈજિપ્ત ન્યુબિયા, પંજાબ, સીસ્તાન, અરબસ્તાન, અફઘાનિસ્તાન, અસિરિયા, આયોનિયા, લિડિયા, ને બીજા અસંખ્ય દેશોએ શાહના કદમ આગળ માથું ઝુકાવ્યું હતું-પણ ખારેક જેવડા આ ગ્રીસે એની પાસે ઘૂંટણ નમાવવાની ના તે ના જ પાડી હતી. એટલુંજ નહિ પણ આશ્ચર્યની અવધિ તો એ થઈ હતી કે એના વિના દરાયસને એમણે મેરેથોનના મેદાનમાં હાર આપી હતી. એના વિશાળ સામ્રાજ્યના પ્રમાણમાં આ નાની હાર કાંઈ મહત્ત્વની વાત નહોતી; એના વિના કાંઈક અતિવિશ્વાસમાં ગાફેલ રહ્યા હતા. પણ છતાંએ હાર તે હાર તો હતી જ. ગ્રીસને એ ઉઠાવીને ઈજિયન સમુદ્રમાં ફગાવી દે ત્યારે જ એ ઝર્કસીસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર આ ટાંકણે જ એથેન્સે, દેશનિકાલ કરેલ રાજા ને સ્પાર્ટાએ હાંકી કાઢેલ ઉમરાવ એની સહાય માગવા આવ્યા.

ઝર્કસીસને એ જ જોઈતું હતું.

એથેન્સે એક બીજી ભૂલ પણ કરી હતી. સોલોને ગ્રીકલોકોને વ્યાપાર કરવાને પ્રેર્યા હતા. ને સૂર્યમાળાના ગ્રહોની જેમ ગ્રીક થાણાં ઠેર ઠેર નખાયાં હતાં. કાળાસમુદ્રના છેડાથી માંડીને તે સીસીલી સુધી ગ્રીકો પોતાની કોઠીઓ નાખતા હતા. એશિયામાઈનરના કાંઠા પર આયોનિયામાં આવી ઘણી ગ્રીક વસાહતો હતી. આજસુધી એ બધા ઈરાનના શાહની આણ નીચે વેપાર કર્યા કરતા. પણ દરાયસને મેરેથોનમાં જ્યારે ગ્રીકોએ હાર આપી ત્યારે આ બધી વસાહતોમાં સળવળાટ થયો; ને એમણે ઈરાની સામ્રાજ્ય સામે બળવો કર્યો; ને ગ્રીસના જુદાં જુદાં રાજ્યોની મદદ લેવા દૂતો મોકલ્યા. એથેન્સ સિવાય સૌએ ના ભણી. ગ્રીસની ભૂમિ પર ઈરાની લશ્કરને હરાવવું તે એક વાત હતી. ને ઈરાની સામ્રાજ્યની ભૂમિ પર ઈરાનને હરાવવું તે જુદી વાત હતી. એ સિદ્ધ કરનાર એલેકઝાંડરને હજુ ચારસો વર્ષની વાર હતી–પોતાની માતૃભૂમિના ટેકા વગરના આ વસાહતી ગ્રીકો હાર્યા, એમની મુખ્ય નગરી પીલેટસીને ઈરાનીઓએ બાળી ને ખોદી નાખી–સ્ત્રી અને પુરુષોને ગુલામ બનાવી તૈગ્રીસ નદીની નહેરો બાંધવા મોકલી આપ્યા.

આ બળવાખોરોને તો સજા થઈ હતી. પણ એને પ્રેરનાર એથેન્સ છટકી ગયું હતું. ઝર્કસીસે હવે એથેન્સને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉથલાવવાનું નક્કી કર્યું. એના એકવીશે પ્રાંતોમાં ગ્રીસ પર ચડાઈ કરવાની તૈયારી કરવાનું ફરમાન કાઢયું ને પોતાના દૂતોને ગ્રીસના બધા રાજ્યોમાં તાબેદારીનાં ચિહ્ન તરીકે માટી ને જળ લઈ આવવા મોકલ્યા. માત્ર સ્પાર્ટામાં ને એથેન્સમાં કોઈને મોકલવા કે નહિ તે વિચારતો હતો. કારણકે એના પિતા જીવતાં થોડા વખત પહેલાં એણે આવા દૂતો મોકલેલા. તેને સ્પાર્ટાએ કૂવામાં ફગાવી દીધેલા ને કહેલું: "ત્યાં માટીને જળ બંને છે લઈ લો."

બરાબર આજ વખતે બે સ્પાર્ટનો આવ્યાના ખબર પહેરેગીરે આપ્યા. એમના શરીર પોલાદના બન્યાં હોય તેવા સુદૃઢ હતા. માથું નમાવ્યા વિના ટટાર એ ઊભા રહ્યા. એને લાવનાર એલચીએ કહ્યું.

"આ શાહોના શાહ સૂર્યપુત્ર ઝર્કસીસ છે, એને દંડવત પ્રણામ કરી કૃતાર્થ થાઓ."

સ્પાર્ટન ગ્રીકોને માટે આ ભાષા ને દેખાવ નવીન હતો. એ તો સામે સિંહાસન પર સેંકડો અંગરક્ષકોથી વીંટળાયલ સોના-ને હીરાથી જ ઘડયો હોય તેવા ઝર્કસીસને ટગર ટગર જોઈ જ રહ્યા. પેલાએ ફરીથી પ્રણામ કરવાનું કહ્યું ત્યારે એક જણે સ્પષ્ટ જવાબ આપ્યો, "અમે દેવતાઓના જેવું માન કોઈ માણસને આપતા નથી. ડેલ્ફીના એપોલો આગળ જ ગ્રીકોના માથા નમે છે. માણસની આવી પૂજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું અમારે ત્યાં શીખવાતું જ નથી; ભોંય સાથે અમારું માથું ફોડશો તો પણ એ નહિ બને."

અંગરક્ષકો આ ઉદ્ધત આવનારાઓને તલવારથી પૂરા કરવા આવતા હતા ત્યાં ઝર્કસીસે આંગળી ઊંચી કરી ને પૂછ્યું, "તો અહીં શા માટે આવ્યા છો?"

"હે ઈરાનાધીશ, અમને સ્પાર્ટનોએ મોકલ્યા છે. પોતે એક ભૂલ કરી છે તેનો બદલો વાળી આપવા. તમે તાબે-દારી સ્વીકારનું કહેણુ લઈને મોકલેલા. દૂતોને સ્પાર્ટનોએ આવેશની પળમાં કૂવામાં નાખી દીધા. પણ પછી સૌને આ કૃત્ય ન્યાયવિરોધી લાગ્યું. ને સ્પાર્ટાના શ્રેષ્ઠ કુટુંબોમાંથી અમને બે જણને એના બદલામાં તમારી પાસે સજા ખમવા માટે મોકલ્યા છે. તમે અમને વાઘને મોંએ ફડાવી શકો છો-અથવા હાથીને પગે કરી શકો છો."

ઝર્કસીસ ઘડીભર દિગ્મૂઢ થઈ આ બંને જુવાન સ્પાર્ટનોના તેજસ્વી ચહેરા સામે તાકી રહ્યો; પછી બાદશાહને જ ગૌરવ આપે તેવી રીતે કહ્યું: "હું સ્પાર્ટનોનું અનુકરણ નથી કરતો. એમણે બધા જ લોકો જેને અવધ્ય ગણે છે તે દૂતોનો વધ કરીને અપકીર્તિ મેળવી છે. હું પણ તમને હણું તો આડકતરી રીતે એ જ દોષને પાત્ર થાઉં. તમે જઈ શકો છો, પણ જતાં જતાં અહીં હું ગ્રીસના સર્વનાશની તૈયારીઓ કરી રહ્યો છું તે જોતા જજો ને જેવું જુઓ તેવું જ જઈને કહેજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પાર્ટન દૂતો પાછા જતા હતા. ત્યારે એક સરદારે કહ્યું: "આ મહાન વૈભવશાલી સમ્રાટની મૈત્રી તમે નથી ઈચ્છતા? તમારા પર સમ્રાટની કૃપા ઊતરી છે, એ તમને આખા ગ્રીસ જેવડા પ્રાંતની મારી જેમ સરદારી આપશે-મારે શી ખામી છે? ત્યાં ગ્રીસમાં બોડા પર્વત સિવાય શું બળ્યું છે?' સ્પાર્ટન દૂતે કહ્યું. "તમારી સલાહ અમારે માટે બંધ બેસતી નથી. તમે તમારા અનુભવ પરથી કહો છો, પણ અમારો અનુભવ તમને ક્યાંથી હોય? તમને આ ગોલાગીરી સહજ છે; પણ મુક્તિ એ કેવી મીઠી ચીજ છે તે કદી તમે જાણ્યું નથી. જો તમે જાણ્યું હોત તમે જ અમને કાળજાતૂટ મહેનત કરીને પણ એની રખેવાળી કરવાની સલાહ આપી હોત.

આ હતું ગ્રીસ ને આ હતું ઈરાન. એક પ્રજાસત્તા—ને બીજું સામ્રાજ્ય. બેની વચ્ચે અથડામણ નીર્માઈ ચૂકી હતી. વાસ્તવિક રીતે એ બે સંસ્કૃતિ જ હતી.

ઈરાની લોકો બધા દુ:ખી હતા કે દરાયસ ઉદાર—કે દયાળુ નહોતો તે સ્પાર્ટનમ નથી. દૂતોને જ એની ઉદારતાનો તો અનુભવ થઈ જ ચૂક્યો હતો; પણ મહત્ત્વની વાત એ હતી કે ઈરાની સામ્રાજ્યમાં એક સમ્રાટ હતો—ને બાકીના બધા ગોલા. ગોલાને સમ્રાટ ગમે તે પળે રાણા કરી શકતો હતો—પણ એ ગોલા જન્મના અધિકારે નહિ પણ સમ્રાટની મીઠી દૃષ્ટિથી. અહીં રાજકારણ જ હતું નહિ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણકે પ્રજા જ નહોતી. ને ગ્રીકોને મન તો પ્રજાતંત્ર એ શ્વાસોચ્છ્વાસ સમું હતું. એટલે ગ્રીક-ઈરાન વિગ્રહ એ માત્ર વ્યાપારનો જ વિગ્રહ ન હતો, વિચારનો પણ હતો જ. ચાબૂક અને ચિંતન વચ્ચેનો એ વિગ્રહ હતો.

ડેલ્ફીના મંદિરમાં જાણે ઉલ્કાપાત મચી ગયો છે. મંદિરના પૂજારીઓ, રક્ષકો—ને શહેરના નગરજનો જાણે વજ્ર પડ્યું હોય તેમ મૂઢ બની ગયા છે. કોણ જાણે કેટલાંય ગણ્યાં ન ગણાય એટલાં વર્ષોથી આ મંદિર ઊભું છે. ને અગણિત યાત્રાળુઓ પોતાની શંકાનું સમાધાન કરવા, આશા પૂરવા સારુ માનતા કરવા આવ્યા છે ને દેવે કોઈને ધક્કો મારી પાછા કાઢ્યા નથી. પણ આજે એથેન્સની લોકસભાએ મોકલેલા દૂતો જેવા પગથિયાં ચડ્યાં કે તરત જ દેવદર્શિની બોલી ઊઠી: 'કંગાલો શા સારું આંહીં બેઠા છો? ભાગવા માંડો. સૂર્યપુત્રનો રથ તમારી પછવાડે આવી રહ્યો છે—ને તમારું શહેર, બધાં શહેરો સળગીને રાખ થઈ ગયાં ભાળું છું—અરે આ દેવતાના મંદિરો પણ તૂટશે—નીકળો અહીંથી. બહાર દુ:ખ ને શોકનો દરિયો ઊભરાય છે ત્યાં."

એથેન્સના દૂતો સાંભળ્યું ત્યારના જડ પથ્થરની જેમ ત્યાંના ત્યાં બેઠા હતા. એમની ભૂખતરસ મરી ગઈ હતી.

ઝર્કસીસ મહાન પ્રલયની જેમ ચડી આવતો હતો તેની સૌને જાણ હતી; પણ દેવો પણ એમને તજી બેઠા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેની એમને ખબર ન હતી. દેવો એમને કાંઇક માર્ગ સૂઝાડે તે માટે વિનવવા તો એમને અહીં મોકલ્યા હતા.

આ ભયાનક સત્યાનાશની વાણી એ કઈ રીતે એથેન્સની લોકસભામાં સંભળાવશે ? ને આ સાંભળ્યા પછી કોની છાતીમાં હામ રહેશે ? આવો સંદેશો લઈ જવાની એમની જ હામ ન હતી. એટલે જ ભૂખ્યા-તરસ્યા ત્યાં બેઠા હતા. ગામના લોકોએ આવીને એમને સમજાવ્યા. પણ દૂતો તો કહે, "કાં તો દેવ અમારું બલિદાન લે-ને કાં તો આનો કાંઈ માર્ગ બતાવે. આ કાળમુખી ભવિષ્ય-વાણી લઈને અમે જવાના નથી."

બેઠા-ત્યાં ને ત્યાં બેઠા. એક દિવસ-બે દિવસ-ત્રણ દિવસ. અન્ન-પાણી-ઊંઘ તજી દેવપ્રતિમાને વિનવતા બેસી રહ્યા. ત્રીજે દિવસે દેવદર્શિનીએ કહ્યું.

"દેવીએ જ્યુપીટર (ઇંદ્ર)ને તમારા વતી વિનંતિ કરી પણ કાળના લેખને ઇંદ્ર પણ ફેરવી શકતો નથી. તમારાં શહેરો જશે-દેવો જશે-તમારું રક્ષણ માત્ર લાકડાની દીવાલો કરશે—ભાગો-એનું રક્ષણ શોધો-દેવપ્રિય સાલેમીસ લાણી વખતે સૌની કાપણી કરશે."

કાંઈક આશા હતી. લાકડાની દીવાલોનું રક્ષણ લેવાનું કહેવા દૂતો એથેન્સ તરફ વળ્યા ને ડેલ્ફીના લોકો લાકડાની દિવાલો એટલે શું ? ને એનું રક્ષણ કેમ ગોતવું તેની ચર્ચામાં પડ્યા; કોઈક ઉત્સાહી આ સંદેશો આખા ગ્રીસમાં પહોંચાડવા વછેરાની જેમ ગામેગામ ઊપડ્યા.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા ભાગના ગ્રીકોએ ઝર્કસીસના દૂતો જોડે જ તાબેદારી સ્વીકારસૂચક પાટી ને જળ મોકલી જ આપ્યાં હતાં. માત્ર એથેન્સ, સ્પાર્ટા ને બીજાં ગણ્યાંગાંઠ્યાં શહેરોએજ સામનાનો દૃઢ સંકલ્પ કર્યો હતો.

ને ગ્રીકોની હામ છૂટી જાય તેમાં કશું આશ્ચર્ય પણ ન હતું. એ પહેલાંના ઈતિહાસમાં કદી બન્યું ન હોય તેવું પ્રચંડ સૈન્ય ઝર્કસીસે ઊભું કર્યું હતું. ગ્રીસ એના સામ્રાજ્યના સોમા ભાગ જેટલું ન હતું. ને એના સૈન્યની સંખ્યા જેટલી સમગ્ર ગ્રીસની બધી વસ્તીની સંખ્યા પણ ન હતી. ઝર્કસીસે દરિયા ને જમીન બંને રસ્તે ગ્રીસને ભીડાવવાનું નક્કી કર્યું હતું. આ માટે એણે ૧૨૦૦ વહાણોનો કાફલો તૈયાર કર્યો હતો. ગ્રીસ ને એશિયા વચ્ચેની હેલેસ્પોન્ટની સામુદ્રધુનિ પર પૂલ બાંધવા માટે ૬૦૦ વહાણ અલગ રાખ્યાં હતાં. ને કુલ ૫૦ લાખ* માણસોની વિરાટ ફોજ લઈને એ હથેળી જેવડા ગ્રીસને ચગદી નાખવા એશિયામાંથી ઊતરી આવતો હતો. એશિયાના એકેએક મુલકના સૈનિકો એમાં હતા. દંતુશાળમાં તલવારોવાળા, હાથીઓની અંબાડી પર બેસી અચૂક લક્ષ્યવેધ કરનારા

---

* હેરોડોટસની આ સંખ્યામાં બહુ ઝાઝી અતિશયોક્તિ હોવાનો સંભવ ઓછો છે. એમાં લશ્કર પછવાડે આવતા સીધા–સામાન-વાળા ને અન્ય નાટક–ચેટકવાળાનો પણ સમાવેશ હશે. કોર્નવોલિસે શ્રીરંગપટ્ટણ પર ચડાઈ કરી ત્યારે ૨૦૦૦ સૈનિકો હતા–ને ૮૦૦૦૦ ફાલતુ એમ નોંધાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી સૈનિકો એમાં હતા. રથયુદ્ધમાં કુશળ એવા અસિરિયનો હતા. કશા જ હથિયાર વિના માત્ર લાંબા દોરડાના ગાળાથી સફાઈપૂર્વક દુશ્મનોના ગળામાં ફાંસો નાખી શકનાર કાસ્પીયન કાંઠાના જંગલીઓ એમાં હતા; ઘોડેસવારી માટે મશહૂર અરબોને સિંહ સાથે બથોબથ આવનારા ન્યુબિયનો પણ એ હરોળમાં હતા; સોના-રૂપાના બખ્તરોમાં શોભતા ઈરાનીઓ તો શાહના સર્વોત્તમ સૈનિકો ગણાતા; હેલેસ્પોન્ટને પાર કરી જ્યારે ઝર્કસીસનું સૈન્ય ગ્રીસના ઉત્તર ભાગમાં પ્રવેશ્યું ત્યારે સામાન્ય નાગરિકોએ ઝર્કસીસ માનવી હોય તે જ માન્યું નહિ. કારણકે હેલેસ્પોન્ટને પાર કરતાં જ એના સૈન્યને સાત દિવસ ને સાત રાત લાગ્યાં હતાં—એટલું અગણિત એ દળ હતું.

હેલેસ્પોન્ટ આગળ ઝર્કસીસે પોતાના સમગ્ર સૈન્યની કવાયત રાખેલી. નૌકાસૈન્યના વહાણ પણ સજ્જ થઈને હારબંધ કાંઠાથી થોડે દૂર ઊભા હતા. ને ભૂમિફોજ તો દરેક જાતિવાર અલગ અલગ જથ્થામાં ગોઠવાઈ હતી. ઝર્કસીસ રથમાં બેસીને દરેક જથ્થાનું નિરીક્ષણ કરતો ને થોડા સવાલો પૂછી આગળ ચાલતો. એની પછવાડે સૂર્યમંદિરના પૂજારીઓ ને લહિયા અદબભેર ચાલતા હતા. ભૂમિફોજ નિરીક્ષણ પૂરું થતાં, ઝર્કસીસ રથને બદલે પોતાના વહાણ પર ચડ્યો ને તૂતક પર ઊભેલા સૈનિકોના જયનાદો વચ્ચે આખા નૌકાસૈન્યનું નિરીક્ષણ કર્યું. બધું જ બરાબર એની આજ્ઞા મુજબ હતું. લંગર ઉપાડવાના હુકમની રાહ જોતાં વહાણો દરિયાની છાતી પર નાચી રહ્યાં હતાં. એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પાર્ટાના દ્રોહીરાજા દિમિત્રને બોલાવ્યો ને પોતાની આ વિશાળ મુલકી ને દરિયાઈ સેના બતાવી પૂછ્યુંઃ

"તમને એમ લાગે છે કે આ જોયા પછી ગ્રીકો લડવાનો પણ વિચાર કરે? તમે ગ્રીક છો એટલે એમને ઓળખતા હો જ."

"શાહ—હું આપને રુચે તેવું કહું કે સાચું કહું?"

"સાચું હોય તે કહેવાની હું તમને છૂટ આપુ છું."

"શાહનશાહ, આપે સાચું કહેવાની છૂટ આપી છે ત્યારે સાચું જ કહું છું, જેથી પાછળથી કોઈ ન કહે કે ગ્રીકો જૂઠાબોલા કે ખુશામતખોર છે. ગ્રીકો ગરીબાઈમાં જ ઊછર્યા છે—એમને કુદરત સાથે ઝઘડવું ને સહન કરવું તે રમત વાત છે. આપ ખાતરી રાખજો કે જે બેડી પહેરાવવા આપ જાઓ છો તેનો સૌ સામનો કરશે—અને કદાચ બધા જ ગ્રીકો તમને મળી જશે તો પણ એકલા સ્પાર્ટનો આપનો સામનો કરશે. કેટલી સંખ્યામાં તે પૂછો મા—એક હજાર—અરે એકસો હશે તો પણ લડશે."

"શું વાત કરો છો? મને તો બડાઈ લાગે છે. એમની પાસે ૫૦૦૦ સૈનિકો હોય તો પણ આ સૈન્ય એના કરતાં હજારગણું છે. ને અહીં તો હું સેનાનાયક છું. જેની આજ્ઞાનો ભંગ કરવાનું જોખમ સૌ જાણે છે. ને એ ભયના માર્યા સૌ આઘુંપાછું જોયા વિના લડે. પણ તમે કહો છો કે સ્પાર્ટામાં તો સૌ સરખા છે—જ્યાં કોઈ એકનો સૌ પર અંકુશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી ત્યાં જીવવાનું કોને મન થાય ? કદાચ મારા સૈન્યના જેવડું જ ગ્રીકોનું સૈન્ય હોય તો પણ આ સમ્રાટની સેનાની શિસ્ત આગળ એ હારી જ જાય. આ મારા અંગરક્ષકો—મારા ઈશારા પર એથી ત્રણગણા સૈન્યને ખતમ કરે તેવા છે."

દિમિત્રે નમ્રતાથી કહ્યું: "મને લાગતું જ હતું કે આપને મારી વાત નહિ ગમે. જે લોકોને મારા અધિકારો ઝૂંટવી લીધા છે ને જેમણે મને દેશવટો દીધો છે તેનાં હું વખાણ તો ન જ કરું પણ આપે સાચું કહેવાનું કહ્યું ત્યારે મારે સાચું જ કહેવું જોઈએ. એ વાત સાચી છે કે સ્પાર્ટનોમાં એકચક્રી સમ્રાટ નથી. પણ એમના પર સમ્રાટ કરતાં ય વધારે શક્તિશાળી સ્પાર્ટન શિસ્ત છે. ને આપનાથી આપની આ રૈયત બીએ છે તેનાથી પણ એ શિસ્તથી સ્પાર્ટનો વધારે બીએ છે. ને સ્પાર્ટાની શિસ્ત હરોલને ન તૂટવા દેવાનું શીખવે છે."

ઝર્કસીસે સહેજ હસીને દિમિત્રને વિદાય આપી. સ્પાર્ટાની આ શેખી તોડવા જ એ આવ્યો હતો પણ સમય એને બતાવવાનો હતો કે દિમિત્રે જે કહ્યું તેમાં અતિશયોક્તિ તો નહોતી જ. હોય તો પણ થોડી અલ્પોક્તિજ હતી. પણ એ તો થર્મોપોલીમાં સિદ્ધ થવાનું હતું. ને થર્મોપોલી હજુ દૂર હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

બે ગોઠિયા

મહાન પ્રજાનું એક લક્ષણ એ છે કે મહાન આફત વખતે એનો સામનો કરી લોકોને પાર ઉતારે તેવા માણસો ગમે તે ખૂણેથી અણધાર્યાય નીકળી આવે છે. જીવતું શરીર રોગનો સામનો કરેજ છે, જીવતું ઝાડ કપાતાં છતાં કોળે છે. જીવતી પ્રજાઓ પણ છાતીમાં ઘા ઝીલે છે પણ હાર જાણતી નથી.

ગ્રીકો પણ ઝર્ક્સીસના આક્રમણ વખતે જીવતી પ્રજા હતી. એણે હિંમત હારી જવાનું કબૂલ્યું નહિ. ને પ્રસંગને પાર ઉતારે તેવા બે નેતાઓનો જન્મ આપ્યો.

આ હતા એરીસ્ટેડીસ ને થેમીસ્ટેકલીસ બંને બાળપણના ગોઠિયા. બંને બુદ્ધિશાળી, બંને એક એકને આંટે તેવા, પણ એક સત્યનો પૂજારી ને બીજો સિદ્ધિનો. એકને ખપે શાંતિ ને બીજાને ખપે સમૃદ્ધિ. એક ખેતીવાડીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાયતી ને બીજો સાત સમુદ્રના પાણી ડોળનાર વ્યાપારનો. એકનું તેજ દૂર વસતા સ્થિર તારા જેવું ને બીજાનું ચળક ચળક થતા આંજી નાખનાર ગ્રહ જેવું.

બાળપણમાં જે મૈત્રી હતી–તે યુવાનીમાં દુશ્મનાવટમાં પલટાઈ ગઈ. કારણકે બંને જણા એક જ છોકરીને ચાહતા હતા. છોકરી તો મરી ગઈ પણ એના રૂપે થેમીસ્ટેકલીસમાં સળગાવેલ ઈર્ષા ન મરી. એનું એક જ કર્તવ્ય થઇ પડયું ને તે એરીસ્ટેડીસને હરકોઈ ઉપાયે નિંદવાનું, હેરાન કરવાનું. જોકે આમ ન બન્યું હોત તોપણ એ બંનેની મૈત્રી કેટલો વખત ટકત તે શંકા જેવું છે. કારણકે બંનેના સ્વભાવમાં ઉત્તર-દક્ષિણ ધ્રૂવ જેટલું છેટું હતું. થેમીસ્ટેકલીસ હતો ચંચળ; ઉતપાતિઓ, લડાકુ, કીર્તિભૂખ્યો ને નીતિનાં ખેવના વગરનો, જ્યારે એરીસ્ટેડીસ તો ન્યાય ને નીતિનો જ પૂજારી હતો. એટલે તો લોકોએ એનું નામ ન્યાયી એરીસ્ટેડીસ પાડયું હતું. ન્યાયનો જ એ જાણે અવતાર હતો.

એક વખત અદાલતમાં એની સામે કાંઈક કેસ ચાલતો હતો. એરીસ્ટેડીસે બચાવમાં જે કહેવાનું હતું તે કહ્યું એટલે ન્યાયાધીશો કહે:

"તમારી વાતમાં અમને વિશ્વાસ છે, એટલે અમે ચુકાદો આપીએ છીએ–"

ત્યાં તો એરીસ્ટેડીસ વચ્ચે પડીને કહે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થોભો થોભો, આપે હજુ મારી વિરુદ્ધ પેલાને શું કહેવું છે સાંભળ્યું નથી. એને પુરો સાંભળી લો-પછી ચુકાદો."

એક બીજીવાર એ પોતે ન્યાયાધીશોમાં એક હતો, ને જે આરોપી હતો તે હંમેશાં એની વિરુદ્ધ ખટપટ કરનાર ને એને પજવનાર હતો. ફરિયાદીએ પોતાને જે ફરિયાદ હતી તે કહેતાં કહેતાં કહે:

"આ માણસે ન્યાયી એરીસ્ટેડીસને પણ અનેક રીતે હેરાન કરેલ છે-એરીસ્ટેડીસને એકવાર-

એરીસ્ટેડીસ તરત કહે-

"તારે જે ફરિયાદ કરવાની હોય તે જ કરને. મારી ફરિયાદ તો જરૂર હોત તો મેં જ ન કરી હોત?"

જ્યારે થેમીસ્ટેકલીઝને કોઈકે ન્યાયની તુલા લેવા એકવાર કહ્યું ત્યારે એ કહે, "જે સ્થાન પરથી હું મારા મિત્રોને મારા દુશ્મનો કરતાં વધારે લાભ ન અપાવી શકું-એ સ્થાનની મારે મનથી કાંઈ કિંમત નથી."

આવા સાવ પરસ્પર વિરોધી સ્વભાવના વચ્ચે અથડામણ થાય તે તદ્દન સ્વાભાવિક હતું. થેમીસ્ટેકલીસ એરીસ્ટેડીસ જે કાંઈ ઠરાવ કે સુધારો મૂકે તેનો વિરોધ કર્યા સિવાય ન રહી શકતો. ને એરીસ્ટેડીઝ પણ થેમીસ્ટેકલીસના કીર્તિભૂખ, અહંકાર ને સાચા-જૂઠાણાં વિષેની બેપરવાહીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેપ આખા એથેન્સને ન લાગે તે સારુ જાગ્રત રહેતો હોવાથી થેમીસ્ટેકલીસનો વિરોધ પ્રસંગોપાત કર્યા સિવાય ન રહેતો.

એથેન્સની લોકસભા ઘણીવાર આ પ્રતિસ્પર્ધી ઓની સચોટ દલીલો, ને વાણીના રણકારથી ગાજી ઊઠતી. એરીસ્ટેડીસ શાંતિપ્રિય હોવાથી ઘણીવાર પોતાને જે દરખાસ્ત મૂકાવવી હોય તે જાતે ન મૂકતાં કોઈ બીજાની મારફત મૂકાવતો જેથી થેમીસ્ટેકલીસનો વિરોધવંટોળ નકામો ન ઊઠે. પણ બધીવાર ચકોર થેમીસ્ટોકલીસની નજર બહાર આ જાય તે સંભવિત નહોતું. ને આને લીધે લોકસભા કામ કે નિર્ણયો કરવાને બદલે ઘણીવાર ચર્ચાને દલીલોનું તથા અંગત દ્વેષના પ્રહારો કરવાનું મેદાન થઈ જતું. આથી એકવાર કોઈકને એરીસ્ટેડીસે કંટાળીને કહેલું કે,

"એથેન્સના લોકો ડાહ્યા હોય તો એમણે અમને બંનેને ખાડમાં નાખી દેવા જોઇએ. ત્યાંસુધી અહીં શાંતિ નહિ સ્થપાય."

થેમીસ્ટેકલીસનો પ્રિય વિષય હતો: નૌકાસૈન્ય ને સફર કરવાનો. એ એથેન્સના લોકોને વારે વારે કહેતો કે "ઇંટ-ચૂનાના કિલ્લાનો આશરો તજી–લાકડાના કિલ્લાનો આશરો લો." ઘોડેસ્વારી કરતાં આરમારી વધારે અગત્યની છે. એ જ વખતે એથેન્સમાં રૂપાની ખાણો નીકળી. સામાન્ય રીતે આવા પ્રસંગે નીકળેલ સંપત્તિ સહુની વચ્ચે સરખે ભાગે વહેંચી દેવાનો રિવાજ હતો. થેમીસ્ટેકલીસે આ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરવાને બદલે નૌકાસૈન્ય ઊભું કરવામાં એ ખાણોની આવક નાખવાનો ઠરાવ મૂક્યો ને પસાર થયો.

એથેન્સ ને ગ્રીસને માટે આ ભારે અગત્યનું પગલું હતું. આજસુધી સ્પાર્ટા એ ગ્રીસનું આગેવાન ને સર્વોપરી રાજ્ય ગણાતું. સામુદાયિક અવસરે સૌ એને નાયકપદ આપતા કારણકે એનું સૈન્ય અજેય ગણાતું; હવે થેમીસ્ટોકલીસની આ યોજનાને પરિણામે એથેન્સ એક નવું બળ ઊભું કરતું હતું, ને સ્પાર્ટા એમાં પછાત હતું. ને એમાં એથેન્સને વટાવી જ શકે તેમ ન હતું. સોલોન લાઈકરગસ કરતાં આગળ હતો. પણ વટાવી ન શકાય તેથી કાંઈ ઈર્ષા જન્મતી થોડી જ અટકે છે.

એથેન્સ ને સ્પાર્ટાનો જે મહાવિગ્રહ ૫૦ વર્ષ પછી થયો ને બે પેઢી સુધી ચાલ્યો તેનું મૂળ આ દિવસે જ નંખાયું. થેમીસ્ટોકલીઝને હાથે એનું શિલારોપણ થયું.

એરીસ્ટેડીસને આ બહુ ગમતું નહોતું. કારણકે એથેન્સનું ધ્યાન આને પરિણામે પોતાની ખેતીવાડીને બદલે સામે કાંઠેની નગરીઓનું ધન હરણ કરવા તરફ વળશે તે તેણે જોયું જ હતું. ને એ ધનહરણની હરીફાઈ ઘરઆંગણે બહારના કજિયા લાવી મૂકશે તેની પણ તેને ખબર હતી— પણ એથેન્સની વસ્તી એટલી ઝપાટાબંધ વધતી જતી હતી કે એને બહાર સંસ્થાનોમાં વસાવ્યા સિવાય કે વ્યાપારમાં રોકયા સિવાય બીજાને માર્ગ પણ દેખાતો નહોતો. એરી-સ્ટેડીસનું ચાલત તો એણે વસ્તી–નિયમનનો કોઈક વચલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગ કાઢયો હોત—એ લાઈકરગસ ને સોલોનનો સમન્વય ઈચ્છતો હતો. ખેતીવાડીને ન ખાઈ જાય એવો ને એટલો જ વ્યાપાર, માણસને બહેકાવી ને સદસદ્ વિવેક તરફ બહેરો કરી ન મૂકે તેટલું જ સ્વાતંત્ર્ય ને તેવું જ પ્રજાતંત્ર એ એને રુચતું હતું; પણ સામાન્ય લોકો જ્યાંસુધી સાચી રીતે કેળવાયા નથી હોતા ત્યાંસુધી એમને આ જ વસ્તુ સૌથી વિશેષ અણુગમતી હોય છે. એમને બે છેડા ગમે છે; પણ વચલો માર્ગ એ સ્વેચ્છાપૂર્વક સ્વીકારી શકતા નથી. કાં તો આપખુદી ને કાં તો અનિયંત્રિત ટોળાંશાહી, કાં તો સ્વર્ગ ને કાં તો નરક, કાં તો સિદ્ધ ને કાં તો સ્વેચ્છાચારી જ એમને આકર્ષી શકે છે. મધ્યમવર્ગના હિમાયતીઓ એમને મોળા ને ઉત્સાહ વગરના લાગે છે.

એરીસ્ટેડીસની વાત લોકોને ન ગમે ને સૌ થેમીસ્ટેકલીસને ગાંડાની માફક અનુસરે તે સમજાય તેવું છે. ઉપરાંત ટોળાંને ખુશામત ખૂબ ગમે છે; ને એરીસ્ટેડીસને એ વાત માથાના ઘા સમી હતી. ન્યાયની વાતમાં એક દોરાવા પણ ચસતો નહિ. ખજાનચી તરીકે એ જ્યારે હતો ત્યારે હિસાબની ચોખ્ખાઈ ને ચોકસાઈ રાખવા સારુ એના ઘણાં દુશ્મનો થયેલા. એરીસ્ટેડીસના અમલમાં એમનાથી ગોટાળો થઈ શકે કેવી રીતે? આવા બધા અસંતુષ્ટોને થેમીસ્ટેકલીસ પોતાના પક્ષમાં ભેળવતો ને ભંભેરણી કરતો —ને એ બધા એરીસ્ટેડીસની નિંદા કર્યા કરતા. એકવાર એરીસ્ટેડીસે નુસખો અજમાવ્યો. ખજાનચી તરીકે થોડું ઢીલું મૂકયું. ને કડક થવામાં ભૂલ કરી હોય તેમ દેખા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડવા માંડયું ને જેમ આગલા અધિકારીના વખતમાં ગોટાળા ચાલતા તેમ ચાલવા દીધા. આથી નાના નોકરો ખુશ થઈ ગયા ને પેલા અસંતુષ્ટો પણ એની પ્રશંસા કરવા લાગી ગયા. આમ થયું એટલે એરીસ્ટેડીસે એકવાર આ બધા નોકરો તથા બધા શહેરીઓને ભેગા કર્યા ને કહ્યું.

" જ્યારે હું મારી ફરજ ચોકખી રીતે અદા કરતો હતો ત્યારે તમે સહુ મારી નિંદા કરતા હતા ને હવે જ્યારે આ બધા સફેદ ઠગોને જાહેરદ્રવ્યમાં બગાડ ને ગોટાળા કરવાની છૂટ આપી છે ત્યારે સૌ મારા વખાણ કરો છો. આ તમારાં વખાણથી હું વધારે શરમાઉં છું, એના કરતાં પેલી નિંદા મને મીઠી લાગતી હતી. તમને તો નાલાયક લોકોને જાહેર દ્રવ્ને વેડફવા દઉં તે જ મીઠું લાગે છે ખરૂંને ? "

એમ કહીને એણે જે બધી ચોરી ને લબાડી હિસાબોમાં થઈ હતી તે વર્ણવી બતાવી.

પણ થેમીસ્ટેકલીઝની ખટપટ એથી અટકી નહિ. આખરે એણે લોકોની પાસે એરીસ્ટેડીસને દેશવટો દેવાની દરખાસ્ત મૂકી. આ દેશવટો એ સજા નહોતી ગણાતી. પણ જે કોઇ પણ માણસ લોકોમાં બહુ પ્રીતિપાત્ર બની જાય, તે લોકસત્તાની શક્તિને ભૂલી કયાંક અહંકારી ન થઇ જાય તે માટેનો કીમિયો હતો. એમાં લોકોને પુછાતું કે જે માણસ લોકોને બહુ પ્રિય છે છતાં જે પ્રજાતંત્રમાં વખતે આડે આવે તેમ લાગતું હોય તેનું નામ લખો ને સૌ એક ઇંટ કે ઠીકરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર નામ લખી એક ઠેકાણે નાખી આવતા. થેમીસ્ટૅકલીસે પણ એ જ રીત અજમાવી. એણે કહ્યું. કે "એરીસ્ટેડીસ એટલો બધો ન્યાયવિશારદ થઈ ગયો છે કે ન્યાયાલયોનું મહત્ત્વ ઘટતું જાય છે."

વહેલી સવાર હતી. ને એરીસ્ટેડીસ ગુલાબી ઠંડીમાં ફરવા નીકળ્યો હતો; એક ગામડીઓ માથે શાકનો ટોપલો લઈને આવતો હતો. એણે એરીસ્ટેડીસને જોઈ ટોપલો હેઠે મૂક્યો ને એક ઠીકરું ને ચાક ધરી કહે આમાં જરાક હું કહું તે નામ લખોને ?

"કોનું લખું ?" એરીસ્ટેડીસે લખવાને તૈયાર થતાં પૂછ્યું.

"એરીસ્ટેડીસ."

એરીસ્ટેડીસ સહેજ ઊંચું જોયું ને નવાઈ પામી પૂછ્યું:

"તમે એને જોયો છે ?"

"ના."

"તમારું એણે કાંઈ બૂરું કર્યું છે ?"

"ના રે ભાઈ."

"તો શા સારુ દેશવટો દેવરાવો છો ?"

"સૌ એને ન્યાયી એરીસ્ટેડીસ ન્યાયી એરીસ્ડીટેસ કહ્યા કરે છે—ને હું એ સાંભળી સાંભળીને થાકી ગયો છું."

એરીસ્ટેડીસ સહેજ હસ્યો. નામ લખી ઠીકરું પેલા ગામડિયાના હાથમાં આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજે એણે જાણ્યું કે એથેન્સના પ્રજાતંત્રે એને દેશવટો દીધો હતો. એથેન્સ છોડતાં એણે એકીલીઝની પેઠે નગુણા લોકો ઉપર શાપ વરસાવ્યો નહિ. તેમ ન તો વીર કેમીલસની જેમ "હું સાચો હોઉં તો ભગવાન રોમને મારી ગરજ પડે તેવું કરજે" એમ કહ્યું—એણે હાથ જોડીને એક્રોપોલીસના દેવતાઓને પ્રણામ કર્યાં ને અજોડ મહાનુભવતાથી કહ્યું "હે દેવતાઓ, એથેન્સના લોકોને મને સંભારી પસ્તાવાનો અવસર ન આવે તેવું કરજો."

પણ ઈશ્વર તો ગજ કાતર લઈને જ બેઠો છે; એ 'હકથી જ હીંડે' છે. એથેન્સના લોકોને પસ્તાવાનો સમય આવતો જ હતો. ઝર્કસીસની ફોજ ગ્રીસનો સીમાડો વળોટી ચૂકી હતી—ને ગ્રીસ આખું ઉપરતળે થઈ ગયું. એથેન્સના નાગરિકો એરીસ્ટેડીસને આ અવસરે સંભારવા માંડયા. ખુદ થેમીસ્ટેકલીસે જ દેશવટો દીધેલા બધાનો દેશવટો રદ્દ કરવાનો ઠરાવ લોકસભામાં પસાર કરાવ્યો. એના મનમાં હતું કે કદાચ એરીસ્ટેડીસે આ વૈર લેવાનો લાગ આવ્યો છે એમ સમજી ઈરાની સૈન્ય જોડે ભળી જશે—સાચેસાચ તો એ પોતાના માપે જ એરીસ્ટેડીઝને માપતો હતો. એરીસ્ટેડીસ તો લોકસભાનો સંદેશો મળે તે પહેલાં જ બહારના ગ્રીકોને એકત્રિત કરવા લાગી ગયો હતો. લોકસભાની આજ્ઞાથી એ એથેન્સમાં આવ્યો. આવતાં વેંત, એણે થેમીસ્ટેકલીઝને કહ્યું, "આજસુધી આપણે એકબીજાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકા પાડવાની હરીફાઈ કરી છે. હજી યે આપણે હરીફાઈ કરીએ પણ તે ગ્રીસને આ આફતમાંથી ઉગારવામાં તું સેનાપતિ તરીકે ને હું તાબેદાર સલાહકાર તરીકે." થેમીસ્ટેક્લીઝે એનો હાથ પકડી મંત્રણાસભામાં સ્થાન આપ્યું. સાચેસાચ તો એરીસ્ટેડીસની એને જ ખૂબ જરૂર હતી. ઈરાની સૈન્યનો સામનો કરવા એકઠા થયેલા આ ખોબા જેટલા ગ્રીકોમાં પણ મતભેદોનો પાર ન હતો. સૌને થેમીસ્ટેક્લીસની શક્તિ વિષે માન હતું. પણ દાનત વિષે એકેને શ્રદ્ધા નહોતી. એ ઘણાને જીતી શકે તેવો હતો પણ સૌનું મન ગમે ત્યારે જીતી લે તેવો એ લાલચુ હતો.

પહેલો જ પ્રશ્ન હતો ગ્રીકફોજ ને નૌકાસૈન્યનો આગેવાન કોણ થાય? એથેનિયનોને ભૂમિસૈન્યનો સેનાપતિ સ્પાર્ટન હોય તે સ્વીકાર્ય હતું પણ નૌકાસૈન્યનો અધિકાર સ્પાર્ટાને સોંપવા તૈયાર નહોતા–કારણ કે નૌકાસૈન્ય મુખ્યત્વે એથેન્સનું જ હતું–પણ સ્પાર્ટનો તો પરાપૂર્વથી ગ્રીસના સરસેનાપતિ તરીકેનો અધિકાર આવી રાષ્ટ્રીય આફતમાં ભોગવતા જ આવ્યા હતા. એટલે છોડવા તૈયાર ન હતા.

એરીસ્ટેડીસને આવો પ્રસંગ પ્લેટિયામાં આવવાનો હતો. એણે ત્યાં કહેલું એ જ સભાને કહ્યું, "સ્થાન નથી આપણને હિંમત આપતું કે નથી લઈ લેતું. હિંમત તો આપણી માલિકીની વસ્તુ છે–જ્યાં જઈએ ત્યાં આવે, આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં મિત્રો જોડે નહિ પણ દુશ્મનો જોડે ઝઘડવા આવ્યા છીએ એ ન ભૂલવું."

સૌએ એકીમતે સ્પાર્ટનોને સરસેનાપતિની જગ્યા આપી.

ગ્રીકોએ ઈરાની ભૂમિફોજને થર્મોપોલી આગળ ને નૌકાસૈન્યને સાલેમીસની ખાડીમાં આંતરવાનો વિચાર કર્યો હતો.

સ્પાર્ટનો થર્મોપોલીનો યશ લેવાના હતા. એથેનિયનો સાલેમીસનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯
થર્મોપોલી અમરોનું યાત્રાધામ

ઝર્કસીસનું સૈન્ય જ્યારે સામુદ્રધુની ઓળંગી ગ્રીસમાં પેઠું ત્યારે ઘડીભર તો ગ્રીકો મતિમૂઢ બની ગયા. કેટલાકને તો લાગ્યું કે ઇંદ્ર પોતેજ ગ્રીકોનો સર્વનાશ કરવા ઓલીમ્પસ પરથી ઊતરી આવ્યો છે. માત્ર દેવ છે એમ ઓળખાય નહિ એટલા ખાતર આ માનવીનું સૈન્ય ને માનવરૂપ લીધું છે. પણ જેમ જેમ ફોજ આગળ વધવા માંડી–ગ્રીક મંદિરો, નગરના સભામંડપોનો નાશ કર્યાના સમાચારો આવવા માંડયા તેમ તેમ એથેન્સવાસીઓને બમણું શૂર ચડવા લાગ્યું–તે એટલે સુધી કે એથેન્સની નગરસભામાં ઝર્કસીસ સાથે સંધિ કરવી તે આજના સંજોગોમાં ડહાપણભર્યું છે એમ કહેનાર એક સભાસદને ત્યાં ને ત્યાં જ લોકોએ મારી નાખ્યો ને ગ્રીક સ્ત્રીઓએ એના ઘરે જઈ ઘરમાં આગ મૂકી બૈરાં–છોકરાંને મારી નાખ્યાં. કોઇને આ ગમે તેવું કૃત્ય નથી, પણ લોકલાગણી કેટલી તીવ્ર ને ઉશ્કેરાયલી હશે તેનો આ નમૂનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રીકોએ એ ભૂમિફોજને રોકવા થર્મોપોલી નક્કી કર્યું હતું. હલદીઘાટની ગાળીના જેવી થર્મોપોલી એ સાંકડી ગાળી છે. બે માણસો સાથે ચાલે તેટલી જ ત્યાં જગ્યા છે. બંને બાજુ ઊંચા ને સીધા પહાડો છે. એકવાર અંદર પેઠા પછી આડાઅવળા ક્યાંય ચસાય તેવું નથી. ગ્રીક સૈન્યે આ ગાળીના મોં આગળ ખાઈઓ ખોદી છાવણી નાખી. સ્પાર્ટનો ૫૦૦૦ હતા ને ઈરાની ભૂમિસેના ૨ લાખની હતી. વિજયનો ત્યાં પ્રશ્ન જ નહોતો—પ્રશ્ન હતો માત્ર પાણી બતાવી આપવાનો. આનો આગેવાન હતો લિપોનીદાસ.

આ નાનકડું સૈન્ય જ્યારે નીકળવાની તૈયારી કરતું હતું ત્યારે જોશીએ ભવિષ્યવાણી લખાયેલી કે જો સ્પાર્ટાના બે રાજામાંથી એક સ્વેચ્છાએ આમાં મરશે તો સ્પાર્ટા ઊગરી જશે. રાજા લિપોનીદાસે પોતાની ઉમેદવારી નોંધાવેલી. એણે પોતાની સાથે ૩૦૦ સ્પાર્ટનોને લીધેલા. પણ એમાંનો એકેય પુત્ર વિનાનો ન હોય તે જોઈ લેવાની ખાતરી રાખેલી. જાણી જોઈને મોતના ડાચામાં માથું મેલનારા આ શૂરવીરોનો વેલો અટકી જાય તે સ્પાર્ટાને પોસાય કેમ ?

ઝર્કસિસને જ્યારે દૂતોએ ખબર આપ્યા કે ગાળીના બીજા મોં આગળ દુશ્મનસૈન્ય પડ્યું છે, ત્યારે એણે પોતાના ગુપ્તચર મોકલ્યા. ગુપ્તચરે જોયું તો કેટલાક કુસ્તી કરતા હતા, કેટલાક ભાલાં ફેંકતા હતા ને કેટલાક, બેફિકર બની માથાં ઓળતા હતા. કોઈએ એને રોક્યો નહિ કે પૂછ્યું નહિ—એમને મન એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ હિસાબ ન હતો. હતે એમની સંખ્યા ગણી લીધી ને ઝર્કસીસને ખબર આપ્યા. ઝર્કસીસને આ એટલું વિચિત્ર લાગ્યું કે આટલા મૂઠીભર માણસો એની સમુદ્ર જેવી ફોજ રોકવા ઊભા હોય તે વાત માન્યામાં આવી નહિ. એટલે દિમિત્રને બોલાવી કહે: 'આ તમારા સ્પાર્ટનોએ શું રમત માંડી છે ?'

દિમિત્રે કહ્યું:

'આ પહેલાં જ આપને મેં સ્પાર્ટનો કઈ જાતના આદમીઓ છે તે કહ્યું હતું ત્યારે આપે મને તુચ્છકારી કાઢેલો. શહેનશાહના મતથી જુદો ઉચ્ચાર કરવાનું જોખમ હું સમજું છું. પણ મારે સાચું જ કહેવું જોઈએ. આ ચપટીમાં ચોળાઈ જાય એટલા માણસોની ઈચ્છા આ ઘાટ આગળ આપણને રોકવાની છે–એને માટે જ આ તૈયારી કરી રહ્યા છે.

'વાળ ઓળવાની તૈયારી ?'

'હા, કેસરિયાં કરતાં પહેલાં વાળમાં સુગંધી તેલ નાખી ઓળવાનો એમનામાં રિવાજ છે. એટલી ખાતરી રાખજો; શાહ, કે જો તમે આ લોકોને ને એમના સાથીદારો સ્પાર્ટામાં છે તેને જીતી શકશો તો એક પણ ગ્રીક શહેરની તમારી સામે હથિયાર લેવાની હિમ્મત નહિ રહે. આપ સહુથી બહાદુર ગ્રીકોનો મુકાબલો કરી રહ્યા છે.'

પણ ઝર્કસીસને ગળે આ વાત ઊતરતી નહોતી.

'પણ આટલા થોડા માણુસ આવી જબ્બર ફોજને ખાળવાની હિમ્મત શી રીતે કરી શકે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું ખોટો ઠરું તો મારું માથું ઉતારી લેજો, આપણી ફોજમાં માણસો ઘણા છે–પણ મર્દો નથી.'

પણ મરદાઈનું પારખું તો હજુ થયું નહોતું એટલે ઝર્કસિસને વાત સમજાઈ નહિ. એણે માન્યું કે આ લોકો લડશે જ નહિ. મારું સૈન્ય કેટલું વિશાળ છે એ જાણે એટલી જ વાર છે. એણે ચાર દિવસ હુમલો ન કર્યો. જેથી ગ્રીકો તે દરમિયાન જાણી શકે. કે ઈરાની સૈન્ય કેટલું વિશાળ છે. પણ જ્યારે પાંચમા દિવસે પણ ગ્રીકોને ત્યાં જ જોયા ત્યારે એણે એ અક્કલહીણ ગ્રીકોને જીવતા પકડી લાવવા પોતાની બે ટુકડીઓને આજ્ઞા કરી.

ઈરાની સૈન્યે હુમલો કર્યો–પણ પોતાની ખુવારી સિવાય કશું મેળવ્યું નહિ. એટલે ઝર્કસિસે અકળાઈને નવું સૈન્ય મદદમાં મોકલ્યું. પરિણામ એનું એ જ. માત્ર અક્કલ-હીણા ગ્રીકોએ અક્કલમંદ ઈરાનીઓને ગાળીમાં રોકી રાખ્યા.

હવે ઝર્કસિસને ઝાંખી થઈ કે એના સૈન્યમાં માણસો ઘણા હતા. પણ મર્દો થોડા હતા. લિયોનીદાસને પોતાને પણ આની ખબર હતી. એને એક પકડાયેલ ઈરાની નાયકે પૂછ્યું કે આટલા મૂઠીભર માણસો વડે આવડા વિશાળ સૈન્યને રોકવાનું કેમ માથે લીધું; ત્યારે એણે જવાબ આપેલો:

'સંખ્યાની જ જો ગણતરી કરો તો આખા ગ્રીસની વસ્તી કરતાંય તમારું સૈન્ય વધી જાય છે. પણ હિમ્મતની વાત હોય તો આટલી સંખ્યા તમારા સૈન્યને થંભાવવા પૂરતી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝર્કસિસે છેવટે સોનેરી કાયાવાળા પોતાના પ્રખ્યાત અંગરક્ષકોને મોકલ્યા. સ્પાર્ટનો જાણે સામે આવતા હોય તેમ ગાળીમાં આગળ આવીને મળ્યા ને પછી જાણે નાસતા હોય તેમ પાછા ફર્યા. ઈરાની સૈન્ય ઉત્સાહમાં ગાળીનો અંદર પૂરું આવી ગયું એટલે સ્પાર્ટનોએ ચપળતાથી પાછા ફરી પોતાનાં લાંબાં ભાલાંની દીવાલ ચણી દીધી; ગાળીની કરાડો પરથી પથ્થર ને હથિયારોનો વરસાદ થયો; ઈરાની સૈન્યમાં ગરબડ, ભૂમરાણ ને અવ્યવસ્થા મચી ગયાં. કેટલાક પોતાના જ સાથીદારોને હાથે ગબડી પડ્યા, છુંદાયા ને કપાયા. સ્પાર્ટનો એ જ ઈરાનીઓના શબના ગઢ આડે બેસી બાણ-તોમરનો વરસાદ વરસાવતા હતા.

બે દિવસ આમ વીતી ગયા.

ઝર્કસિસ દિમિત્રની વાતની સચ્ચાઈ અનુભવતો હતો ત્યાં એક ગ્રીકે એને મળવાની રજા મંગાવી. ગ્રીકોમાં એ અમીચંદ હતો. ખોબા સોના માટે એ દેશને વેચવા નીકળ્યો. એણે ઝર્કસિસને કહ્યું કે સૈન્યને પસાર થવા માટે તો આ માર્ગ સિવાય બીજો માર્ગ નહોતો, પણ એક બીજી કેડી ડુંગરામાં થઈને જતી હતી-જેના પરથી બે-ચાર હજાર સિપાહીઓને ગ્રીકોની પાંછલી બાજુએ ઉતારી દેવાનું મુશ્કેલ ન હતું. ને જો આમ પાછલા હલ્લાને પરિણામે ગ્રીકો પોતે જ થર્મોપોલીની નાળમાં સપડાઈ જાય તો પરિણામ સાવ ઉઘાડું જ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝર્કસિસે એને ઈનામ આપ્યું ને પોતાના ચુનંદા સૈનિકોને એ કેડીએ રાતના અંધારામાં રવાના કર્યા. લિપો-નીદાસને આ કેડીની ખબર નહોતી એમ નહિ, પણ એણે એ કેડીને દુર્ગમ ને ગુપ્ત સમજી ઓછા માણસો રાખ્યા હતા. આ માણસોએ જ્યારે ઈરાની સૈન્ય જોયું ત્યારે ગાભરા બની ગયા. કેટલાક તો સામનો કરવાનું ભૂલી જઈ નીચે લિપોનીદાસને ખબર આપવા દોડી ગયા.

નજૂમીએ આગલી સાંજે આંહી રહેનાર સૌને માટે મોત નિર્માણું છે એમ કહેલું. પણ તે આટલું જલદીથી આવશે એમ ત્યારે સૌએ ધાર્યું નહોતું. લિપોનીદાસે જ્યારે પછવાડે પહાડો પરથી ઊતરી આવતી ઈરાની સેનાના સમાચાર સાંભળ્યા ત્યારે એણે પોતાના સૈન્યને ભેગું કર્યું ને કહ્યું :

'હવે સામનો કરવો નિરર્થક છે, તમે સૌ ચાલ્યા જાઓ ને બાકીના ગ્રીકો સાથે મળી અનુકૂળ જગ્યાએ સામનો કરજો.'

'ને તમે ?'

'હું તો સ્પાર્ટાની નોક જાળવતો અહીં જ રહીશ.'

કેટલાકે જવાની ના પાડી, કેટલાકે લિપોનીદાસને પણ આવવા સમજાવ્યું, પણ લિપોનીદાસ દીર્ઘદૃષ્ટિવાળો હતો. એણે બધાને સમજાવ્યા ને માત્ર ૧૦૦૦ માણસો પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે રાખી બાકીનાને વિદાય કર્યા. આ હજારમાં સ્પાર્ટનો તો માત્ર ૨૫૦ જ હતા.

બીજે દિવસે સવારે ઝર્કસિસે દેવની પૂજા કરી, બલિદાન આપ્યું ને બંને બાજુના સૈન્યને હુમલો કરવાની આજ્ઞા કરી. સ્પાર્ટનો આજ સુધી ગાળીના સાંકડામાં સાંકડા ભાગમાં લડવાનું પસંદ કરતા હતા, પણ આજે બેઉ બાજુના હલ્લામાં એ નકામું હતું એટલે બને તેટલો પહોળો ભાગ પસંદ કર્યો, ને ભાલાં-તલવારો લઈ શાહી સૈન્યને સ્વાદ ચખાડવા ઊભા રહ્યા. ઈરાની સૈન્ય આગલા બે દિવસના અનુભવે એવી હેબત પામી ગયું હતું કે એને હુમલો કરવા માટે થઈને પાછળથી ચાબુકોનો માર પડતો હતો. સ્પાર્ટનોએ આજે મરવાનું તો મંડાયું જ છે એમ સમજીને જ જુદ્ધ માંડયું હતું. એમનાં ભાલાં ભાંગી ગયાં એટલે તલવારો ખેંચી, તલવારો જતાં પથરા ઉપાડયા ને છેવટે નખ ને દાંત વતી લડયા. લિપેનીદાસ સિંહની જેમ ઝૂઝયો. એ પડતાં એના શબને માટે ઘમસાણ મચ્યું. ગ્રીકોએ આ શબને દુશ્મનો પાસેથી છોડાવ્યું. એ લેવા જતાં ઝર્કસિસના બે ભાઈઓ મરાયા. છેવટે આંગળીને વેઢે ગણાય તેટલા જ સ્પાર્ટનો રહ્યા, તેમણે કરાડના એક ઢોરા પર ચડી જઈ આશરો લીધો. વીસ-પચીસ જુવાન બાકી રહ્યા હતા ને ઈરાની સૈન્ય મધપૂડાની માખીઓની જેમ ગાળીમાં ઊભરાતું હતું. ઢોરા પર ઊભેલા આ સ્પાર્ટનોને પૂરા કરવા બાણનો વરસાદ વરસતો હતો. એક સ્પાર્ટને કહ્યું: ' આ તો સૂરજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઢાંકી દેશે કે શું ?'

બીજાએ આ સાંભળી કહ્યું: 'તો આપણને ફાયદો, છાયામાં લડવાનું વધારે ફાવશે !'

માણસ અનેક ભયોથી ફફડે છે, પણ એમાં મૃત્યુનો ભય સહુથી ચડી જાય તેવો માને છે. હાથ–પગ જાય કે આંખો જાય, ધન જાય કે માન જાય, એથી માણસ બહુ ગભરાતો નથી, કારણ કે એથી સર્વનાશ થતો નથી. આંધળાને ચાહનારા ને પાંગળાને સેવનારા હોય, ધન–માન જતાં પણ બાળકો–મિત્રો ને સહુનેય પોતાના ખોળામાં બેસાડી હાથ ફેરવતી આ રંગભરી પ્રકૃતિ બાકી રહે છે, પણ મૃત્યુની સાથે જ જાણે સમગ્ર આશા–સુખસ્વપ્નો, મીઠી સ્મૃતિ ને સ્નેહ સાથે જાણે છેલ્લો તાંતણો તૂટી જાય છે. તળિયા કે સીમાડા વગરના અંધકારમાં એ ભળી જાય–આ ખ્યાલથી ભલભલા શૂરો ને સાધુઓ અણીની પળે ડગી જાય છે. ભરદરિયે વહાણ ડૂબે, ઓચિંતાની આગ લાગે ત્યારે સૌ ઘાંઘા થઈ જાય છે, કારણ કે મોતને કોઈ મોતથીયે સવાયા થઈને ભેટતું નથી.

થર્મોપોલી અમર થયું છે, કારણ કે સ્પાર્ટનોએ ભયોના ભય સમા મોતને ત્યાં જીતી દેખાડયું. માનવીના મનરૂપી હિમાલયમાં જે ગૌરીશંકર શિખર છે તેના પર એમણે યશ–ધજા રોપી.

એ ત્રણસોમાં કેવા કેવા મૃત્યુંજીતો હતા ! બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પાર્ટનોની આંખે મોતિયા આવ્યા હતા, એટલે લિપોનાદાસે જ્યારે મોટા ભાગના સૈન્યને પાછા જવાની આજ્ઞા આપી ત્યારે આ સ્પાર્ટનોને પણ ઘેર જવા કહેલું; ઘર તરફ જતાં એ બંને જણા બાજુના ગામમાં જ રોકાયેલા. ઈરાની સૈન્ય પાછળની બાજુથી ઊતરીને લિપોનીદાસને ઘેરવા જાય છે એ જાણીને, બંને જણા ત્યાં થંભી ગયા. આમ તો સામાન્ય રિવાજ મુજબ એ અંધ હતા તે ઉપરાંત લિપોનીદાસે જ એમને રજા આપી હતી એટલે સ્પાર્ટામાં એમને કોઈ કાંઈ કહે તેમ હતું જ નહિ, પણ તે છતાં તેમાંના એકે તો પાછા ફરી સેના સાથે ભેટવાનું નક્કી કર્યું. પોતાના ગુલામને હથિયાર લઈને રસ્તો બતાવવા સાથે લીધો. ગુલામ તો ઈરાની સૈન્ય દેખતાં જ નાસી ગયો ને સ્પાર્ટન મુકાબલો કરતાં જ મૂઓ.

એનો સાથીદાર જ્યારે સ્પાર્ટામાં ગયો ને સ્પાર્ટનોએ આખી વાત સાંભળી ત્યારે સૌએ એનો તિરસ્કાર કરવામાં મણા ન રાખી. કોઈ એને દેવતા ન આપે, કોઈ એના ઘર આગળથી ન નીકળે કે કોઇ એને પાણી ન લાવી આપે; આવું કીર્તિવંત મોત છોડીને એ આવ્યો જ શા સારુ ? આ સ્પાર્ટનને એટલું લાગી આવ્યું કે એ પાછો ફર્યો ને ઈરાની ફોજને પ્લેટીમા આગળ રોકતાં ખપી ગયો.

એક ત્રીજો સૈનિક પણ હતો. એને લિપોનીદાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈક સંદેશો પહોંચાડવા પડખેના શહેરમાં મોકલેલો. લિપોનીદાસ ખપી ગયાના ખબર મળતાં એ સ્પાર્ટામાં આવ્યો, પણ એને એવી શરમ લાગી કે એણે ગળા-ફાંસો ખાધો.

આવા એ સ્પાર્ટનો હતા. ઝર્કસિસે જે ચેતવણી સાંભળી હતી તે ખરી હતી એમ કબૂલ કરવાનો વારો આવ્યો. ને જો ૩૦૦ સ્પાર્ટનો એના ૩ લાખના સૈન્યને રોકી શકે, ૨૦,૦૦૦ ની કતલ કરી શકે તો એથેન્સની પેલી બાજુએ વસતા બાકીના ૮૦૦૦ સ્પાર્ટનોને વશ કરવા એ કેવું ભારે પડી જાય તે તેને સમજાઈ ગયું.

જીવતા હતા ત્યારે જે ૩૦૦ સ્પાર્ટનો એને ડરાવી નહોતા શકતા તેણે મૂઆ પછી ઝર્કસિસને ભય પમાડયો ને સેલેમીસના નૌકાયુદ્ધે એને પૂરો ભોં ભેગો કર્યો.

ગ્રીક પ્રજાએ પણ થર્મોપોલીના નાકા આગળ જ્યાં સ્પાર્ટનો સૂતા હતા ત્યાં નીચેનો લેખ કોરાવ્યો :

'હે મુસાફર, સ્પાર્ટા જા તો કહેજે કે અમારા દેશના રિવાજને અનુસરી અમે મરી સૂતા છીએ.'

મોટું કાવ્ય નહિ! કલ્પનાનો ભંડાર નહિ! શબ્દ ઝગમગતો વૈભવ નહિ! સાદી વાત–'રિવાજને અનુસરીને'–અમે કાંઈ અદ્‌ભુત પરાક્રમ નથી કર્યું, બીજા સ્પાર્ટનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં અમે કાંઈ લોકોત્તર દૈવી પુરુષો નથી. જે રિવાજને સૌ સ્પાર્ટનો સ્વયંસિદ્ધ ગણે છે તે રિવાજને અનુસરતા અમે અહીં સૂતા છીએ.

સાચા શૂરવીરો સંયમના અવતાર હોય છે. વાણા એને ખપતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

શૂરભૂમિ સાલેમીસ

થર્મોપોલીના સમાચાર ગ્રીસમાં ફરી વળ્યા. આખું ગ્રીસ બચાવ શોધવામાં પડ્યું; કાયરો હતા તે ઈરાની સૈન્ય અજેય છે, હવે સૂરજ સામે ધૂળ ઉડાડવામાં મૂર્ખાઈ છે એમ કહી ઝર્કસિસને શરણે જવા લાગ્યા–પણ એથેન્સ ને સ્પાર્ટામાં બમણા જોરથી તૈયારી થવા માંડી. સ્પાર્ટા ને એથેન્સ વચ્ચે કોરીન્થની સાંકડી સંયોગીભૂમિ આવેલી છે, તેના પર સ્પાર્ટનો કિલ્લાઓ, ખાઈયો, ને આડશો બાંધવા મંડી પડ્યા; એથેન્સવાસીઓનો સવાલ વધારે વિકટ હતો. સ્પાર્ટાને તો કોરીન્થની સંયોગીભૂમિ જેવી રક્ષણ કરવા યોગ્ય કુદરતી જગ્યા હતી. એથેન્સ તો એક મેદાનમાં આવેલું હતું એટલે એનું રક્ષણ ભારે મુશ્કેલ હતું, પણ દુશ્મનને નમવું નહિ તે નિશ્ચય એટલો અડગ હતો કે એક જણે સભામાં ઝર્કસિસ સાથે સમાધાન કરવાની વાત કરી તો લોકોએ એને મારી નાખ્યો, ને શહેરની સ્ત્રીઓએ એના ઘેર જઈ એના સ્ત્રી–બાળકોને મારી નાખ્યાં. ભારે જંગલી હતું આ કામ–કોઈ એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સંમત નહિ થઈ શકે; પણ 'નહિ નમવું' એ નિશ્ચય કેટલો દૃઢ ને સર્વવ્યાપી હશે તેનો એ પુરાવો છે. સાચી રીતે તો લિપોનીદાસ ને એના સાથીદારો જાણે અશરીરી બની એથેન્સના નાગરિકોમાં પેઠા હતા. એથેન્સ પાયમાલ થવા, ધરાશાયી થવા–રાખ બની જવા તૈયાર હતું–પણ આપખુદ જંગલીને તાબે થવા તૈયાર ન હતું.

ડેલ્ફીના દેવતાઓએ કહ્યું હતું કે કાષ્ઠનો કિલ્લો એમનું રક્ષણ કરશે. લોકોનો મોટો ભાગ વહાણને જ કાષ્ઠનો કિલ્લો સમજી પોતાનો સરસામાન વહાણમાં ચડાવતો હતો; બહુ થોડા એવા હતા કે જે એથેન્સમાં જ રહેવા માગતા હતા. એક્રોપોલીસની ટેકરીને જૂના જમાનાથી લાકડાનો ગઢ હતો, એ લોકો આ લાકડાનો ગઢ બચાવશે તેવો ભવિષ્યવાણીનો અર્થ કરતા હતા. અલબત્ત એવા થોડા જ હતા.

એટલા બધા થોડા કે ઝર્કસિસને એથેન્સના શહેર ને ગ્રામવિસ્તારમાં થઈને માત્ર પાંચસો જ કેદીઓ મળેલા. બાકીના બધા જ નાગરિકો સેલેમીસના બેટમાં ચાલ્યા ગયા હતા. સેલેમીસ બહુ દૂર નહોતું, કેટલાક કૂતરાઓ આ હિજરત વખતે પોતાના માલિકથી વિખૂટા ન પડવા ત્યાં સુધી તરીને ગયા હતા. ને એરીકાના કાંઠા પરથી એ દેખાતું હતું. બંને વચ્ચે એક સાંકડી જ સામુદ્રધૂની હતી, ને કેટલીક જગ્યાએ તો માત્ર પા માઈલ જેટલી જ પહોળી હતી. પણ ઝર્કસિસનો હાથ ત્યાં પહોંચી શકે તેમ નહોતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ કે એનું ભૂમિસૈન્ય થર્મોપોલીની આડશ દૂર થતાં છ જ દિવસમાં અહીં પહોંચી ગયું હતું, પણ નૌકાસૈન્ય એની સાથે પહોંચી શક્યું નહોતું–કારણ કે ગ્રીકોનું નૌકા-સૈન્ય હજુ અકબંધ ને અપરાજિત ઊભું હતું. એણે રીસમાં ને રીસમાં એક્રોપોલીસ તરફ નજર ફેરવી. એથેન્સમાં ફક્ત ત્યાં જ થોડી વસ્તી હતી–બાકી બધું ઉજ્જડ હતું. જાનવરો પોતાના માલિકોના વિયોગે રાતદિવસ વિચિત્ર અપશૂકનિયાળ રાગે રોતાં–ને રાત્રે હેતુહીન દોડાદોડ કરી મૂકતાં. ઝર્ક્સિસ એની સાથે દેશનિકાલ થયેલા પીસીસ્ટ્રી-સના વારસદારને એથેન્સમાં રાજ્યાભિષેક કરાવવા આવ્યો હતો; પણ અહીં તો કોઈ રૈયત જ નહોતી–રાજા થાય કોનો ? થોડાક ગણ્યાગાંઠયા પ્રજાજનો હતા તે તો એક્રો-પોલીસના મંદિરમાં ભરાઈ બેઠા હતા ને કિલ્લો ખોલવાની કે નીચે ઊતરવાની ના પાડતા. ઈરાની સૈન્યે છેવટે એ પ્રાચીન દેવધામ પર હુમલો કર્યો.

એક્રોપોલીસ એ ૧૫૦ ફૂટ ઊંચી ને ૧૦૦૦ ફૂટ લાંબી ટેકરી પર આવેલું છે. એની ત્રણ બાજુએ ચઢાય તેવું નથી—ને એક બાજુએ એ કાળે લાકડાનો ગઢ હતો. સળગતાં બાણો વડે આ ગઢનો નાશ કરીને ઈરાની સૈન્ય અંદર પેઠું, નાગરિકોને કેદ કર્યા–પીસીસ્ટ્રીસની તાબેદારી સ્વીકારવાનું કહ્યું–પણ એમણે કતલ થવાનું પસંદ કર્યું. ઝર્ક્સિસ જીતીને હારતો હતો. સીધી હાર એને સમજાતી હતી. પણ હારેલા એની જીતને ન સ્વીકારે તેનાથી એ ખિજાતો હતો. ખીજમાં ને ખીજમાં એણે બધા ગ્રીકોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રેરણાધામને બાળી નાંખ્યું. એને ખબર ન હતી કે એક્રોપોલીસને બાળીને એ ગ્રીક શિલ્પીઓને નવી રચના કરવાને પ્રેરતો હતો. એક્રોપોલીસને બાળ્યા પછી એણે સેલેમીસ તરફ જોયું. એનું નૌકાસૈન્ય એથેન્સના બંદરમાં આવી ગયું હતું.

×

સાલેમીસમાં જે મળ્યા હતા તે બધામાં પણ મતભેદો કાંઈ મટયા ન હતા. કોરીન્થની સંયોગીભૂમિની પેલી બાજુના રાજ્યોના નૌકાપતિઓ ઈરાની સૈન્યનો મુકાબલો કોરીન્થની સંયોગીભૂમિ પાસે કરવા ઈચ્છતા હતા. કારણ કે તો એમને પોતપોતાનાં રાજ્યો નજીક પડે તેમ હતાં, ને ત્યાંથી જરૂરી સરંજામ મળે-તેમજ વિપરિત સંજોગોમાં કાંઠેથી ઊતરીને નાસી છૂટાય તેવી શકયતા હતી. સાલેમીસ તો બેટ હતો-ત્યાં જો યુદ્ધમાં હાર્યા તો એ બેટમાં તો ચારે દિશા રૂંધાઈ જાય તેવું હતું. એથેન્સ-મગારા-ને બીજાં રાજ્યો જે કોરીન્થની સંયોગીભૂમિ ને એથેન્સની વચ્ચે આવેલાં હતાં તેઓ યુદ્ધ સાલેમીસની સામુદ્રધુનીમાં આપવાની તરફેણમાં હતા. એક તો અહીં દરિયો સાંકડો હતો, ને કોરીન્થ પાસે દરિયો અખાત જેવો પહોળો હતો, ને બીજું જો કોરીન્થ સુધી પાછા હઠે તો વચલો આખો મુલક વગર લડયે ઇરાનીઓના હાથમાં પડે તેમ હતું. પણ સ્પાર્ટા ને કોરીન્થ મક્કમ હતા. નૌકાપતિઓની સભામાં મોટા ભાગનો મત એથેન્સની વિરુદ્ધ પડયો હતો. થેમીસ્ટોકલીસ-એથેન્સનો નૌકાપતિ મૂંઝાયો હતો. વિધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચિત્રતા તો એ હતી કે ગ્રીકોના નૌકાસૈન્યમાં કુલ ૩૬૦ વહાણો બધાં મળીને હતાં. એમાં ૨૦૦ ઉપરાંત વહાણો તો એથેન્સનાં હતાં. એથેનીયન નાવિકો ને સૈનિકોથી એ સજ્જાયાં હતાં. એની ઈચ્છાને તો કોઈ ગણકારતું જ નહોતું–ને જે સ્પાર્ટા ને કોરીન્થ બંનેના મળીને ૫૦ વહાણો હતાં તેની ઈચ્છા જ આખરી બની હતી.

થેમીસ્ટેકલીસ ફરીને સભાના પ્રમુખને મળ્યો. ને એકાંતમાં એને આ વાત સમજાવી–ને કહ્યું કે તો તો અમે ફક્ત તમારા સ્પાર્ટા ને કોરીન્થ માટે ત્યાં લડવા આવીએ ને અમારું શહેર ને ભૂમિ સામેથી ચાલીને દુશ્મનને સોંપી દઈએ ? પ્રમુખને આ વાત ગળે ઊતરી. પણ સામાન્ય રીતે સભાનો નિર્ણય થઈ ગયા પછી ફરી એ જ વાત માટે સભા બોલાવાતી નથી. પણ પરિસ્થિતિ અસામાન્ય હતી. એથેન્સને ખીજવવું પાલવે તેમ નહોતું,–તો ગ્રીસની એકતા જ ભયમાં હતી. આવા ખ્યાલથી એણે સભા ફરી બોલાવી. સભા હજી શરૂ થાય તે પહેલાં થેમીસ્ટેકલીસ તો છૂટક છૂટક સૌને વાત કરવા માંડ્યો હતો. કોરીન્થના પ્રતિનિધિથી આ સહન ન થયું. એ ઠપકો આપતાં કહે: “થેમીસ્ટેકલીસ ! ઓલીમ્પિક શરતોમાં જે નિશાની આપ્યા પહેલાં દોડવા માંડે છે તેને ફટકા પડે છે હં.”

થેમીસ્ટેકલીસે કહ્યું: “પણ જે મોડા પડે છે તેને પણ વિજય મળતો નથી.” ને પછી સભામાં પોતાનું દિલ ખુલ્લું કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સાલેમીસની સામુદ્રધુની સાંકડી છે. અહીં ઇરાની વહાણો મોટાં ને ભારે હોવાથી એમને લડવું નહિ ફાવે. કોરીન્થના ખુલ્લા સમુદ્રમાં એમને ફાવશે, ઉપરાંત અહીં લડીએ ને જીતીએ તો સ્પાર્ટા ને કોરીન્થનું રક્ષણ થશે જ; પણ કોરીન્થીયનો ને સ્પાર્ટનો આ બધું સાંભળવાના મુડમાં નહોતા. એમનો મિજાજ તો નક્કી થઈ ગયેલા નિર્ણય બદલાવવા આ સભા બોલાવી તે જોઈને જ ખાટો થઈ ગયો હતો. એમાંના એકે કહ્યું.

"થેમીસ્ટેક્લીસને અહીં બોલવાનો કશો અધિકાર જ નથી. એ શામાટે આ બધી ઘોબાળાળી કરે છે? કયા સ્વતંત્ર શહેર વતી એ આ સભામાં ઊભેલ છે, એથેન્સ તો ગયું છે. જ્યાંસુધી એકાદ સ્વતંત્ર શહેર વતી અહીં બોલે છે એમ ન બતાવી શકે ત્યાંલગી પ્રમુખને એનો મત લેવાનો બંધારણીય દૃષ્ટિએ હક્ક નથી."

થેમીસ્ટેક્લીસ–આ કઠોર ને કૃતઘ્ન વેણ સાંભળી ભભૂકી ઊઠયો.

"મારી પાસે કોઈ શહેર નથી–પણ ૨૦૦ વહાણો છે ને એના વતી એક નહિ પણ કોરીન્થ સમા સાત શહેરો હું જીતી શકું તેમ છું–કૃતઘ્ન લોકો એ ભૂલી ગયા લાગે છે. મને સમજાઈ ગયું છે કે તમારી પાસે સમજાવટ ને આજીજી નકામી છે, એથેન્સ વતી તમને સહુને કહી દઉં છું કે આંહી રહીને જો લડવાનો નમે સંકલ્પ કરશો તો સહુ સારાં વાનાં થશે–પણ તેમ નહિ કરો તો દેવતાઓ ગ્રીસ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વનાશ નોતરવા માટે તમને ઢંડશે. અમારા માટે તો અમારું શહેર ને અમારી સામગ્રી જે કહો તે આ વહાણોમાં છે. આ ઘડીએ જ અમે એમાં ચડી જશું ને ઈટાલીમાં નવું એથેન્સ વસાવશું. અમારા વિનાના તમે કેવીક ધાડ મારો છો તે આપણે જોશું."

પ્રમુખ રાતે જ અરઘોપરઘો તો સમજી ગયો હતો–પણ થેમીસ્ટેકલીસનો આ નિર્ણય સાંભળીને તો આ પૂરેપૂરો ગળી ગયો. સ્પાર્ટનો ને કોરીન્થીયનો પણ અવાચક થઈ ગયા, કારણકે એથેનીયન કાફલા વિના નૌકાસૈન્ય પાંગળું હતું તે દીવા જેવી વાત હતી. એટલે પ્રમુખે પ્રશ્ન મત પર મૂક્યો જ નહિ. પણ પોતાની જવાબદારી પર જ જૂનો નિર્ણય ફેરવશે તેમ જાહેર કર્યું. ને બધાએ ઇચ્છાએ કે અનીચ્છાએ તેની સામે વિરોધ ન કર્યો ને જે ઊપડવાની તૈયારી કરતા હતા તે રોકાઈને મુકાબલાની તૈયારી કરવા માંડયા; પણ સ્પાર્ટનો પોતાનું ધાર્યું ન થયું તેથી ધુંધવાતા હતા. એમાં સ્પાર્ટાના ભૂમિસૈન્ય તરફથી સંદેશો આવ્યો કે 'અમે અહીં કિલ્લા બાંધવામાં ને ખાઈઓ ખોદવામાં રાતદિવસ રોકાયા છીએ ત્યારે તમે ત્યાં શાના રોકાઈ પડયા છો? અહીં આવો. જેથી નૌકાદળ હારે તો પણ જમીન પર તો સામનો કરી સ્પાર્ટાને બચાવી શકીએ. ત્યાં રોકાશો તો અહીં રક્ષણનો પાકો બંદોબસ્ત થઈ નહિ શકે ને બંને બગડશે." ઉપરાછાપરી આવા સંદેશા આવવા માંડયા એટલે સ્પાર્ટા ને કોરીન્થના નાવિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિકો પાછા ઊકળી ગયા; ને કેટલાકે તોફાને ચડી, પ્રમુખ પાસે ફરી કાર્યકારિણી સમિતિ બોલાવવાની માગણી કરી. ફરી સભા–ફરી એજ ચર્ચા એ જ સામસામા વાક્-પ્રહારો ને ધમકીઓ–

થેમીસ્ટેકલીસે જોયું કે મોટા ભાગના નૌકાપતિઓ તેની વિરુદ્ધ છે; અહીંથી જવા જ માગે છે–હવે ચર્ચાનો અર્થ નહોતો. હવે તો તેઓ ધારે તો પણ જઈ ન શકે તેવું કરવું તે જ ઉપાય હતો. વખત ઝાઝો હતો નહિ, ઉપાય શોધી કાઢયો; પણ બેધારી તલવાર જેવો હતો. સભા હજુ ચર્ચા કરતી હતી તે દરમ્યાન જ તે બહાનું કાઢીને ઊઠી ગયો. જઈને પોતાના એક વિશ્વાસુ ઈરાની ગુલામ જોડે ઝર્કસિસને સંદેશો કહેવડાવ્યો " હુ થેમીસ્ટેકલીસ તમારું હિત તાકીને આ સમાચાર કહેવડાવું છું કે ગ્રીકોની અંદરો અંદર વિખવાદ છે ને કેટલાક ઈરાની પક્ષે ભળી જવાની તૈયારી કરે છે–કેટલાક નાસી છૂટવા માગે છે. તમે જો અત્યારે સાસુદ્રધુનીના બંને નાકાં બંધ કરી દો તો એમને હરાવવાનો ખરો લાગ છે, કેટલાક તમારા પક્ષે ભળશે ને કેટલાક વિમાસણમાં પડી ગભરાઈ જશે."

ઈરાની શહેનશાહ આ સંદેશો સાંભળી ખુશ થઈ ગયો. એણે તરતજ પોતાના કાફલાને એ અરધો માઈલ પહોળી સાસુદ્રધુનીનાં બંને મોં બંધ કરી દેવાનો હુકમ કર્યો. રાતોરાત એનો અમલ પણ થઇ ગયો. દરમ્યાન ગ્રીકોની અનંત ચર્ચાસભા તો ચાલુજ રહી. થેમીસ્ટેકલીસ એ ઝટ પૂરી થાય તેમ ઈચ્છતો નહતો. એટલે જ્યારે સભા કાંઇક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણય પર આવે તેવું લાગે કે તરત કાંઈક ઊંબાડિયું મૂકતો ને ફરી ચર્ચા જોરશોરથી ભભકી ઊઠતી. જ્યારે થેમીસ્ટેકલીસને ઈરાની સેનાએ નાકાં બંધ કરી દીધા છે એવા પાકા ખબર મળ્યા ત્યારે એણે સભાને વજ્રપાત સમા એ ખબર સંભળાવ્યા. પણ સભા એ માનવા તૈયાર નહોતી. થેમીસ્ટેકલીસના સાચાબોલાપણા પર બધાને બહુ (!) વિશ્વાસ હતો !

થેમીસ્ટેકલીસે સમાચાર લાવનાર દૂતો રજૂ કર્યા પણ સભાને મન એ બધું બનાવટી હતું. હવે થેમીસ્ટેકલીસ મૂંઝવણમાં પડયો. એણે નાકાબંધી તો કરાવી હતી–ધાર્યું હતું કે ગ્રીકો ન છૂટકે લડશે, પણ ગ્રીકો તો એના મોંએથી બહાર પડેલ સમાચાર સાચા હોય તો પણ સાચા માનવા તૈયાર ન હતા. ને લડવા તૈયાર ન થાય તો તો ઈરાની સૈન્ય ભીંસી જ મારે–પણ ગ્રીકના ભાગ્ય પર હજુ તાળું દેવાઈ નહોતું ગયું. બરાબર આ જ વખતે દેશનિકાલ થયેલો એરીસ્ટેકલીસ આવી પહોંચ્યો; એણે સભા વચ્ચે ઊભા રહીને કહ્યું.

"થેમીસ્ટેકલીસના સમાચાર સાચા છે. નાકાબંધી થઈ ગઈ છે. હું મહામહેનતે સરકીને અહીં આવ્યો છું." ને પછી થેમીસ્ટેકલીસ તરફ ફરીને કહ્યું.

"આજ સુધી આપણે એકબીજાને હલકા પાડવાની હરીફાઈ કરી છે. હજુએ આપણે હરીફાઈ કરીએ પણ તે આ આફતમાંથી ગ્રીસને વહેલું ઉગારવામાં. તું સેનાપતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે ને હું તારા હાથ નીચે સલાહકાર તરીકે.” કહી એણે થેમીસ્ટેકલીસ સાથે હાથ મિલાવ્યો. જાણે ગ્રીસની પ્રજ્ઞા ને વીર્ય બંનેનો સંગમ થયો. સૌને થયું હવે ગ્રીસનો વિજય નિશ્ચય છે.

ઝર્કસિસે પોતાનું ભૂમિસૈન્ય સેલેમીસના સામા કાંઠે ગોઠવ્યું હતું; ને પોતાનું સિંહાસન એક ઊંચા ખડક પર ગોઠવ્યું હતું; જેથી પોતાની નજર સામે ખેલાતું નોકાયુદ્ધ જોઈ શકે. આ પ્રસંગની ઝીણી વિગતે નજર બહાર ન રહી જાય એટલા માટે પોતાના સિંહાસનની ચારે તરફ એણે લહિયા બેસાડયા હતા; ને ઈરાની સમ્રાટની આ સાહસકથા પૂરેપૂરી લખાય. એ તેની ઈચ્છામાં થોડો જ ફેર પડયો. માત્ર એ કથામાં જય-પરાજયની જગ્યા અદલબદલ થઈ ગઈ.

ગ્રીકો લડવાને માટે આગળ વધ્યા પણ ઈરાની નૌકા-સૈન્યાના અગણિત વહાણો જોઇને હિંમત હારી પાછા હઠવા માંડયા; ઈરાની ફોજના જયધ્વનિ વધારે ને વધારે સંભળાવા માંડયા, ગ્રીકો પાછા ને પાછા હઠતા ગયા-જાણે એમની આશાનો ઓટ આવી ગયો. ઈરાનીઓ એમના કરતાં દસગણા હતા-છેવટે એમનાં વહાણુનાં તળિયાં કાંઠાના રેતીમાં ઘસાવા માંડયા. પાછાં ફરીને જોયું તો દેવી એથેનાની તેજોમયી મૂર્તિ વહાણોને દરિયા તરફ ધકકેલતી કહેતી હતી. “અરે શૂરવીરો હવે કયાં સુધી પાછા હઠશો? આગળ ધસો.” જેણે જેણે આ જોયું. તેનો ભય નાસી ગયો-પૂરમાં તણાતા હોય તેમ વહાણોને ઈરાની આરપાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે છોડયાં–ને બૂમ મારી: "આગળ ધસો, દેવી એથેના આપણી પછવાડે ઊભાં છે, આગળ હાંકો." એથેના–એથેન્સ-વાસીઓની નગરદેવી, એક્રોપોલીસની ટેકરી પરથી એમનું રક્ષણ કરવા સેલેમીસ ઊડીને આવ્યાં એ કથાએ જ નવું જોમ પૂર્યું ને ઘડી પહેલાં બીધેલાં હરણાંની જેમ જે ગ્રીક વહાણો નાસભાગ કરવાનો લાગ શોધતાં હતાં તે તીરની જેમ ઈરાની વહાણોના સમૂહ વચ્ચે ખૂંચી ગયાં.

ઈરાનીઓએ ઓચિંતાનું આમ થશે તેમ ધાર્યું નહોતું; પોતાના સંખ્યાબળ પર તો એમને વિશ્વાસ હતો ને ગ્રીકોને નાસતા જોઈને તે તો વત્રી ગયો જ હતો; એટલે આ ફેરફારથી એ ચમકી પડયા; એમના મોટા વહાણો ઝટ હરીફરી શકે તેમ નહોતાં, ઉપરાંત ખુલ્લા દરિ-યામાં પડેલો એમનો પાછળનો કાફલો પણ આગલાં વહાણોની પછવાડે પછવાડે સાંકડી સામુદ્રધુનીમાં પેસી ચૂકયો હતો–એટલે એમના જ વહાણોએ એમને નાકાબંધી કરી તેવું થયું હતું. નાના ગ્રીકવહાણો પરના ચપળ ગ્રીકો આ વાત સમજી ગયા; ને જોરથી હલ્લો શરૂ કર્યો: ઈરાની સૈનિકો દરિયાના ભોમિયા નહોતા, એમને તરતાં પણ આવડતું નહોતું એટલે જે પડતા તે ડૂબી જતા, જ્યારે ગ્રીકો તો તરવૈયા હતા. એટલે વહાણમાંથી ઊથલી પડતા તો પણ તરીને કાંઠા પર કે વહાણ પર ચડી જતા.

ઝર્કસિસ કાંઠાના ટેકરા પરથી પાછા હઠનારાને હાથી-પગે કરી નાખવાની ધમકીઓ આપતો હતો–પણ અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે દરિયાનાં મોજાં વચ્ચે એ ડૂબતાં ભાંગતાં-ને ભાગતાં, વહાણોના ખલાસીઓ એનું સાંભળે તેમ નહોતા. એમના હલેસાં જ એ સાંકડી જગ્યામાં એકબીજાની સાથે અથડાઈને ભાંગી ગયાં હતાં-જીવ માટે નાસતા એ વહાણો પોતાના જ એકાદ વહાણને ડૂબાડી ઉપર થઈને આગળ વધતાં.

થોડા જ કલાકમાં ઈરાની કાફલો વેરવિખેર થઇ ગયો.

ઝર્કસિસના ક્રોધનો પાર નહોતો. એણે કેટલાકને મોતની સજા કરી, પણ સાચેસાચ જેણે પીછેહઠની શરૂઆત કરી હતી તે લોકોએ તો સીધી પોતાના વતનભણી જ પીછેહઠ કરી હતી-એ ઝર્કસિસને મોઢું બતાવવા થોભ્યા જ ન હતા;

ઝર્કસિસે પહેલાં તો એક મોટો ડુંગર ખોદીને સેલેમીસ સુધીનો દરિયો પૂરી નાખવાનો નિશ્ચય જાહેર કર્યો. દરિયો સુકાવી નાખવાની ધમકી આપી-પણ સૌ એ વાત કેટલી પોલી હતી તે સમજતા હતા. એટલે એના સેનાપતિએ એને સમજાવ્યું કે આ હાર જ નહોતી; એથેન્સ તો એણે જીત્યું જ હતું-ને ભૂમિસૈન્ય તો અકબંધ હતું-એટલે હવે એ પાછો જાય તો કાંઈ વાંધો ન હતો. એનો મુખ્ય સેનાપતિ આ બાકી રહેલા ગ્રીકોને પૂરો પડશે; આવા નાના કામમાં એના જેવા શહેનશાહે રોકાવાની જરૂર નહોતી.

આ સુંદર (!) ને શાણી સલાહ ઝર્કસિસને ગમી, ને પોતાના ડેરાતંબૂ ઉપાડવાની આજ્ઞા આપી; કાફલાને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઠે કાંઠે હેલેસ્પોંટ પર બાંધેલ પુલે પહોંચી જવાની આજ્ઞા કરી.

ગ્રીકો પોતાના વિજયથી અપાર ઉત્સાહમાં આવી ગયા હતા; થેમીસ્ટેકલીસ તો આકાશમાં ઊડતો હતો–ઝર્કસિસના ઊપડવાના સમાચાર મળ્યા ત્યારે એણે નૌકા કાફલાનો પીછો લઈ હેલેસ્પોંટનો પુલ તોડી નાખવાની દરખાસ્ત મૂકી. બીજા પણ એમ કરવા થનગની ઊઠ્યા–પણ એરીસ્ટેડીસે કહ્યું, " એમ કરશું તો ઊલટો ભય વધશે. અત્યાર સુધી ઝર્કસિસનું સૈન્ય વિજય માટે લડતું હતું. પણ હેલેસ્પોંટનો પુલ તૂટતાં અહીં પુરાઈ જશે એટલે જીતવા માટે ઝનૂનથી લડશે; ને એવડા સૈન્યની સાથે બાથ ભીડવાનું હજી આપણું ગજું નથી. એ જો જતો જ હોય તો એક બીજો પુલ આપણે બાંધી દેવો જોઈએ. જેથી આફત વહેલી ટળે."

થેમીસ્ટેકલીસનું ભેજું ફળદ્રુપ હતું. એણે ફરી પોતાના ઈરાની ગુલામને તૈયાર કર્યો ને ઝર્કસિસને કહેવરાવ્યું કે "તમારા હિતને ખાતર મારા દેશભાઈઓના ખોફનું જોખમ વહોરીને આ ખબર આપું છું કે ગ્રીકો હેલેસ્પોંટ પરનો પુલ તોડી નાખવા તૈયાર થયા છે. વેળાસર પુલ પાર કરી જાઓ તો સલામતી છે."

ને ઝર્કસિસે પોતાના હિતેચ્છુની સલાહ પ્રમાણે જોશ-કદમ કૂચ ઉપાડી, ને અક્ષત શરીરે એશિયાને કાંઠે પગ મૂક્યો ત્યારે નિરાંત અનુભવી.

માણસજાતે એના ઈતિહાસમાં પોતાની સફતાનીલતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિચલ ધૈર્યના ઘણા પ્રસંગો નોંધાવ્યા છે. ઝર્કસિસની મહાસેનાની ગ્રીકોએ જે મીટ્ટી દાણાદાણ કરી તે ચોક્કસપણે એવા મહાન પ્રસંગોમાંનો એક છે જ. પણ ઝર્કસિસના પરાજયનાં બીજાં પણ કારણો હતાં. ને એમાંનું સૌથી મોટું કારણ તો એ પ્રચંડ સેના ભાડૂતી હતી; એમાં એલેક્ઝાંડરની સેનાના મહાવિજયનો ઉત્સાહ કે ટ્રોયને ઘેરવા ગયેલા ગ્રીકોનો વૈરાગ્નિ નહોતો. એ તો ગુલામ તરીકે પછવાડે ઊભેલા ઈરાની ચાબૂકના ડરે લડતા હતા; એ ભાતભાતના લોકોને એકઠા રાખનારું બળ ભય જ હતો, અંદર અંદર એકબીજાની બોલી પણ એ સમજતા ન હતા—એમને જય–પરાજયની પડી નહોતી. પોતાના જીવની જ પડી હતી. ઉપરાંત ગ્રીકભૂમિ ગ્રીકોના જેવી જ કઠણ ને ગરીબ હતી. એમને લૂંટફાટ માટે પણ ઝાઝું તો મળે તેમ નહોતું જ પણ કેટલીયે વાર તો ખુદ પોતાના ખાવા માટે પણ એશિયાકાંઠેથી આવતા અનાજ પર આધાર રાખવાનો હતો—કારણ કે સામાન્ય સમયમાં પણ ગ્રીસમાં પોતાનો ખોરાક પૂરો પાકતો નહિ. એટલે તો એણે વ્યાપારી પ્રજા થવું પડ્યું હતું. એમાં આવા ગ્રીસની વસ્તી કરતાં વધારે સંખ્યાવાળી ફોજ આવીને પડે તો એની રોજની જરૂરિયાતોમાં કેટલી વિપત્તિ પડે તે સમજાય તેવું છે. એટલે જ્યારે ઝર્કસિસે આ શુષ્ક, કઠોર ને ભિખારી ભૂમિને તજી જવાનો વિચાર કર્યો ત્યારે સૈનિકો પોતાને મળેલી હારને ભૂલી જઈ માનવઘોષ કરી ઊઠેલા.

પણ આથી ગ્રીકોનું પરાક્રમ ને સંકલ્પ કાંઈ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછા ઊતરતા નથી. ગરીબાઈની સાથે ગૌરવ, સ્વમાન, દૃઢતા ને એકલઠ્ઠાપણું હોવું તે ઊલટું દુર્લભ ગણાય છે. થર્મોપોલી ને સેલેમીસમાં તે બતાવીને ગ્રીકોએ ગ્રીસમાં નવો જમાનો–સુવર્ણયુગ શરૂ કર્યો તે હવે પછી જોઈએ.

દુશ્મને છક્કડ ખાધી હતી પણ હજુ નિર્મૂલ નહોતો થયો. ઝર્કસિસ ગયો હતો પણ પાછળ ત્રણ લાખના સૈન્ય સાથે પોતાના સેનાપતિ મરડોનીયસને મૂકતો ગયો હતો. એને હરાવે નહિ ત્યાંસુધી એથેન્સની સ્વતંત્રતા સિદ્ધ થઈ ન હતી. થેમીસ્ટેકલીઝે સેલેમીસમાં વિજય અપાવ્યો હતો. નવો વિજય એરીસ્ટેડીઝ અપાવવાનો હતો. જે હોડ યૌવનમાં આરંભી હતી તેમાં એરીસ્ટીડીઝ ચિત્ત થવા તૈયાર ન હતો.

એથેન્સવાસીઓ સેલેમીસમાંથી પોતાની ઘરવખરી લઈને એથેન્સમાં હજુ ઠરીઠામ નહોતા થયા, ભાંગેલા ઘરો સમારતા હતા ત્યાં ઈરાની સેનાપતિનો સંદેશવાહક આવ્યો; સંનિપાત ભેરીથી બધા એથેન્સવાસીઓને સભાગૃહમાં આવવાનું સંભળાવ્યું. સંદેશો લાવનાર મેસીડોનીયન રાજા એલેકઝાંડર હતો. (મહાન સિકંદર નહિ) એણે સંદેશો સંભળાવ્યો.

" એથેન્સવાસી, ઈરાની સેનાપતિએ મારી જોડે કહાવ્યું છે કે એને રાજા ઝર્કસિસ તરફથી તમને કહેવડાવવા માટે નીચેનો સંદેશો મળ્યો છે. " એથેનીયનોએ મને જે કાંઈ નુકસાન પહોંચાડ્યું છે તે બધું ભૂલી જવા, ને ક્ષમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવા હું તૈયાર છું, એટલે એમને એમનો મુલક પાછો આપવો, ઉપરાંત એમને ગમે તેટલો બીજો પ્રદેશ પોતાના રાજ્યમાં અડખેપડખેથી ભેળવવા દેવો, એમના રીત-રિવાજો ને કાયદા અખંડિત રાખવા. મારી સાથે જો મૈત્રી કરવા તૈયાર હોય તો મારી આજ્ઞા છે કે એમના જે મંદિરો મેં બાળ્યાં છે તે ફરીથી બંધાવી આપવા. મરાડોનીયસ મારી સાથે કહેવડાવે છે કે તમે ઇચ્છતા હો તો આ બધું કરવાની મને આજ્ઞા છે. મારા તરફથી હું તમને પૂછું છું કે આવડા પ્રતાપી ને વિશાળ સામ્રાજ્ય સામે તમે ક્યાં સુધી ઝીક ઝાલવાના ? તમે એક સૈન્યને હરાવશો તો બીજે દિવસે એવાં દસ સૈન્યો એ ઊભાં કરશે. એનાં કરતાં સમ્રાટ હાથ લંબાવે છે ત્યારે એ સ્વીકારો, ને આબાદી મેળવો, સમસ્ત ગ્રીકોમાં ફક્ત તમારી જ મૈત્રી સમ્રાટ ઇચ્છે છે; ને બધા જ ગુના ક્ષમા કરવા તૈયાર છે.

સ્પાર્ટનોએ ઈરાની દૂત મૈત્રી ને સંધિની દરખાસ્ત લઇને એથેન્સ આવેલ છે એ સમાચાર સાંભળતાં જ ચિંતાતુર થઈને પોતાના દૂતોને દોડાવેલા—એથેનીયન સભાગૃહમાં એ હાજર હતા; એરીસ્ટેડીસ સ્પાર્ટાની પીઠ પાછળ—અંધારામાં કશું બને તેમ ઇચ્છતો ન હતો. એટલે સ્પાર્ટન દૂતમંડળ ન આવે ત્યાંસુધી સભા મુલતવી રાખેલી.

ઈરાની શહેનશાહનો સંદેશો પૂરો થયો એટલે સ્પાર્ટન દૂતોએ કહ્યું, " ઊભા થઈ આપણા ગ્રીસની સ્વતંત્રતા જોખમાય તેવું પગલું ન ભરવાનું વિનવવા સ્પાર્ટનોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને મોકલ્યા છે. એથેન્સ જેણે ગ્રીસના ઘણા શહેરોને સ્વતંત્રતા રક્ષવામાં મદદ કરી છે એ આજે એમને બર્બર ઇરાનીઓની ચૂડમાં ફસાવવામાં હાથો બને એ સૌથી ભયંકર ને શરમજનક છે. અલબત્ત તમારી અત્યારની સ્થિતિ જોતાં સહેજે સૌને તમારી તરફ સહાનુભૂતિ પ્રગટે તે સ્વાભાવિક છે, ઉપરાઉપરી બે વર્ષો સુધી તમે કશું વાવી શકયા નથી. તમારાં ઘરો ભંગાર થઈ ગયાં છે. આ સ્થિતિમાં સૌએ સહાય કરવી જોઈએ. સ્પાર્ટાએ અમારી મારફત કહેવડાવ્યું છે કે જ્યાંસુધી લડાઈ ચાલશે ત્યાંસુધી એથેનીયન સ્ત્રીઓ બાળકોને જ નહિ પણ લડાઈમાં જેનો ખપ ન હોય તેવા બધા નાગરિકોને સ્પાર્ટા સાચવશે. એટલે કૃપા કરીને આ ઈરાની સંદેશાને મનમાં સ્થાન ન આપશો. ”

સ્પાર્ટનો બોલી રહ્યા એટલે એરીસ્ટેડીસે એથેનીયનો વતી એલેકઝાંડરને જવાબ આપ્યો.

“ ઈરાની સમ્રાટના બળ વિષે અમને યાદ આપવાની જરૂર નથી, અમારા કરતાં સમ્રાટનું બળ ચડિયાતું છે તે અમે જાણીએ છીએ, તો પણ અમારી સ્વાધીનતા, ને ગૌરવ માટે અમે ત્રેવડ છે ત્યાંસુધી લડવાના. સૂર્ય પૂર્વમાંથી પશ્ચિમમાં જતો હોય ત્યાંસુધી અમે સંધિ કરશું તેવી આશા ન રાખે. ઈરાની સેનાપતિને કહેજો કે અમને રક્ષનાર દેવી એથેના ને ઓલીમ્પસ પરના દેવો પર અમને વિશ્વાસ છે હવે ફરી કૃપા કરીને એથેનીયનો પાસે આવા સભાગૃહમાં આવો સંદેશો લઈને કોઈને મોકલવાનું સાહસ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા. કારણ કે અમારા મહેમાનને કશીએ ઈજા કોઈ કરી બેસે ને અમને કલંક લાગે તેવું અમે ઈચ્છતા નથી."

પછી સ્પાર્ટનો તરફ ફરીને કહે: "પોતાની સલામતિની દૃષ્ટિએ સ્પાર્ટનોને અમે ઈરાનીઓ સાથે સંધિ કરીએ એ ચિંતાજનક લાગે તે સ્વાભાવિક છે પણ બીજી રીતે અમને દુઃખ લાગ્યું છે, તે એટલા માટે કે ઈરાનીઓ તો અમે સોનાથી ખરીદાઈએ તેમ ધારે પણ તમે તો અમારી દૃઢતાના આ પહેલાં આટઆટલા પુરાવા મળી ચૂક્યા છતાં પણ એમ ધાર્યું ? હૈયે ધરપત રાખજો કે દુનિયા પરનું બધુંય સોનું અમને ગ્રીસની સ્વતંત્રતા વેચવાને લલચાવી શકે તેમ નથી. તમે અમારા ભાવિ વિષે જે ચિંતા બતાવી ને મદદ કરવા માટે જે લાગણી બતાવી તે માટે અમે તમારા કૃતજ્ઞ છીએ, એ પરિપૂર્ણ ઔદાર્ય લેખાશે; પણ અમે અમારી માથે પડશે તેટલું વેઠી લેવા જેટલા શક્તિવાન થશું; એટલે તમને નાહકની ઉપાધિ નહિ કરાવીએ, પણ તમે બને તેટલું સૈન્ય તુરત જ મોકલી આપશો. કારણ કે બર્બર ઈરાનીઓ હવે અમારા પર આક્રમણ કરવામાં વિલંબ નહિ કરે."

મરડોનીયસે તો એથેનીયનોનો જવાબ મળતાં જ એથેન્સ પર કૂચ કરી પણ સ્પાર્ટનો વચન પ્રમાણે મદદે ન ધાયા, "એમનો એક ઉત્સવ ચાલતો હતો, ને દશ દિવસ સુધી કોઈ નીકળે તેમ ન હતું." એથેનીયનોએ ફરી એથેન્સ છોડ્યું, ને સેલેમીસનો આશરો લીધો; મરડોનીયસે બીજમાં ગયે વખતે જે થોડાં ઘરો બચ્યાં હતાં તેને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળીને સાફ કર્યાં–પણ એથેનીયનોની હિંમતને તો એ થોડા જ બાળી શકે તેમ હતો !

એરીસ્ટેડીસ બેઠો નહોતો રહ્યો-એણે બન્યાં તેટલાં ગ્રીક રાજ્યોની ફોજ એકઠી કરી ને સ્પાર્ટામાં જઈ મોઢા-મોઢ ઠપકો આપી સાથે લીધા; એમને એકલા મૂકે તો એ બધા સ્પાર્ટા ફરતી જ ચોકી કરીને બેસી રહે તેવા હતા.

મરડોનીયસે જ્યારે સ્પાર્ટા-એથેન્સની ભેગી ફોજ આવે છે એ સાંભળ્યું એટલે એથેન્સ છોડીને પ્લેટીઆના મેદાનમાં ગયો–કારણ કે ત્યાં એના અશ્વારોહીદળને લડવું ફાવે તેવું હતું.

પ્લેટીઆના મેદાન પર ઈરાનીઓ સાથેની લડાઈ શરૂ થાય તે પહેલાં જ ગ્રીકોની વચ્ચે જ ઝઘડો શરૂ થયો. એરીસ્ટેડીસ ન હોત તો એ ઓલવાત કે કેમ તે શંકાની વાત છે.

પ્રશ્ન મોરચાની જમણી પાંખ કોણ સંભાળે તે હતો. એથેનીયનો કહેતા હતા–અમે સંભાળીએ ને બીજા કહેતા હતા અમે. પોતાના પૂર્વજોને પોતાના પરાક્રમો ગાઈને એ હક્ક પોતાનો છે એમ દરેક પક્ષ કહેતો હતો. એરીસ્ટેડીસે પોતાના એથેનીયનોને એકઠા કર્યા ને કહ્યું: “આપણે કોની સાથે લડવા આવ્યા છીએ ? ગ્રીકો સાથે ! સ્થાન કોઈ પાસેથી બહાદુરી છીનવી શકતું નથી કે નવી બહાદુરી આપી શકતુંય નથી. આપણે મિત્રો સાથે મતભેદ કરવા નથી આવ્યા, પણ અભેદ કરવા આવ્યા છીએ, આપણા વડવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાદુરી ગાવા નથી આવ્યા. પણ જાતે શૂરા ને શાણા તરીકે નામના મેળવવા નીકળ્યા છીએ.”

એરીસ્ટેડીસ આ બધી મથામણો વચ્ચે નવા ગ્રીસને ઊભું કરવા મથતો હતો. સાધારણ ગ્રીકને મન સૌથી પહેલો પોતે ને પછી પોતાનું શહેર એ ક્રમ હતો, શહેરની બહાર એની દૃષ્ટિ ગઈ ન હતી. 'શહેર સિવાય કોઈનું નિયમન હોય તે એને રુચે તેવું નહોતું, પણ છતાં પરિસ્થિતિ એવી હતી કે સમગ્ર ગ્રીસની શક્તિ એકઠી થઈ એકભાવે-એક દિશામાં કામ ન કરે તો ઉગારો થવો પણ મુશ્કેલ હતો; એટલે એકઠા તો થયા હતા-પણ ગ્રીકોનો મૂળ સ્વભાવ વારે વારે ઝબકી ઊઠતો, એરીસ્ટેડીસ એને મીઠાશ ને શાંતિથી એ વાત સમજાવવા મથતો-એ જ એણે જીવનની છેલ્લી સંધ્યા સુધી કરવાનું હતું. એણે પોતે જ એનું ઉદાહરણ બેસાડયું-સામાન્ય રીતે જ્યારે ગ્રીક રાજ્યો આવી સાર્વત્રિક આફત વખતે એકઠાં મળી સંગ્રામ કરતા ત્યારે સેનાનો મુખ્ય સેનાપતિ રોજ બદલાતો, દરેક રાજ્યનો વારો આવતો-જેથી કોઈને ખોટું ન લાગે. પ્લેટીઆમાં પહેલે દિવસે સ્પાર્ટાનો ને બીજે દિવસે એથેન્સ વતી એરીસ્ટેડીસનો -સરસેનાપતિ થવાનો વારો હતો. એરીસ્ટેડીસે બીજે દિવસે જઈને પોતાનો અધિકાર સ્પાર્ટન સેનાનાયકને જ સુપરત કર્યો-પરિણામે બીજા સૌ પણ એને જ અનુસર્યા ને છેવટ સુધી એક જ સરસેનાપતિ રહ્યો; આમ ન બન્યું હોત તો વિજય મુશ્કેલ થઇ જાત-કારણ કે એક સરસેનાપતિનો વ્યૂહ બીજે દિવસે બીજાએ ફેરવી પણ નાખ્યો હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરીસ્ટેડીસ આવાં વિવિધ સમાધાનોમાં પડયો હતો ત્યાં એને ખબર મળ્યા કે એથેન્સના કેટલાક અસંતુષ્ટ શ્રીમંત નાગરિકો જે આ આગ્રહી લડાઈને પરિણામે પાયમાલ થઈ ગયા હતા તે તો પ્લેટીઆમાં કાવતરું કરી રહ્યા હતા. એમનો ઈરાદો ઈરાનીઓ સાથે ભળી જઈ રાજ્ય પલટો કરવાનો હતો. એરીસ્ટેડીસ માટે આ આકરી પળ હતી. કાવતરાખોરો લાગવગવાળા હતા. સૈન્યમાં અસંતોષ ફેલાવતાં શું શું થાય ? તેમ આખા કાવતરાંને જો સખત હાથે દબાવી દે ને ખુલ્લી અદાલતમાં એ બધાંને લાવે તો બધું ડહોળાઈને પરિણામ વિપરીત આવે પણ ખરું.

એ એકલો જ જ્યાં પેલા દશ કાવતરાંખોરો યોજનાઓ ઘડતા હતા ત્યાં ચાર સનિકો લઈને ગયો–ને ત્યાં જ પડકાર્યા. એ આગેવાનો પાછળની બાજુથી નાસી છૂટયા–એમને જાણી જોઈને નાસી જવા દીધા–ને બાકીનાએ પોતે મુખ્ય કાવતરાંખોરો નથી એમ કહ્યું "આવતીકાલની લડાઈજ તમારાં આ વેણુની પરીક્ષા કરશે–હું કાંઈ ચુકાદો નથી આપતો–ભલે કાલે તમારું વર્તન તમારો ન્યાયાધીશ થાય–પણ ત્યાં સુધી તમે હરીફરી નહિ શકો, તમારું કલંક ધોવું હોય તો કાલે લડાઈના મેદાનમાં તક મળે છે."

મધરાતે એ ચોકી તપાસવા નીકળ્યો હતો ત્યાં કોઈક દુશ્મનની હદમાંથી બોલતું હતું.

"ન્યાયી એરીસ્ટેડીસને બોલાવ મારે એને કાંઈક કહેવું જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરીસ્ટેડીસે જઇને જોયું તો એથેન્સ પાસે ઈરાનની સંધિની શરતો લાવનાર મેસીડોનીયનો એલેકઝાંડર.

"તમને ને ફક્ત તમને જ કહેવા આવ્યો છું. ચેતતા રહેજો. ત્યાં દાણોપાણી ખૂટ્યાં છે. કાલે હલ્લો થશે. ને જમણી પાંખ પર ઈરાનીઓ તૂટી પડશે-તમારા સિવાય કોઈ આ ન જાણે-

"મારા સરસેનાપતિને તો મારે આ જણાવવું પડશે-બીજા કોઈ નહિ જાણે."

ઘોડેસ્વાર અંધકારમાં અદૃશ્ય થઈ ગયો ને એરીસ્ટેડીસ સ્પાર્ટન સેનાપતિ પુસાનીયસના તંબૂમાં આવ્યો. પુસાનીયસે એને કહ્યું.

"મારી એક જ વિનંતિ છે. તમે જમણી પાંખ સંભાળો. ઈરાનીઓને તમે જ પહોંચી વળશો.

એથેનીયન સૈનિકોને જ્યારે સરસેનાપતિની આ ઇચ્છાની જાણ થઈ ત્યારે એ બધાએ બીજાઇને કહ્યું.

"અમે તે કાંઈ ગુલામ છીએ કે અમને ગમે ત્યાં રગડયા કરે છે. અમે માગ્યું ત્યારે ડાબે મોરચે કાઢયા ને હવે જમણે મોરચે હકાલે છે-નહિ જઇએ એ રીતે."

એરીસ્ટેડીસ હસીને કહે:

"ત્યારે તમે તે વખતે ખોટું ખોટું માગ્યું હતું? ભલે ન જાઓ સો, ખાલી જશ લેવો હતો તેમ કહેશે. તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગ્યું તે મળે છે–ને લેતા નથી ત્યારે સૌ કહેશે કે મરડોનીયસ પોતે ત્યાં હલ્લો કરવાનો છે માટે ગભરાઈ ગયા. એમ કહેવરાવવું હોય તો તમારી મરજી.”

સૈનિકો જમણે મોરચે જવા કબૂલ થયા.

મરડોનીયસે ધારેલું કે જમણી પાંખ નબળી હશે પણ ત્યાં જ એરીસ્ટેડીસના એથેનીયનોને જોઈ એ વિમાસણમાં પડી ગયો. પણ પાસો ફેંકાઈ ચૂકયો હતો; હલ્લાના શરૂઆત થઈ ચૂકી હતી. મરડોનીયસ શરૂઆતમાં જ મરાયો. ઈરાની સેનાની હામ ભાંગી ગઈ–પ્લેટીઆ એમના સેનાપતિ ને એમનું કબ્રસ્તાન થવાનું હતું. ૩ લાખમાંથી માત્ર ૪૦ હજાર ઈરાનીઓ જ છટકી જઈ શકયા.

એરીસ્ટેડીસે પ્લેટીઆની ભૂમિને આ મહાન વિજયને નિમિત્તે પવિત્ર જાહેર કરી, સમગ્ર ગ્રીસ તરફથી રક્ષણની બાંહેધરી આપી. ને એ દિવસોને ગ્રીક ઉત્સવમાળામાં વિજયોત્સવ તરીકે દાખલ કર્યા.

બધા ગ્રીકો પણ એરીસ્ટેડીસના વર્તનથી એટલા પ્રસન્ન થઈ ગયા હતા કે ઈરાની સૈન્યની બધી માલમત્તા રક્ષવા ને વહેંચવાનું એને સોંપ્યું. એરીસ્ટેડીસે–એ વિજયોત્સવ નિમિત્તે ભેગા થયેલ બધા ગ્રીક રાજ્યોને એક જ વાત સંભળાવી. ને તે એક થવાની–ગ્રીસમાં એક ભાષા હતી–એક ધર્મ હતો. પણ એક તંત્ર નહોતું–ને સ્વતંત્ર મિજાજી ગ્રીકો એવું તંત્ર સાંખી લેવા પણ તૈયાર નહોતા. એરીસ્ટેડીસ દ્રષ્ટાની તેજોમયતાથી માગતા સૌને સમજાગ્યું કે કાં તો સ્વેચ્છાપૂર્વક એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારનું ગ્રીક સંઘતંત્ર ગોઠવો-નહિતર તમારા માથે બીજા આવીને લાદશે, વ્યક્તિવાદી, ને સંકુચિત ગ્રીકોને આ ગળે ઉતરાવવું મુશ્કેલ હતું. પણ એરીસ્ટેડીસના નિર્મળ ચારિત્ર ને અજાતશત્રુ સ્વભાવે અશકયને પણ શકય કર્યું. ગ્રીસના ઇતિહાસમાં પહેલી સંઘસભા રચાણી ને-ગ્રીસનું રક્ષણ ને રાજ્ય રાજ્યના ઝઘડાનો નિકાલ એને સોંપાયો-ને એના ખર્ચ માટે દરેક રાજ્ય કેટલી રકમ આપે તે ઠરાવવાનું પણ સૌએ એરીસ્ટેડીસ પર છોડયું. એરીસ્ટેડીસ એકેએક રાજ્યમાં ફર્યો, બધાના આવક-ખર્ચ તપાસ્યાં ને છેવટે સૌથી સહેવાય ને છતાં કામ ચાલે તેવો ફાળો ઠરાવી આપ્યો; એક પણ રાજ્યે એમાં વાંધો ન ઉઠાવ્યો. લોકો જ્યારે આ માટે થઈને એરીસ્ટેડીસના વખાણ કરવા માંડયા ત્યારે થેમીસ્ટેકલીસ કહેતો, એમાં શું ? એરીસ્ટેડીસે ઓછી જ રકમ ઠરાવી છે-પછી શું કામ સૌ રાજી ન થાય-એરીસ્ટેડીસને એ લોકો રાજી કરે ને એરીસ્ટેડીસ એમને રાજી કરે-ભાઇ એમ જ દુનિયા ચાલે છે.”

આ વખતે એરીસ્ટેડીસ સખ્ત શિયાળામાં પણ એક ફાટેલો સુતરાઉ ડગલો પહેરીને એથેન્સમાં ફરતો હતો; આ માટે એના એક શ્રીમંત ભત્રીજા ને બેચાર સંભાવિત ગૃહસ્થોએ ઠપકો આપતાં કહ્યું કે: “તારા આ પૈસાને તું કોટે વળગાડીને જવાનો છે ? જોતો નથી એરીસ્ટેડીસને પીઠ ઢાંકવા એકાદ ગરમ લૂગડુંયે મળતું નથી.”

ત્યારે એણે પોતે પેલા ગૃહસ્થો પાસે જઇને કહ્યું તે અંતરમાં કોતરી રાખવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એને એની લક્ષ્મીનું જેટલું અભિમાન છે તેના કરતાં યે વધારે મને મારી સ્વેચ્છાપૂર્વક ગરીબીનું છે. કારણકે લક્ષ્મીનો સારો કે માઠો ઉપયોગ કરનાર ઘણા માણસો આપણને મળી આવશે, પણ આવી ગરીબાઈને ગૌરવપૂર્વક વળગી રહે તેવા તો કોઈક જ મળશે, જેણે દેખાદેખીથી કે કમરજીયે આવી ગરીબાઈ સ્વીકારી હોય તે શરમાય-હું શા માટે?"

થેમીસ્ટેકલીસ એકવાર એની પાસે સેનાપતિમાં દુશ્મન કયો દાવ રમશે તે વેળાસર જાણી લે તે મુખ્ય ગુણ ગણાય એમ કહેતો હતો ત્યારે એરીસ્ટેડીસ કહે:

"ના, થેમીસ્ટેકલીસ, સેનાપતિની સૌથી મોટી યોગ્યતા એ લક્ષ્મીથી આંગળાં ન ખરડે?"

આ સંઘ રચાયા પછી એકવાર થેમીસ્ટેકલીસ સભાગૃહમાં લોકોને કહે: "એથેન્સની ઉન્નત્તિ માટે એક સુંદર દરખાસ્ત મારી પાસે છે, પણ એ હું જાહેરમાં ચર્ચી શકું તેમ નથી. ખાનગીમાં જ કહેવાય તેવી છે." લોકો કહે: "એરીટેડીસને કહો, એને ગળે ઉતરે તો કબૂલ થશું."

થેમીસ્ટેકલીસે એરીસ્ટેડીસને બોલાવીને પોતાની યોજના કહી. એમાં સંઘરાજ્યોના શસ્ત્રાગાર ને કાફલાને દારૂથી ઉડાડી મૂકી પછી શસ્ત્રહીન બનેલાં રાજ્યોને તાબે કરી સર્વોપરી થવાની વાત હતી. ને એ કરવું સહેલું હતું, કારણકે લશ્કર, શસ્ત્રાગાર બધાની સોંપણી એથેન્સને થયેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરીસ્ટેડીસે સભા સમક્ષ આવીને કહ્યું.

" થેમીસ્ટેક્લીસની યોજના જેવી લાભદાયી યોજના એકે નથી. ને એના જેટલી અધમ ને અન્યાયી પણ બીજી નથી. "

લોકોએ યોજના ચર્ચવાની જ ના પાડી.

આવો હતો એરીસ્ટેડીસ પર વિશ્વાસ—પણ આ છતાંયે એણે કદીએ લોકપૂજાનો ઉપયોગ થેમીસ્ટેક્લીસની વિરુદ્ધ ન કર્યો. એટલું જ નહિ, પણ જ્યારે એ લોકોએ થેમીસ્ટેક્લીસને લાંચ લેવાના આરોપસર દેશનિકાલ કરવાનો ઠરાવ મૂક્યો ત્યારે પણ એ તટસ્થ રહ્યો. એની ચડતીમાં જેમ એણે ઈર્ષા નહોતી થઈ, તેમ એની પડતી વખતે એને આનંદ પણ ન થયો.

જીવન-અંત સુધી અકિંચન રહીને એણે એથેન્સને ગ્રીસની સેવા કરી. એ મરી ગયો ત્યારે એની દીકરીની દીકરીને પરણાવવાના પૈસા એના ઘરમાં નહોતા. લોકોએ એની સમાધિ વાંચી. ને રાજાના ખર્ચે એની પૌત્રીના વિવાહ કરી આપ્યા.

જો આવા એકાદ કૂડી એરીસ્ટેડીસ એથેન્સમાં એ કાળે પાકયા હોત તો એથેન્સને ૫૦ વર્ષ પછી જે બૂરા દહાડા જોવાનો વારો આવ્યો તે ન આવત. પણ ઇતિહાસ જો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તો–ના આધારે ચાલતો નથી; એ તો પ્રજા જે વાવે છે તેની ફસલ ઉતારી આપી છે.

એથેન્સે એરીસ્ટેડીસને પૂજ્યો–પણ સેવ્યો નહિ. જે ગૌરવપૂર્ણ ગરીબી, અજાતશત્રુતા–ને શાંતમતિના દીવાને એણે ચેતાવ્યો હતો તેમાં દીવેલ પૂરનાર–તેની વાટ સંકોરનાર બીજો એરીસ્ટેડીસ કોઈ નીકળ્યો નહિ—ગ્રીસે જગતને આપેલ એ શ્રેષ્ઠ રાજપુરુષ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરવિધાતા

"એ મોટા માથાળા"

કાંઈ જવાબ નહિ.

"એ, ગધા – એ મૂરખ તારું માથું ડુંગળી જેવું છે."

છતાંયે કશો જવાબ નહિ.

સંધ્યાટાણું થયું હતું, અંધારું પથરાવા માંડયું હતું. એથેન્સના સભાગૃહમાંથી એક તેજસ્વી રાજપુરુષ પોતાના ઘરભણી જતો હતો, એની પછવાડે એક લોફરજુવાન એને સરસ્વતી સંભળાવી રહ્યો હતો. ઘેર પહોંચતાં અંધારું થયું, પણ પેલો તો પછવાડે ગાળો સંભળાવતો આવતો હતો.

ઘરમાં દાખલ થતાં–રાજપુરુષે દરવાનને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મશાલ લાવ–ને આ જુવાનને ઘર સુધી મૂકી આવ."

રાજપુરુષ હતો પેરીકલીસ. નવા એથેન્સનો વિધાતા.

સંસ્કાર ને સત્તા, વિવેક ને અધિકાર, લક્ષ્મી ને સરસ્વતી એ બધાં ઝાઝો વખત સાથે ચાલતાં નથી; બહુ જ અપવાદરૂપ પ્રસંગોમાં ઇતિહાસમાં આ બધાનો સંગમ થયો છે. અધિકારીઓમાં વિવેક હોતો નથી એ જગતજાણીતો અનુભવ છે, ને સત્તાએ સંસ્કારિતાને પોષવાનો કે આશ્રય આપવાનો ઢોંગ કર્યો છે પણ પોતે સંસ્કારી થવાની વાત આવતાં જ દંડ પર જ વિશ્વાસ રાખ્યો છે, ને લક્ષ્મી–સરસ્વતીનું રૂસણું ક્યાં કોઈથી અજાણ્યું છે.

ઇતિહાસમાં પેરીકલીસ ને એનું એથેન્સ વિરલ અપવાદ છે. જાણે સોનેરી સ્વપ્નું. વૈજ્ઞાનિકો, કલાકોવિદો, રાજ્યનીતિશાસ્ત્રીઓ, ને તત્ત્વજ્ઞોએ વારેવારે એ સોનેરી સ્વપ્ના તરફ નજર માંડી છે, ને તે દિવસો ગયા! કહીને નિસાસો મૂક્યો છે.

૩૦–૪૦ વર્ષના એ ટૂંકા ગાળામાં એથેન્સે કેટકેટલા મહાપુરુષોને આપ્યા છે. મહાશિલ્પી ફીડીયાસ, કરુણાંત નાટકોના સ્વામી સમા સોફોકલીસ ને યુરીપીડીસ, હાસ્યરસવેત્તા એરીસ્ટોફેનીસ, તત્ત્વજ્ઞાનના જન્મ આપનાર આનાગોરસ–ઝેનો ને સોક્રેટીસ–એક હજાર વર્ષમાં પણ આ નરદેવોની સમોવડમાં ઊભા રહે તેવું બીજું મંડળ યુરોપે નથી આપ્યું. પેરીકલીસની રાજનીતિએ આ બધાને પૂરબહારમાં ખીલવાને અવકાશ આપ્યો, ને એથેન્સને વિદ્યા ને કલાનું ધામ બનાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈરાની શહેનશાહને હરાવ્યા પછી એથેન્સે આશ્ચર્ય-જનક ફેલાવો કર્યો હતો. ઈટાલી, ઇજિપ્ત, એશિયામાઈનર–ઈજિયન સમુદ્રના બેટો–ઉત્તરમાં છેક કાળાસમુદ્રના છેડા પર એમ ચારે બાજુ એણે પોતાના થાણાં નાખ્યાં હતાં–પણ એ થાણાં ભુલાઈ જાત, જો એથેન્સનો સુવર્ણયુગ ન હોત તો સુવર્ણયુગે વિજ્ઞાન તત્ત્વજ્ઞાન ને સંસ્કારિતાની જે ફોરમ વેરી તે ઊંચા હીનાના અત્તર જેવી ફાટે પણ ફીટે નહિ તેવી હતી. એ બધાં થાણાં તો એથેન્સના હાથમાંથી છટકી ગયાં, એથેન્સ પોતેય રગદોળાઈ ગયું, પણ ત્યાંના નીલામ્બર આકાશની નીચે મુક્ત હવામાં એ પચીશીમાં જે સંસ્કૃતિ ફાલી તેનાં બી અફઘાનિસ્તાનથી માંડી સ્પેન સુધી ફેલાયાં.

ગ્રીક પ્રજા આમે ભારે પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે વસેલી છે, મનને હરી લે તેવી ખીણો વચ્ચે જ આખું ગ્રીસ વહેંચાયું છે, કુદરત ત્યાં સવાર, બપોર અને સાંજ નોખનોખા વેશ સજે છે. આ પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે સ્વાતંત્ર્ય ને વિજયની ભરતીનો એથેન્સની પ્રજાએ અનુભવ કર્યો. ને એને માનુષી હાથે જ દૈવી સૌંદર્ય નિર્માણ કરવાની જાણે વ્યાપક ઝંખના થઈ આવી–પેરીકલીસે એને વધાવવા રાજલક્ષ્મીને તૈયાર રાખી; એથેન્સ પેરીકલીસના રાજ્યકાળમાં સીસીલથી માંડી ને તે શ્યામ સમુદ્ર સુધી લગભગ ૧૦૦૦ શહેરો પર આધિપત્ય ભોગવતું હતું. આ બધામાંથી ફૂલની સુવાસે જેમ ભમરા આવે તેમ પેરીકલીસના એથેન્સના આકર્ષણે ચિત્રકારો, સ્થપતિઓ, મૂર્તિવિધાયકો, કવિઓ, ને તત્ત્વજ્ઞો, સૌંદર્ય મીમાંસકો આવીને વસવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો આ બધાનો પૂરો લાભ લે, ઈરાની શહેનશાહના પરાજયે એથેન્સને જે વડપણ ને લક્ષ્મી બંને આપ્યાં હતાં તે સંસ્કારબળે ટકાવે ને શોભાવે તેવી પેરીકલીસની ગણતરી હતી. ને એ માટે જરૂરી એ હતું કે લોકો સંસ્કારી, વિચારક ને નગરનિષ્ઠ થાય. એ હેતુથી એણે એથેન્સના પ્રજાતંત્રમાં બે મોટા ફેરફારો કર્યા. એક તો એણે એથેન્સની લોકસભામાં બેસનાર સભાસદોને રોજનું ભથ્થુ આપવાનું શરૂ કર્યું; જેથી ગરીબ લોકો પણ રાજ્યવહીવટમાં ભાગ લઈ શકે. આપણે આગળ જોઇ ગયા છીએ કે એથેન્સમાં જે પ્રજાતંત્ર હતું તે સહેજ જુદી જાતનું હતું, ત્યાં બધા પ્રજાજનો સીધો વહીવટ કરતા–આજે જેમ ચુંટાઈને થોડા લોકો વર્ષમાં ગણ્યા દહાડા મળીને વહીવટની રેખાઓ દોરી આપે છે તેમ નહોતું. ત્યાં પ્રતિનિધિ પ્રથા નહોતી. ત્યાં તો લગભગ રોજ લોકસભા કામ કરતી. આ સ્થિતિમાં રોજનો રોટલો કમાનાર વર્ગ એમાં બેસીને ભાગ લેવા જાય તો કમાવું કયારે ને ખાવું શું એ પ્રશ્ન મોટો હતો; એટલે અધિકાર હોવા છતાં વ્યાજબી ઉપભોગ થઈ શકે તેમ ઘણાને માટે શકય નહોતું. પેરીકલીસે લોકસભા ને સેનેટમાં જેને બેસવાનું હોય તેને રોજના ૨ રૂપિયા આપવાનું ઠરાવી લોકોને ભાગ લેવાની સગવડ કરી આપી. એવું જ એનું બીજું પગલું હતું જૂના જમીનદારોની બનેલી ન્યાયસભા એરોપેગસના હાથમાંથી સત્તા લઈને લોકોની બનેલી ન્યાયકચેરીને સત્તા આપવાનું. આ એરોપગસ રાજદ્રોહી કેસોમાં અમર્યાદિત સત્તા ભોગવતી–એરીસ્ટેડીસે, એમાં થોડો સુધારો કર્યો હતો–પણ જમીનદારોનો એ ગઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટ્યો ન હતો. પેરીકલીસ ને એથેન્સની સામાન્ય પ્રજા એમ માનતાં કે પ્રજાનો વહીવટ એ નામ માત્ર ન જોઈએ-એણે લોકોના ૧૫૦૦-૧૫૦૦ના મંડળો બનાવ્યાં-ને આ મંડળોને ન્યાયસત્તા સોંપી. એમને મદદ કરવા એક ન્યાયાધીશ રાખેલો ખરો પણ આખરી સત્તા તો આ મંડળને જ હતી. આ માટે ચિઠ્ઠીઓ નખાતી એટલે આવતી કાલે કયું મંડળ ન્યાયાલયમાં બેસશે તેની કોઈને અગાઉથી ખબર ન પડતી, ને ખબર પડે તોપણ એટલા મોટા સમુદાયને લાંચ આપવી તે અશક્ય હતું. ગ્રીસમાં શ્રીમંત ગુનેગારો લાંચ આપીને છટકી ન જાય તે પણ આ વ્યવસ્થા પાછળનો એક હેતુ હતો. કારણકે આમ તો લાંચ ન જ લે તેવી એક વ્યક્તિ મળવી મુશ્કેલ હતી. થેમીસ્ટોકલીસે લાંચ લીધી-ને દેશદ્રોહ કર્યો એ પછી લોકો એ વાત સમજી ગયા હતા.

ત્રીજી વસ્તુ જે પેરીકલીસે કરી તે ગરીબ લોકો નાટયઘર-અને ઉત્સવોમાં રાજ્યને ખર્ચે જઈ શકે તે સારુ દરેક નાગરિકને રાજ્યને દરવર્ષે ચોક્કસ રકમ આપે તેવો કાયદો કરવાનું પગલું હતું.

લોકોએ જો સામાજિક ને રાજકીય વહીવટ કરવો હોય તો બે વસ્તુઓ અનિવાર્ય હતી: ઉચ્ચ સંસ્કારિતા-ને ગરીબીના ઓળામાંથી મુક્તિ. વ્યાપાર ને ૧૦૦૦ શહેરો પોતાના સંરક્ષણ માટે સંઘને જે આમદાની આપતા તેણે એથેન્સની તિજોરી તર કરી હતી-એવું જ ત્રીજું આવકનું સાધન હતું લોરીયમની રૂપાની ખાણો. સાચી રીતે કહીએ તો એથેન્સની ઉન્નતિમાં આ રૂપાની ખાણોનો ફાળો નાનો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂનો નહોતો, એ શોધાયા પછી જ—નૌકાબળનો વિકાસ થયો–ને એ જ નૌકાબળને જોરે ઈરાની શહેનશાહ હાર્યો. પેરીકલીસની વિશિષ્ટતા આ લક્ષ્મીને વિદ્યા અને કલાના ઉત્તેજનમાં વાપરવાનો આગ્રહ રાખવામાં હતી. કારણ કે એથેન્સમાં બધા જ કાંઈ શરૂઆતમાં એના મતના નહોતા–ખાસ કરીને જમીનદારો આ રીતે લોકોને રાજ્યવહીવટમાં ભાગ મળે, એ વધારે બુદ્ધિશાળી, વાદકુશળ, સૂક્ષ્મ સંસ્કારિતાવાળા થાય તે જરીકે ઈચ્છતા નહોતા; એ બધા વારેવારે આ બધું ધન સૈન્ય જમાવવામાં–ને સામે કાંઠે ફેલાયેલ ઈરાની સામ્રાજ્ય સાથે લડતાં રહેવામાં ખરચાય તે જ બરાબર ગણતા. મોટા–સંગ્રામો, મોટા સામ્રાજ્યોમાં નાગરિક પ્રજા અટવાઈ રહે, ને પોતે એમના નેતા તરીકે એમને એક પછી બીજા યુદ્ધમાં દોરવ્યા કરે એ એમની ઈચ્છા હતી, ખૂબ પ્રામાણિક માણસો હોય તેમ એ આગેવાનો કહેતા કે સંઘના બીજા ભાગીદારો જે નાણું આપે છે તે કાંઈ એથેન્સને શણગારવા માટે નથી આપતા, એ ગ્રીસના રક્ષણ માટેનું ધન છે. પેરીકલીસે એમને બોલવાનો અવકાશ ન રહે એટલા માટે શરૂઆતમાં નવું બંદર, ગોદી, ને કાફલો તૈયાર કર્યાં હતાં–એથેન્સનું બંદર પીયરસ એથેન્સથી ચાર માઈલ દૂર હતું–ત્યાં સુધીની મોટી દીવાલ બંને બાજુએ બાંધી શહેર ને બંદરને એક જ કિલ્લેબંદીથી સાંકળી દીધા હતા. એકીસાથે બે ગાડાં ચાલ્યાં જાય એટલી એ પહોળી દીવાલ હતી. ૬૦ વહાણોનો કાફલો ઈજિયનસમુદ્રમાં ઘૂમ્યા જ કરતો–આટલું કર્યા પછી એણે એક્રોપોલીસની ટેકરી પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવભવનસમું પાર્થિનોન બાંધવાનું ફીડીયાસને કહ્યું, એમાં એથેન્સની એક મહાકાય મૂર્તિ હતી. જે દૂર દરિયામાંથી પણ નાવિકોને દેખાતી, એક બીજી મૂર્તિ હાથીદાંતને સોનાની ફીડીયાસ તૈયાર કરતો હતો-બીજા નાના મોટા શિલ્પીઓ-વિદ્યોભવન, ક્રીડાભવન રંગભૂમિ બાંધવામાં રોકાયા હતા-આ બધા કામમાં પેરીકલીસ છૂટે હાથે દ્રવ્ય ખરચ્યે જતો હતો, ને શિલ્પીઓ ને કવિઓ પોતાના અંતરના સ્વપ્ન સમાં સર્જનો પ્રગટાવ્યે જતા હતા; પણ એના વિરોધીઓ લોકોને ભડકાવતા હતા-"ઈરાની સેના આવશે ત્યારે આ કૂટડાં પૂતળાં કાંઈ રક્ષણ કરવા નહિ ઊભાં થાય, આ બધી કવિતાઓ એ વખતે ખપ નહિ લાગે, પેરીકલીસ ધનને વેડફી રહ્યો છે. એકવાર પેરીકલીસે આ બધાં શિલ્પ-સ્થાપત્યનું અંદાજખર્ચ લોકસભા આગળ રજૂ કર્યું ત્યારે એના લાખોના આંકડા જોઈ લોકોએ મંજૂર કરવાની ના પાડી. પેરીકલીસ શાંતિથી કહે-

"કાંઇ હરકત નહિ-તો પછી એ બધાં શિલ્પ નીચે મારું નામ મૂકવા દો-હું એનું ખર્ચ વેઠીશ."

લોકો પોકારી ઊઠયા-"ના. ના. તમ તમારે ખર્ચ કરો, અમે મંજૂર કરીએ છીએ."

જે લોકો સોફોકલીસનાં નાટકોની મજા માણી શકે તે આ જવાબ આપે તે સમજી શકાય છે. માત્ર દુઃખની વાત એ છે કે આ જ વાતાવરણ આખા ગ્રીસનું નહોતું. ગ્રીસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથેન્સ હતું, તેમ જ સ્પાર્ટા પણ હતું. એકના હાથમાં જલસેના હતી, તો બીજાના હાથમાં સ્થલસેના. એકમાં હતું સૌંદર્ય, તો બીજામાં હતી શિસ્ત. એકમાં હતું ચિંતન તો બીજામાં હતું કાર્ય–જે બેને ભેગાં થવાની જરૂર હતી તે જ બે એકબીજા સાથે આથડતાં હતાં; જે આગેવાનો પેરીકલીસના વિરોધીઓ હતા તેમનું જ્યારે લોકો ન સાંભળતા ત્યારે એ સ્પાર્ટા તરફ વળતા.

એથેન્સની વધતી જતી કીર્તિ જોઈને સ્પાર્ટાની આંખમાં મરચાં છંટાતાં હતાં. એથેન્સના લોકોમાં પેરીકલીસ વિષે અસંતોષ ફેલાવતાં વાર લાગે તેમ હતું. પણ સંઘરાજ્યના બીજા ભેરુઓમાં એથેન્સ વિષે કડવાશ ઊભી કરવામાં ઝાઝો વખત લાગે તેમ ન હતું; કારણકે મૂળે જ ગ્રીક લોકો શહેરી સંકુચિતતામાં જ સઘળું સ્વાર્પણ કરવાવાળા હતા. એ બધા શહેરની મધ્યની ટેકરી પરથી જેટલું દેખાય તેટલું પોતીકું ને તેની લીટી બહારનું તે પારકું એ સહજ માન્યતામાં ઊછર્યા હતા. એમને માટે આ સંઘરાજ્ય એ અખતરો નવો હતો, એ અખતરાને પ્રેરનાર ને ધીર શાંતમતિ ને ઉદારમના એરીસ્ટેડીસ એનો પાયો જરાક મજબૂત થાય તે પહેલાં જ દેવલોક પામ્યો હતો; આ સ્થિતિમાં પેરીકલીસે સંઘરાજ્યનો ખજાનો જે અત્યારસુધી ડેલોસના તટસ્થ બેટમાં સર્વાનુમતિથી રહેતો હતો તે એથેન્સમાં ખસેડયો એ વાતે અવિશ્વાસનું બી રોપ્યું. એથેન્સ સંઘરાજયમાં એક ભાગદાર હતું–કે સર્વોપરી હતું? એમ સૌ અંદર અંદર પૂછવા માંડયા; પણ પેરીકલીસને આની પડી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એ તો કહેતો હતો કે એ ધનનો ઉપયોગ ગ્રીસના રક્ષણ માટે નક્કી થયો હતો—ને એ રક્ષણ તો એથેન્સનો નૌકાકાફલો કરતો જ હતો. પછી એ ધનનો શું ઉપયોગ કર્યો તે પૂછવાનો હક્ક બીજાં શહેરોને નહતો—એમણે તો ફક્ત રક્ષણ થતું કે નહિ તે જ પૂછવાનું હતું.

વાત પણ સાચી જ હતી. આખા ઇજિયનનું રક્ષણ અસરકારક રીતે એથેન્સે કર્યું હતું; બાકીનાએ સ્વેચ્છાથી જ એ સોંપ્યું હતું, કારણકે મૂળે તો દરેક વહાણને માણસો આપવાની એરીસ્ટેડીસની દરખાસ્ત હતી. પણ કેટલાંક શહેરોએ એને બદલે રોકડ નાણું જ સંઘની તિજોરીમાં ભરવાની વાત મૂકી હતી, ને ધીમે ધીમે ઘણાંખરાં તેમ જ કરવા માંડયા હતા. જંજાળ ઓછી એવી એમની સમજણ હતી, પૈસા આપીને છૂટી જવાનું એ વ્યાપારી માનસ અયોગ્ય હતું એમ એમને પણ પેરીકલીસની દલીલ સાંભળી ત્યારે દેખાયું—કારણકે એઓ એક સંઘના ભાગદાર રાજ્ય રહેવાના બદલે જાણે આશ્રિત હોય તેમ પેરીકલીસનો ધ્વનિ હતો. સંભવ છે કે ખજાનો એથેન્સે ખસેડયો ને આ દલીલો પેરીકલીસે કરી એ કારણે જ વીનબુડ રીડે એના ઇતિહાસમાં એને 'સારો એથેનીયન પણ ખરાબ ગ્રીક' એમ કહ્યું હશે. એથેન્સનું નગરવિધાન એણે કર્યું, પણ આ પગલા ને આ દલીલથી ગ્રીસના સંઘ-વિધાનમાં એણે મોટું વિઘ્ન નાંખ્યું. સ્વેચ્છાએ સંઘમાં જોડાયલા રાજ્યોના મન ઊંચા થઈ ગયા. એમણે વહાણો ને માણસો ખોળ્યા હોત તો એમની લશ્કરશક્તિ તો તાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કેળવાયેલી રહેત. આ તો એથેન્સનો નૌકાકાફલો એમના ખર્ચે સજ્જ થયો, એમના ખર્ચે તાલીમ મળી, ને છતાં એમનો અવાજ તો વહીવટમાં ઓછો થયો.

આવા શંકાના વાતાવરણમાં સ્પાર્ટાની ઉશ્કેરણી ભળી. ને એક બે શહેરોએ બળવો કર્યો. શહેરો એવા નાકા પર આવ્યાં હતાં કે એને મરજી પડે તે પક્ષે જવા દેવા એ પેરીકલીસ ઈચ્છે તો પણ પોસાય તેમ ન હતું–ને પોસાય તોપણ એથેન્સના અભિમાનને એ રુચે તેમ ન હતું. પેરીકલીસે પોતે જઈ ને એમને દબાવી દીધાં. રોગ ઊંડો ગયો. એમના ખર્ચે તૈયાર થયેલ કાફલાએજ એમને ગુલામ બનાવ્યા તેમ કેટલાકને લાગવા માંડ્યું. એથેન્સ ન હોત તો ઈરાનની પરદેશી ચૂડમાં સૌ ફસાયા હોત–આ વ્યાપારની સમૃદ્ધિ ન હોત એ વાત વીસરાઈ ગઈ. સ્પાર્ટાએ કહ્યું કે એથેન્સ વિના શું બીજાએ ચૂડિયો પહેરી હતી. અમે બધા કાંઈ મરી ખૂટયા નહોતા. બ્હાદુરીનો ઇજારો કાંઈ એકલા એથેનીયનોએ નથી લીધો. ને વિનાશે ઘેરેલા ઘણાને જાણે એ વાત સાચી હોય તેમ ગળે ઊતરી ગઈ—સાચી વાત તો એ હતી કે દરેક શહેરમાં પ્રજાતંત્રમાં માનનારા ને કુલવાન તંત્રમાં માનનારા એવા બે પક્ષો હતા જ. સ્પાર્ટા કુલવાનતંત્રમાં માનતું હતું–ને એથેન્સે તો આજસુધી પ્રજાતંત્રને જ ટેકો આપ્યો હતો. કુલવાનતંત્રમાં માનનારો ઉમરાવપક્ષ અત્યારસુધી ખુલ્લેખુલ્લો બળવો નહોતો કરતો. તેમણે આ ખજાનો ખસેડવાના–ને એ પૈસા એથેન્સને શણગારવાના બેકાયદે પગલાના નિમિત્તે સંગઠિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝૂંબેશ ઉપાડી, ને એ રીતે ઇતિહાસમશહૂર પેલોપોનેશન વિગ્રહનાં પગરણ મંડાણાં. એની રીતસરની શરૂઆત થાય તે પહેલાં આ ઉમરાવપક્ષે કોઈ પણ રીતે પેરીકલીસને એથેન્સની સામાન્ય જનતાની નજરમાં ઉતારી પાડવાનું નક્કી કર્યું. સીધી રીતે પેરીકલીસ પર હુમલો થાય તેમ નહોતું; કારણ કે એના હાથ ચોખ્ખા હતા–સ્પાર્ટાના રાજાથી માંડીને તે સાધારણ ગ્રીક સુધી વ્યાપેલ આ દુર્ગુણથી પેરીકલીસ સાવ મુક્ત હતો–પણ એમણે—પેરીકલીસ ન સંડોવાયો હોય છતાં સંડોવાયલો લાગે તેવો—કારસો ગોઠવ્યો. એમણે મહાશિલ્પી ફીડીયાસ પર એથેન્સની મૂર્તિ માટે નક્કી થયેલ સોનામાંથી ચોરી કરવાનો આરોપ મૂક્યો. એ એક જ મૂર્તિ–પર એ જમાનાને હિસાબે ૦ાા લાખ રૂપિયાનું સોનું અલંકારોમાં વપરાયું હતું; એટલે એમાંથી થોડીઘણી બચત થઈ હોય જ તેમ વિરોધીઓએ ધારેલું–પણ દીર્ઘદૃષ્ટિ પેરીકલીસે જાણે આવું કાંઈક બનશે જ તેમ ધારી ને બધાં જ ઘરેણાં હાથીદાંતની મૂર્તિ પરથી સહેજે ઉપાડી લેવાય તેમ જડાવ્યાં હતાં–એણે વિરોધીઓને એ ઉપાડીને તોળી લેવાનો પડકાર કર્યો; વિરોધીઓની એ હિંમત નહોતી; દેવમૂર્તિના ઘરેણાં ઉતારે ને પછી ખોટા પડે તો એમના શા હાલ થાય? એમણે ફીડીયાસ પર બીજો આરોપ મૂક્યો—ને તે એની નીચેના કંટ્રાકટરો પાસેથી લાંચ લેવાનો. ફીડીયાસ પર કામ ચાલ્યું–પણ એનો ચુકાદો આવે તે પહેલાં જ વૃદ્ધ શિલ્પી કારાગારમાં જ મરી ગયો–એણે ઘણો બોજ ઉડાવ્યો હતો. લોકનેતાનો બોજ ઉડાવતા !!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—એ કોમળ કલ્પનાને પથ્થરમાં ઉતારનાર—શિલ્પીની હામ નહોતી.

વિરોધીઓએ હવે બીજો હલ્લો શરૂ કર્યો, ને તે પેરીકલીસના ગુરુ તત્વજ્ઞ આનાગોરસ પર નાસ્તિક હોવાનો. એ કાલની ગ્રીક પ્રજા બીજા સૌની જેમ ધર્મની બાબતમાં ખૂબ વહેમી હતી. ચાંદા–સૂરજ–નદી–પહાડ સૌ દેવતાઓ હતા—આનાગોરસ તત્ત્વશોધક હતો. એ કહેતો કે સૂર્ય એ લાલ ગોળો છે, ને ચાંદો એ ઠરી ગયેલ પથ્થર છે. સામાન્ય એથેનીયનને આ હળાહળ નાસ્તિકતા લાગે તેવું હતું. લોકમાં પડેલ આ વહેમની જોહુકમીનો આ વિરોધીઓએ લાભ લીધો. પેરીકલીસે ફીડીયાસને ખોયો હતો, આનાગોરસને ખોવો તે એને પાલવે તેવું ન હતું—એણે એને વકૃત્વકલા–આત્મશ્રદ્ધા ને ધીરજ ત્રણે આપ્યાં હતાં—પેરીકલીસમાં જે લોકોત્તર ગૌરવ હતું તે પણ આનાગોરસનો વારસો હતો. એનો એક કિસ્સો છે:

રાજકાજની ધમાલમાં વચ્ચે પેરીકલીસ આનાગોરસને મળવાનું ભૂલી ગયો હતો. આનાગોરસને મિલકત નહોતી—એ તો ફકરનો રહીશ હતો—એટલે એને નિશ્ચિત આવક નહોતી. એક દિવસે પેરીકલીસને કોઈકે ખબર આપ્યા કે "આનાગોરસ માથે કંઈક ઓઢીને સૂઈ ગયો છે." ગ્રીસમાં માણસને ભૂખે મરવાની વેળા આવે ત્યારે માથે ઓઢીને સૂઈ જાય.

પેરીકલીસ દોડતો જઈને પગે પડયો—અઠવાડિયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપવાસી આનાગોરસે માત્ર એટલું જ કહ્યું કે "પેરીકલીસ જેમને દીવાનો ખપ હોય તેણે અવારનવાર દીવેલ પૂરવું જોઈએ."

આ આનાગોરસને મોતની સજા થાય તે કાયદા પ્રમાણે સાવ શક્ય હતું. પેરીકલીસે એને જાતે જઈને વિનવ્યો—ને પોતાને ખાતર એથેન્સ છોડી જવાની આજીજી કરી. આનાગોરસ પોતાને વતન ચાલ્યો ગયો. એથેન્સ હજુ જ્ઞાન માટે લાયક નહોતું થયું.

વિરોધીઓને આથી તો વધારે શૂર ચડયું. એમણે પેરીકલીસના પડખામાં જ આ વખતે ઘા મારવાનું નક્કી કર્યું. ને તે એસ્પેશીઆ પર મુકદ્દમો ચલાવવાનું.

એસ્પેશીઆ પેરીકલીસની પ્રેરણામૂર્તિ હતી. પ્લેટોની માનીએ તો સોક્રેટીસ, આનાગોરસ, ફીડીયાસની, પણ. એથેન્સમાં સ્ત્રીઓનું બહુ સન્માન ન હતું. ઢોર-બેડા ને સ્ત્રી ત્રણે માટે એક જ શબ્દ એ લોકો વાપરતા. સ્ત્રીઓનું કામ ઘર સંભાળવાનું, ગુલામો પાસેથી કામ લેવાનું, ને છોકરાં ઉછેરવાનું હતું. શિક્ષણ-સંસ્કારિતા-સમૂહજીવન એમને માટે ન હતાં. એ સ્થિતિમાં પુરુષોનેય આંજે તેવી વિવાદકુશલ, રૂપવતી, અભ્યાસી, છતાં સંકોચહીન એવી રહસ્યમય એસ્પેશીઆ એથેન્સના નગરજનોને આકર્ષે તેમાં નવાઈ નથી. એથેનીયનોએ પોતાની સ્ત્રીઓને ઘરકૂકડી બનાવી તેની જ જાણે ઠેકડી કરતી હોય તેવું એસ્પેશીઆનું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. એસ્પેશીયા–મેલેટસની વતની હતી, એ બેટની સુંદર છોકરીઓને એ પોતાને ત્યાં રાખતી, કેળવતી ને આ વ્યાપારીસમૃદ્ધિથી છલકાતા એથેન્સમાં એક જાતનું ગણિકા-ઘર ચલાવતી; એનું જ્ઞાન વિવિધ, ઊંડું ને સારગ્રાહી હતું. સોક્રેટીસ જેવો તત્વાન્વેષી એની સાથે બેસતો ઊઠતો,–પેરીકલીસે એને જોઈ ત્યારથી જ મુગ્ધ બનેલો–એસ્પેશી-આએ પણ એમાં પડેલ સૌંદર્યશોધક આત્માને જોયો હતો; ને એ કોઈપણ વિધિ વિના એની સ્ત્રી થઈ હતી. આમ વિધિસર તો સ્ત્રી એ થઈ શકે તેમ નહતું. કારણ કે એથે-ન્સીયન જો એના નાગરિક અધિકારો જતા કરે તો જ એથેન્સ બહારની કન્યાને પરણી શકે. પણ વગર પરણે પણ એ પેરીકલીસની સ્ત્રી હતી તેમ એથેન્સમાં સૌ કોઈ જાણતું. એસ્પેશીયા માટેનો પેરીકલીસનો અનુરાગ ઘરઘરની વાત હતી. એસ્પેશીયા એના મશહૂર વ્યાખ્યાનો સુધારી આપતી એમ પણ કહેવાયું છે. ગમે તેમ હો–પેરીકલીસને એસ્પેશીયા એટલાં અવિભકત હતાં કે એકનો ઘા બીજા પર વગર તાકયે પણ પડે જ.

આટલાં વર્ષો પછી એસ્પેશીયા પર આરોપ મૂકાણો ને તે નાસ્તિકતા ને બીજાના ચારિત્રને બગાડવાનો, એથેન્સમાં ગમે તેટલું ભૂલભરેલું છતાં કેવું મુકત ને નિર્ભય પ્રજાતંત્ર હશે તેની આ સાબીતી છે. પેરીકલીસ–એથેન્સનો ભાગ્ય-વિધાતા હતો. કુલકુલાં હતો–એણે અદાલતમાં હાજર થવું પડયું. એસ્પેશીયાને કશું યે થાય તે કલ્પના જ એને અસહ્ય હ. તીપોતાની સમગ્ર શક્તિ આ બચાવમાં એણે ખરચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને છેલ્લે છેલ્લે એ રડી પડયો. પ્રજાતંત્ર એના સ્થાપનાર-ને જ રડાવતું હતું તેવી વિધિની વિચિત્રતા હતી. લોકોએ એસ્પેશીયાને નિર્દોષ ઠરાવી—પણ તે તો પેરીક્લીસને ખાતર.

પેરીક્લીસે પણ આ બધું જોઈ ને નક્કી કર્યું કે આમ નહિ ચાલે. કાં તો વિરોધીઓ એથેન્સ પર રાજ કરે ને કાં પોતે. એ જ ઉપાય હતો; એણે જ લોકોની પાસે ઓસ્ટ્રીસીઝમ—દેશવટા માટેનો મત માગ્યો. વિરોધીઓએ એમાં સંમતિ આપી. પેરીક્લીસ કે ઉમરાવો કોણ નગરત્યાગ કરી જાય? લોકોએ ચુકાદો આપ્યો ઉમરાવો; લોકોએ હજુ વિવેક ગુમાવ્યો નહોતો.

ઉમરાવો દેશવટે ચાલી નીકળ્યા. પેરીકલીક સેધલી નિરાંતે શ્વાસ લીધો. પણ ઘડીક જ. કારણકે જે નજર નીચે હતા—મર્યાદામાં હતા તે છૂટા થઇ—સંઘના વિવિધ શહેરોમાં વહેંચાઈ ને સ્પાર્ટાની મદદથી ઉઘાડા વિગ્રહની તૈયારી કરવા માંડયા. સત્તા ને સરસ્વતીનું મિલન એમને મંજુર નહોતું. એમને તો સત્તા ને શિસ્તનું જ મિલન જોતું હતું.

પેલો પ્લેટીયાનો વિગ્રહ શરૂ થયો. જેને રસવેત્તા રસ્કિને "ગ્રીસનો આત્મઘાત" એ નામ આપ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામદક્ષિણામૂર્તિનાં પ્રકાશનો

૧ કેળવણીની પગદંડી	નાનાભાઈ ભટ્ટ	૩-૮-૦
૨ દીપનિર્વાણ	દર્શક	૩-૪-૦
૩ બે વિચારધારા	,,	૨-૧૨-૦
૪ ઇતિહાસ-કથાઓ : રોમ	,,	૧-૮-૦
૫ નાનસેન	મૂળશંકર ભટ્ટ	૧-૪-૦
૬ અંધારના સીમાડા	,,	૧-૮-૦
૭ ગગનરાજ	,,	(છપાય છે)
૮ દૃષ્ટાંત-કથાઓ	નાનાભાઈ ભટ્ટ	૧-૦-૦

ગામડાંના અને રાષ્ટ્રના પુનરુત્થાનના પ્રશ્નોની
કેળવણીની દૃષ્ટિએ ચર્ચા કરતું માસિક

કોડિયું

તંત્રી: નાનાભાઈ ભટ્ટ

વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ચાર : પરદેશમાં રૂ. પાંચ

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બિલ્ડિંગ · ૪૦૫ કાલબાદેવી · મુંબઈ-૨
ફરનાન્ડિઝ પુલ નીચે · ગાંધી રસ્તો · અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar